# વર્ષની વિદાય વેળાએ—

આ અંકે 'કલ્યાણ' માસિક શરૂ થયાને એક દશકો પુરો થાય છે. હવે પછીનો અંક એ અગ્યારમા વર્ષનો પહેલો અંક હશે.

'કલ્યાણ' માસિક દશ વર્ષથી એકધારૂં ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનો સત્સંદેશ પાઠવતું રહ્યું છે, અને પાઠવશે. એજ એક શુભનિષ્ઠાથી ચાલ્યું છે અને ચાલવાતું છે.

સંપાદનકાર્યમાં એક સરખી નીતિ-રીતિ રાખી છે અને એથી સૌ કોઈનો એક સરખો સહકાર સાંપડયો છે. સહકારના બળે 'કલ્યાણ' માસિક દિન-પ્રતિદિન વધુ પ્રગતિ સાધી રહ્યું છે.

પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરો, લેખકો, શુભેચ્છકો અને આપ્તમંડળના સભ્યોની મમતાભરી લાગણીથી જૈન સામયિકોમાં 'કલ્યાણ' માસિક મોખરે છે. એ માટે સૌ કોઈનો અંતરના સદ્‌ભાવથી આભાર માનીએ છીએ.

આજે 'કલ્યાણ' ૨૦૦૦ નકલે પહોંચ્યું છે, પણ હજુ હજારોની સંખ્યામાં ગ્રાહકો અને સભ્યો નોંધાય અને 'કલ્યાણ' શહેરે-શહેરે, ગામડે-ગામડે અને ઘરે-ઘરે વંચાતું થાય એ જોવા માટે અમે વધુ ઉત્સુક છીએ, એ માટે દરેકના વધુ સહકારની અપેક્ષા રાખીએ છીએ.

પાંચ રૂા. ના વાર્ષિક લવાજમમાં દર વર્ષે પાનાઓનું વાંચન વધારતા ગયા છીએ. ગયા વર્ષે ૬૨૫ પાનાનું વાંચન અપાયું હતું ત્યારે આ વર્ષે ૭૨૫ પાનાનું વાંચન અપાયું છે. નવા વર્ષમાં એજ વાર્ષિક લવાજમમાં એથીયે વધુ પાના આપવાની અમારી ઉમેદ છે. ધીમે ધીમે વર્ષે ૧૦૦૦ પાનાનું વાંચન અપાશે.

શંકા-સમાધાન, બાલજગત, મધપૂડો, જ્ઞાનગોચરી, રાષ્ટ્રવાણી વિવિધ કથા-વાર્તા, લેખો અને ટૂંકા માસિક સમાચારો વગેરે રસપ્રદ સામગ્રી આપવાની કાળજી રાખતા આવ્યા છીએ અને એથી હજારોની સંખ્યામાં વાંચકોના હાથમાં 'કલ્યાણ' ફરતું રહ્યું છે. પ્રગટ થવાની ૧૫ મી તારીખની વાંચકો રાહ જુએ છે.

માર્ચની ૧૫ મી તારીખે 'કલ્યાણ' માસિક નવા [ અગ્યારમા ] વર્ષમાં પદાર્પણ કરે છે એથી ચાલુ અંક કરતા આ અંક દળદાર અને વિવિધ સામગ્રીથી ભરપૂર બહાર પાડવાનો હોઈ તા૦ ૨૫-૨-૫૪ સુધીમાં જે લખાણો અમને પ્રાપ્ત થયાં હશે એ જ લખાણો આગામી અંકે પ્રગટ થઇ શકશે. જેમ બને તેમ વહેલાસર લખાણો મોકલી આપવા નમ્ર વિનંતિ કરીએ છીએ.

ઉગતા નવા લેખકોને આ વર્ષે 'કલ્યાણ'માં સારૂં એવું સ્થાન અપાયું છે. લેખક બંધુઓએ ખૂબ જ કાળજીપૂર્વક કાગળની એક જ બાજુએ સારા

737

અક્ષરથી લખાણો લખી મોકલવાં જરૂરી છે. લખાણો જલ્દિ પ્રગટ થાય એ માટે ઉગતા નવા લેખકો ઘણા ઉત્સુક હોય છે પણ ઘણી વખત લખાણો કેવળ ઉતારા રૂપે કે વિશેષ સુધારો-વધારો માંગતાં હોય છે એથી નિરૂપાયે ટોપલીને હવાલે કરવાં પડે છે, પણ એથી નવા લેખકોએ નિરુત્સાહી કે નાસીપાસ ન થવું જોઇએ પણ પ્રયાસ-પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

5659

વાર્ષિક લવાજમ રૂા. પાંચમાં વર્ષે ૭૨૫-૭૫૦ પાનાં અપાય છે એટલે ગ્રાહકોને ભેટ પુસ્તક આપવાનો નિયમ રાખ્યો નથી. નહિ રાખવાનું કારણ 'કલ્યાણ'ની એટલી આર્થિક સદ્ધરતા નથી. ૨૦૦૦ ગ્રાહક અને સભ્યોને ભેટ પુસ્તક આપવા માટે કોઇ ઉદાર શ્રીમંત મહાશય સારી એવી રકમ સહકારરૂપે આપે તોજ ભેટ પુસ્તક આપવાનું શકય બને.

હાલ તો જેઓ આપ્તમંડળના સભ્ય બને છે, તેઓને ભેટ પુસ્તક આપવાની વ્યવસ્થા કરીએ છીએ. જેઓ ઓછામાં ઓછા બે વર્ષના રૂા. ૧૧, ભરે તેજ સભ્ય બની શકે છે અને તેઓને જ ભેટ પુસ્તક આપવાનો નિયમ છે.

નવા વર્ષમાં '**દીવાદાંડી યાને મહાવિભૂતિઓ**' એ નામનું પુસ્તક સભ્યોને **પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજશ્રી**ની શુભપ્રેરણાથી મદ્રાસ જૈન સંઘના જ્ઞાનખાતા તરફથી ભેટ અપાશે. આથી પૂ મહારાજશ્રી તથા જૈન સંઘના ઋણી છીએ.

જેઓ ફાગણ મહિના સુધીમાં આપ્તમંડળના સભ્યો બનશે તેઓને જ ભેટ પુસ્તક મળશે. પાછળથી સભ્ય થયેલાઓને નવું પુસ્તક બહાર પડે મળશે.

રૂા. ૨૦૧) આપનાર સંરક્ષક આજીવન સભ્ય.

રૂા. ૧૦૧) આપનાર સહાયક આજીવન સભ્ય.

રૂા. ૫૧) આપનાર દશવર્ષીય શુભેચ્છક સભ્ય.

રૂા. ૨૫) આપનાર પંચવર્ષીય શુભેચ્છક સભ્ય.

રૂા. ૧૧) આપનાર દ્વિવર્ષીય શુભેચ્છક સભ્ય.

ઉપરની યોજના મુજબ જેઓ સભ્ય થયા હોય છે, તેઓને જ ભેટ પુસ્તક આપવાની મર્યાદા રાખી છે, માટે જેઓ વહેલાસર સભ્ય બનશે તેઓને ભેટ પુસ્તકનો લાભ મળશે.

ચાલુ વર્ષમાં ધંધાની જાxખ આપી અમને જેઓએ સહકાર આપ્યો છે, એમના પણ અમે આભારી છીએ. નવા વર્ષમાં વધુ સહકારની આશા રાખીયે છીએ.

ઘણાઓના સહકારથી પ્રગતિ કરી છે, એથી આ તકે બધાનો આભાર માનીએ છીએ. અમારી મનોભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે નવા વર્ષમાં પણ સૌ કોઇ એક સરખો સહકાર આપશે. એવી અપેક્ષા રાખીએ છીએ.

શાસનદેવ અમારા શુભકાર્યના પ્રયાસમાં વિશેષ બળ, શક્તિ અને સામર્થ્ય સમર્પે એજ એક છેલ્લી અભ્યર્થના-

સોમચંદ શાહ

# શ્રી ઝગડીઆતીર્થ અને પ્રહ્‌લાદજી મીસ્ત્રીની વાણી

**—: શ્રી સાંભળનાર :—**

[ ગતાંકથી ચાલુ ]

કોઈ પણ શિલ્પ કે સ્થાપત્યનું કામ કરવું હોય તો સોમપુરા સલાટો પાસે જ કરાવાય. વિશ્વકર્માના તો એ વારસદારો ગણાય. શિલ્પશાસ્ત્રના તો એ ખાસ અભ્યાસી. શિલ્પનાં દરેક ગણિત એના શ્લોક સાથે એમના મોઢે જ હોય. શિલ્પશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ એમનાથી કાંઈ થાય જ નહીં—એ કરે જ નહીં. શિલ્પના કોઈપણ કામ બાબત એમની હરિફાઈમાં કોઇ ઊતરી શકે જ નહીં. શિલ્પશાસ્ત્રની સાથે જ્યોતિષ્ અને શુકનશાસ્ત્રના પણ જાણકારો હોવાથી દરેક બાંધકામ આર્યપદ્ધતિસર એમના હાથે થાય. રાજ-પ્રાસાદો, દરેક ધર્મનાં દેવમંદિરો, ઉચ્ચકક્ષાનાં અન્ય સ્થાપત્યો એમના હાથે જ બંધાયાં છે અને બંધાય છે. શિવધર્મના ખાસ અનુયાયી અને માતાના ઉપાસક હોવા છતાં દરેક ધર્મના બાંધકામ તે તે ધર્મના નિયમ અને શાસ્ત્રવિધિ મુજબ અખિલ હિન્દમાં તેઓ કરે છે. વિદ્વાનોનો મત છે કે:-ભારતીય સંસ્કૃતિ મુજબની શિલ્પકળા આ સોમપુરા સલાટોના હાથોમાં જ સચવાઈ રહી છે અને તેના રક્ષણમાં સોમપુરા સલાટોના હથોડા ટાંકણાને પ્રોત્સાહન આપવામાં જૈન કોમનો ફાલો ઘણો જ મોટો છે.

ગુજરાતમાં એમની વસ્તીનું પ્રમાણ વીસનગર તથા વડનગરમાં વધારે છે. શ્રી ઝગડીઆના દહેરાસરજી માટે વીસનગરથી મીસ્ત્રી પ્રહલાદજીને શ્રી અનુપચંદ શેઠે ભરૂચ બોલાવ્યા. ભરૂચ શ્રી સંઘના પ્રથમ કરેલા નિર્ણય મુજબ સાતથી આઠ હજાર રૂપીયામાં સંપૂર્ણ તૈયાર થઈ જાય તેવો પ્લાન મીસ્ત્રીએ તૈયાર કરી આપ્યો. શેઠશ્રી દીપચંદભાઈ અને મીસ્ત્રી પ્રહલાદજી જગ્યાનું નિરીક્ષણ કરી પાયા ખોદાવવા માટે લાઈનદોરી બતાવવા માટે ઝગડીઆ આવ્યા. જે જગ્યાએ પ્રથમ દહેરાસર હતું તેજ જગ્યા અનુકૂલતાવાળી લાગવાથી ત્યાંજ ગરાડા ( પાયા ) ખોદવા નક્કી થયું. લાઇનદોરીયોની ખીલીઓ ઠોકી ખાતમુહૂર્તથી ચાર દીવસ પહેલા પોતાના કારીગરો લઈને આવવાનું કહી મીસ્ત્રી પોતાના ઘેર જવા સ્ટેશન ભણી વિદાય થયા. કામકાજની બરાબર સોંપણી કરીને શ્રી દીપચંદશેઠ પણ અંગારેશ્વર જવા ઊપડયા.

*　　*　　*

વિક્રમ સંવત ૧૯૫૪ ના વૈશાખ સુદ ૬ નું મંગળમય પ્રભાત હતું. આજે દહેરાસરનું ખાતમુહૂર્ત હોવાથી આજુબાજુના ગામોમાંથી શ્રાવક ભાઈઓની સારી સંખ્યા આવેલી હતી. મીસ્ત્રી પ્રહલાદજી પોતાના કારીગરો સાથે પહેલેથી આવેલા હોઈ તેમના માટે જ બાંધેલી એક કામચલાઊ ઓરડીમાં તેમનો ઉતારો હતો. દહેરાસર જૈન સંઘને સોંપાયાની વાત જેમ જેમ બહારગામમાં જાણવા મલતી હતી તેમ તેમ યાત્રાળુઓની અવર-જવર ટ્રેનની સગવડને લીધે ફરી ચાલુ થઇ હોવાથી તેમની ઉતરવાની વ્યવસ્થા માટે એક અટારી ફરી તૈયાર કરાવી દીધેલ હતી. તે આજે યાત્રાળુઓના ભરાવાથી શોભી રહી હતી. પૂજારી થોડા વર્ષ ઉપર રાખેલ નવો માણસ હતો. તેનો ઉમંગ આજે માતો ન હતો. હવે તો તેનો પગાર માસિક રૂપીઆ દસ અપાતો હતો. જે તે ટાઇમે મલતી દસથી બાર આને મણ જુંવાર જેવા સોંઘવારીના ટાઇમમાં ઘણો જ સારો ગણાતો હતો. પૂજા-સેવાના કામ સિવાય યાત્રાળુઓની દેખરેખ પણ તેજ રાખતો અને તેમની સગવડ તેજ સાચવતો. પોતાનાથી વધુ ભણેલા માણસોને રાજમાં તે વખતે માસિક સાત રૂપીયાના પગારથી મળતી પ્રાથમિક શિક્ષકની નોકરી માટે ફાંફા મારતા જોતો ત્યારે તે પોતાની સ્વતંત્ર અને પ્રભુભક્તિ જેવી સર્વિસ માટે ગર્વ લેતો. પ્રક્ષાલ પૂજા વિગેરેની ઘીની બોલીના આદેશ અપાયા તે મુજબ ક્રિયા થઈ ગઇ. બધા શ્રાવકભાઇઓ નાહીધોઇ સેવા-પૂજા કરી સામુદાયિક સ્નાત્રમાં જોડાયા. સ્નાત્રપૂજા પૂરી થયે આમવર્ગ સાથે બધા ખાતમુહૂર્તની જગ્યાએ ગોઠવાઈ ગયા.

સંયમી, સંતોષી, સુશીલ, બારવ્રતધારી સંપૂર્ણ

સાંગોપાંગવાલા અને ચાર માતા–પિતા હયાત છે જેના એવા એક શ્રાવકભાઈ પાસે શિલાસ્થાપન કરાવવાનું નક્કી થયું હતું. તે મુજબ તે ભાઈ પાસે પવિત્ર સુંદર અને અનુકૂલ વાતાવરણ વચ્ચે વિધિપૂર્વક મંગલમય શ્લોકોના ઉચ્ચાર અને ઉપસ્થિત જનતાના મોઢે શ્રી આદીશ્વર ભગવાનના ગગનભેદી જયનાદ સાથે શિલાસ્થાપન કરાવવામાં આવ્યું.

વિધિ પૂર્ણ થયે શ્રી પ્રહલાદજી મીસ્ત્રીએ શ્રી દીપચંદશેઠને (બધા સમુદાય વચ્ચે) કહ્યું:–આ મુહૂર્તનો યોગ દહેરાસરના ખોદેલા પાયામાંથી નીકળેલી માટીની સુવાસ, અત્યારનું વાતાવરણ તથા મારા ચાલતા જમણા સ્વરની નાડી અને આ ભાઇના (શીલાસ્થાપન કરનાર) મોઢાની રેખાઓ જોતાં અત્યારસુધીના મારા અનુભવ ઉપરથી કહું છું કે:–**આ જગ્યા ઉપર રૂપીયા એક લાખ...નહિં તેથી પણ વધુ... સવા લાખ ખર્ચાશે.** શ્રી દીપચંદશેઠથી હસી જવાયું. સાત હજાર એકઠા કરવા છે, તેમાં ભરૂચ, વડોદરા, મીયાગામ, સીનોર વિગેરે ગામોના ભાઇઓ પાસેથી ત્રણેક હજાર આવ્યા છે, પ્રથમ થયેલી પ્રતિષ્ઠા વખતની ઉપજના બાકી હતા તેમાંથી હજારેક આવ્યા છે, એમ આસરે ચાર હજાર આવતાં હજુ ત્રણ હજાર એકઠા કરવાના છે, ત્યાં આ મીસ્ત્રીના શબ્દો શું મસ્કરીરૂપ નથી? શ્રી દીપચંદશેઠને સ્વાભાવિક તે વખતે એમ લાગ્યું, જ્યાં કાયમી વસવાટવાળું શ્રાવકનું એક પણ ઘર નથી, એવી ભીલલોકોની વસ્તીમાં આ વાત કેમ સંભવે? અસંભવ!

હમણાં ત્રણ-ચાર વરસથી વાધરી માંગરોળ ગામનો એક વ્યાપારી અવર–નવર જુવારના ગાડા ભરી ઝગડીઆ ગામે વેચવા માટે આવે. ફક્ત જુવારનો જ વેપાર કરે, વિચિત્ર સ્વભાવ તથા વિચિત્ર પ્રકૃતિને લીધે લોકો તેને ધુની કહે, કોઈ અર્ધ ગાંડા જેવો ગણે! ધંધામાં તો એવો પાવરધો કે ભાવમાં–તોલમાં કોઈ એને છેતરી શકે નહીં. એની પાસેથી ધંધામાં કસ કાઢવો એટલે વખતની બરબાદી જ ગણાય. છતાં દરેક વખતે ચાલુ ભાવથી પણ આનો અડધો આનો દરમણે ઓછો લઈ નહીં ધીરવા જેવી વ્યક્તિઓને મણ–મણ, અડધો–અડધો મણ જુવાર ઉધાર આપી દે. વ્યાપારીઓ બધી જુવાર પોતાને તોળી આપવા માટે આગ્રહ કરે છતાં 'એમને આપવી જ પડશે' છુટકો નથી. 'ઓળખીતા છે' વિગેરે કહી વ્યાપારીઓને બધી નહીં આપતા થોડી એવી રીતે ધીરી દે. વ્યાપારીઓ પાસેથી નાણા રોકડા લેવાય ત્યારે આવા પરચુરણીયા ગ્રાહકોને ઓછે ભાવે અને ઉધારે એની પાસેથી મલે. આવા માણસને ધુની અર્ધગાંડો ન કહે તો કહે પણ શું? ધર્મ ઉપર તો એને એટલો પ્રેમ કે ઝગડીઆ આવતાની સાથે પહેલા નાહીધોઇ પ્રભુપૂજા કરે. એક–બે નહી પાંચ–પાંચ સ્તવન બોલે. માલા ઉપર માલા ગણે. ધ્યાનમાં બેસી કેટલોએ ટાઇમ પસાર કરી નાખે. શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા આગળથી ઉઠવાનું એને મન જ ન થાય. ઉઠે ત્યારે નહિં ઉઠવાની ઈચ્છાથી ઉઠવુ પડતું હોય તેમ ઉઠે. આવો એ ધુની. સ્વભાવે હાજરજવાબી, તીક્ષ્ણ બુદ્ધિવાલો, કડક બોલો, શારીરિક શક્તિમાં ઘણો મજબૂત, બે હથેલીઓની વચમાં દાબીને નાળીયેર ભાંગી નાખે, આખી કાચી સોપારી મોઢામાં નાખી દાંતવતી તોડીને ચાવી જાય. પાંચમણીયા વજનની ગુણોના ચાર–પાંચ ભરેલા ગાડા વખારમાં ખાલી કરવા અથવા વખારમાંથી ભરી આપવા એને મન રમત હતી, સાચાબોલો એટલો કે એના મોઢામાંથી નીકલેલો ભાવ બ્રહ્મવાકયની જેમ ગણાય. એમાં ફેર પડે જ નહી. આવા સદ્દગુણોથી એને કોઇ કાંઈ કહી શકે નહીં. એ પણ કામ વગરનું કોઈ સાથે વધારે બોલે નહીં. ઝગડીઆ ગામની નાની–મોટી એકે એક વ્યક્તિ એને સારી રીતે ઓળખે. સમજુ અને શાણા માણસો એને 'ગરીબોનો બેલી' ગણે.

જમી પરવારી ચોકમાં પાથરેલા પાથરણા ઉપર શ્રાવક ભાઈઓ બેઠા હતા. શ્રી દીપચંદશેઠ અને મીસ્ત્રી પ્રહલાદજી વચ્ચે કાંઈક વાતચીત ચાલતી હતી. ત્યાં આ અજબ વ્યક્તિત્વવાલો ધુની માણસ આવ્યો. બધાંની સાથે બેઠો. મીસ્ત્રી! સવા લાખ ખરચવાની તમોએ વાત તો કરી. પણ મારા જેવા ત્રણ માણસ પણ ઉભા ન રહી શકે તેવો ગભારો અને પૂરા આઠ માણસ પણ સાથે ચૈત્યવંદન કરવા નહિ બેસી શકે તેવો મંડપ! આ તમારો પ્લાન બરાબર છે?

આ ભાઈના મોઢાની રેખાઓ જોઇ એની પ્રતિભાથી આકર્ષાતા પ્રહલાદજી મીસ્ત્રી બોલ્યા:–શેઠ આવું પૂછનાર તમો મોડા મલ્યા! સાત હજારમાં જ તૈયાર

થાય તેવું અને તે વખતના વાતાવરણ મુજબ પ્લાન ઘડયો હતો, અને બધાને તે મંજુર પણ હતો. પાયા પણ તે મુજબ ખોદાયા હતા. આજે બોલાયેલા શબ્દો અત્યારનું આજનું વાતાવરણ અને ખાતમુહૂર્તની સુસંગતતા ઉપરથી બોલાયા છે. ભવિષ્યમાં આ પ્લાન નાનો જ પડવાનો છે. અને તેથી ખામીવાલો જ લાગવાનો છે.

ધુનીશેઠ બોલ્યા:-હજુ કાંઇ બગડયું નથી ફેરફાર થઇ શકે છે, પછી વધુ ખરચ થઈ ગયે કાંઇ થવાનું નથી.

મીસ્ત્રી બોલ્યા:-હવે એમાં કાંઈ ફેરફાર કરવાનો નથી. જે મુહૂર્તે શીલા સ્થાપન થઇ છે, પાયા પૂરવાની શરૂઆત કરવામાં આવી છે, એ મુહૂર્ત જ એવું છે કે:-આ સ્થલની સાથે સાથે આ ગામની પણ ઉન્નતિ થયા જ કરશે. એમાં ફેરફાર કરવું વ્યાજબી નથી. જગ્યાની સંકડાસ એના ભવિષ્યમાં થનાર આગલ-પાછલના કામોમાં દબાઈ જશે. ભવિષ્યની ઉન્નતિવાલા થયેલા આવા મુહૂર્ત તરફ જોતા આ સંકડાશ વેઠી લેવામાં વાંધો પણ નથી. મારી આપને (શ્રી દીપચંદ-શેઠ તરફ જોઇને) સલાહ છે કે, ભવિષ્યમાં કોઇ ગમે તે કહે, સલાહ આપે બહાર આજુબાજુ આગળ-પાછળ ગમે તે કરજો, પણ આ પાયાઓને બિલ્કુલ હલાવશો નહીં. ગર્ભાગાર અને મંડપ આજ રહેવા દેજો. અંદર અને બહાર કામ કરવામાં વાંધો નથી.

શ્રી દીપચંદશેઠ બોલ્યા:-મીસ્ત્રી તમે છો, કામ તમારે જ કરવાનું છે, તમોને પૂછ્યા વગર બીજાની સલાહ માનવાની હમારે શી જરૂર? તમારા ઉપરના સંપૂર્ણ વિશ્વાસને લઇને તો શ્રી અનુપચંદશેઠે તમને કામ સોંપ્યું છે.

મીસ્ત્રી બોલ્યા:-તમારી વાત સાચી. પણ મારી પોતાની જન્મકુંડલીના યોગ એવા છે કે, આ કામ મારા હાથે પુરૂં થાય તેમ લાગતું નથી. પ્રતિષ્ઠા સુધી મારી હયાતી કદાચ ન પણ હોય? અને હવે ઉંમર પણ થઇ જ ને? આ જીવનનો ભરોસો શો?

શ્રી દીપચંદશેઠ બોલ્યા:-મીસ્ત્રીઆવું શું બોલો છો?

મીસ્ત્રી બોલ્યા:- થવાનું હોય તે થયા જ કરે છે, એ તો શંકા છે તે બતાવી, સાચી પડે ય ખરી અને નહિ પણ પડે!

કડક અને સાચાબોલા ધુની શેઠ વચમાં બોલી ઉઠયા:- પ્રભુ કરે તમારી શંકા ખરી નહિ પડે. શંકા એ સદા શંકા જ રહે. પણ માનો કે ખરી પડી તો અહિંના ભવિષ્યનું શું?

મીસ્ત્રી બોલ્યા:- કામ કાંઈ અટકવાનું નથી, બગડે નહીં તેજ જોવાનું છે, આ રામચંદ્ર (તે વખતે સલાટ તરીકે કામ કરતા તેમના જમાઇને બતાવી) હોંશીયાર છે, તેને મારા પછી મીસ્ત્રી તરીકે રાખજો, સાધારણ જાણકાર છે, કામ બગડશે નહીં, તેમ બગડવા પણ નહીં દે. આ તો ધર્મના કામ છે. બહારના રૂપ રંગ અને આડંબર કરતા આપણે તો આપણા શિલ્પ-ગણિત અને મુહૂર્ત જાળવવા જોઇએ, કોઇ જાતનો વેધ આવવો જોઇએ નહીં એટલે આર્યત્ત્વ જળવાય, ધર્મની વિધિ જળવાય. આપણે જોઇએ છીએ કે કેટલાએ મંદિરોને જોતાં ભકિત-ભાવ ઉત્પન્ન થાય છે તે તેવાજ બીજા મંદિરોને જોતાં થતાં નથી એ તો આપ પણ જાણો છો ને? કારીગરી અને દેખાવ તો નાણાં ખર્ચ કરવા ઉપર આધાર રાખે છે. એ પણ જો આપણીજ રીતિએ થાય તો પવિત્રતા અને શાસ્ત્રની રીતિ જળવાય. ધર્મભાવના તેથી વધુ ખીલે.

ધુની શેઠ બોલ્યા:- ગભારો અને મંડપ રાખી આગળ પાછળ કરવા જેવા વધુ કામનો પ્લાન નકશામાં નહીં વધારી આપો?

મીસ્ત્રી બોલ્યા:-જરૂર વધારી આપીશું અને ચાલતા કામમાં રામચન્દ્રને પણ બધી સમજણ પાડી આપીશું. પણ એ તો ભવિષ્યની વાત છે, ભવિષ્યમાં કદાચ કામ લાગશે.

ધુની શેઠ બોલ્યા:-ભલે, ભવિષ્યમાં કામ લાગવાની વાત હોય પણ આપના જેવા વયોવૃદ્ધ અને અનુભવીના હાથની દોરેલી રેખાઓ ઉપર વિશ્વાસ વધુ બેસે ખરો ને?

શ્રી દીપચંદ શેઠને આ વાતો ઘણી જ વધારે પડતી લાગતી હતી. લોકો એમને ધુની માણસ કહે છે તે કાંઇ ખોટું તો નથી જ! પણ વ્યક્તિત્ત્વ અને વાત કરવાની રીત એવી કે શ્રી દીપચંદ શેઠ પણ તેમને



# ઈ ન્સા ની ય ત

**શ્રી 'અવિનાશ'**

(૧)

તલવારની અદાથી જલસપાટીને ચીરતી, પ્રબળ વેગથી સમુદ્રવારિને બાજુ પર હડસેલવા પ્રયત્ન કરતી, મોજાઓની સેનાને એકબીજા પર ધમસાણ મચાવવા પ્રેરતી 'મહાલક્ષ્મી' પોતાના નિત્યક્રમ મુજબ આધુનિક ભારતની કલ્પનાના સર્વોત્તમ બંદર કંડલાના કિનારે આવી પહોંચી ત્યારે મધ્યાહ્ન થવાને ઘણી વાર હતી. તો પણ ભાદરવાનો ભાનુ પોતાના આગ વેરતા કિરણોથી ધરતીને ધખાવી રહ્યો હતો. વરાળ કાઢતી પૃથ્વી જાણે સૂર્ય સામે ક્રોધથી ધુંવાપુંવા થઇ હોય તેવો ભાસ કરાવતી હતી. ઘડિયાળમાં અગીઆરનાં ટકોરા થયાં.

'મહાલક્ષ્મી' થોભી ન થોભી ત્યાં તો કાન ફોડી નાખે તેવો કોલાહલ શરૂ થઈ ગયો. પ્રવાસીઓને આગળ જવા માટે ત્યાંથી ટ્રેઈનમાં બેસવાનું હતું. ટ્રેઈન હજી યાર્ડમાં આવી ન હતી. ઉપડવાને પણ ખાસ્સી બે કલાકની વાર હતી, છતાં જનસમુહ સ્વભાવગત અધીરાઇને લીધે જલ્દી પ્લેટફોર્મ પર પહોંચી જવાને ઉત્સુક હતો. માત્ર આમાંથી એક દીપચંદભાઇ નિરાળા દિસી આવતાં હતાં. તે ધીમે પગલે 'મહાલક્ષ્મી'માંથી ઉતર્યા અને અપૂર્વ શાંતિથી આગળ ચાલવા લાગ્યા. પાછળથી આવતાં કોઈ કોઈ લોકો તેમને ધક્કો મારી આગળ ચાલતાં, અરે ના, દોડતાં; પણ દીપચંદભાઇની શાંતિનો કોઈ ભંગ કરી શકે તેમ ન્હોતું.

દીપચંદભાઈના ચહેરા પર ધર્મપરાયણતાની છાયા ચોકખી દેખાઈ આવતી. તેમને એકાસણાનું પચ્ચક્ખાણ હતું. તેમના પ્રવાસનું અંતિમ બિંદુ આધોઈ હતું. લાકડીઆ સુધી ટ્રેઇનમાં બેસીને મટુકીમાં જેમ ગોરસ વલોવાય તેમ વલોવાનું નિર્માણ થયું હતું. અને લાકડીઆથી આધોઈ સુધી ઉંટની કઢંગી પીઠ પર મુસાફરીની મજા માણવાની હતી! પચ્ચક્ખાણ ખરેખર કસોટી કરે તેવું હતું, પણ દીપચંદભાઇ નિશ્ચયમાં અડગ હતાં. તેમની આંખમાં શ્રદ્ધાનું તેજ ચમકી રહ્યું હતું.

કંડલાબંદરે ભોજનગૃહમાં તપાસ કરી પણ પત્તો લાગે તેમ ન્હોતું. થોડે છેટે દેવદૂત જેવી એક જીપકાર ખડી હતી. જીપગાડીમાં ડ્રાઈવર બેઠેલો હતો. તેના મુખ ઉપર નિશ્ચયીપણાની કડકાઇ અને માયાળુપણાની મૃદુતા અજબ મિશ્રણરૂપે તરવરી રહી હતી. દીપચંદભાઈ તેની નજીકમાં ગયા. તેમનો ચહેરો એવો નિખાલસતાભર્યો હતો કે તેમને જોતાં જ તેમના તરફ ખેંચાણ થાય.

"કેમ શેઠીયા, ક્યાં જવું?" સહજભાવે ડ્રાઈવરે પૂછ્યું.

"ભાઈ, જવું છે તો છેક આધોઈ સુધી" જવાબ મળ્યો.

"કાંઈ ખાધુ-પીધું કે નહિ શેઠીયા?" ક્ષુધા અને તૃષા ભાગ્યે જ ગોપવી શકાય છે.

"નારે ભાઈ, અમારે તો એક જ ટંક ખાવાનું અને પાણી પણ ઉકાળીને પીવાનું. એટલે સગવડ ક્યાંથી મળે?" દીપચંદભાઇએ ખુલાસો કર્યો.

---

બધાની વચ્ચે શું કહી શકે તેમ હતાં! ત્યાં ધુની શેઠ પોતે જ શ્રી દીપચંદ શેઠ તરફ જોઇને બોલ્યાઃ–હમારા ગામ વાધરી માંગરોળ પધારજો. ફુલ નહિ તો ફુલની પાંખડી ગામમાંથી ટીપમાં કરી આપીશું.

શ્રી દીપચંદ શેઠ માટે આ નવીન વાત હતી. ટીપ કરવા જવું પડતું, ટીપ થતી, રૂપીયા લાવતા, પણ મારા ગામે ટીપ કરવા આવજો, આવું આમંત્રણ તેમને આ પહેલ વહેલું જ મલ્યું હતું. એને મુહૂર્તના સારા શુકન સમજી શ્રી દીપચંદ શેઠે આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યુંઃ–થોડા દીવસમાં જ ટાઇમ મેળવી જરૂર આવીશ. હવે રૂપીઆ તો જોઈશે જ ને?

વધુ આવતા અંકેઃ—

"હેં, ત્યારે તો તમે વાણિયાનો ધરમ પાળતાં લાગો છો" ડ્રાઈવરે લોકભાષામાં પૂછ્યું. જવાબમાં દીપચંદભાઈએ માત્ર સ્મિત કર્યું.

"તમારૂં નામ?"

"દીપચંદ" જવાબ મળ્યો.

"તે તમને અહીંની લોજમાં તો શેનું જ ફાવે? પણ તમે ગાંધીગ્રામ પહોંચી જાવ તો ત્યાં બધી સગવડતા થશે" ડ્રાઈવરે માર્ગ સૂચવ્યો.

"પણ ગાંધીગ્રામ પહોંચવું શી રીતે? અહીંથી તો બે કલાક પછી ટ્રેઈન જાય" દીપચંદભાઇએ મુશ્કેલી દર્શાવી.

ડ્રાઈવર એ ક્ષણ વિચારમાં પડી ગયો. તેના હૃદયમાં આર્યત્વનો સંસ્કાર ઝબકી ઉઠયો. તેને થયું કે પોતે આ ધર્મી-પ્રવાસીને મદદ કરે તો? બાંધકામ ખાતાના બે આસીસ્ટન્ટ સાહેબોને લઈને આમેય અર્ધોકલાક પછી ગાંધીગ્રામ જવાનું હતું, ગાડીમાં જગ્યા હતી, તો શા માટે આ સજ્જનને સગવડ ન આપવી?

"દીપચંદભાઈ, થોડીવારમાં અમે નીકળશું. તમને ગાંધીગ્રામ મૂકી દઈશું. હમણા બેસો જીપકારમાં" ધર્મીને દદ કરવા તેનું હૃદય તલસી રહ્યું હતું.

( ૨ )

"રામસંગ! ગાડીમાં કોને બેસાડયા છે? ગાડીમાં જગ્યા નથી." એક યુવાન આસીસ્ટન્ટે આવીને પૂછ્યું. ડ્રાઈવરનું નામ રામસંગ હતું.

"કેમ સાહેબ, આપ બે જ જણ છો ને? આ ભાઈને લઈ જવામાં શું હરકત છે?

"અરે મૂર્ખ! બૈરા છોકરાં પણ સાથે આવવાનાં છે. જગ્યા કયાંથી રહેશે?" જરા કડક અવાજે આસીસ્ટન્ટે કહ્યું.

"પણ મને શી ખબર કે બધાં આવવાના હશે? પહેલાં તો બેનું જ કહ્યું હતું ને?" ડ્રાઇવરે ગૂંચવાતા પૂછ્યું.

"ખબરવાળી! હવે તો ખબર પડી ને? ઉતાર તેમને નીચે. મીસ્ટર! નીચે ઉતરી જાઓ" સત્તાવાહી અવાજ સંભળાયો.

રામસંગથી હવે સહન ન થયું. પોતાના અતિથિનું અપમાન તેના હૃદયમાં શૂળની જેમ ભોંકાયું. તેનું હૃદય બળવો પોકારી ઉઠયું. તેની આંખમાં લોહી ધસી આવ્યું.

"સાહેબ! ન જાણતાં હોય તો જાણી લ્યો કે, આ જીપગાડી તમારી અંગત મિલ્કત નથી. એ સરકારની માલિકીની છે, તમારા બૈરા-છોકરાંની સહેલગાહ માટે એનો ઉપયોગ નહિં કરી શકાય" તેણે સઘળી હિંમત એકઠી કરી કહ્યું. આસીસ્ટન્ટ આભો બની ગયો. તેને રામસંગ વિફરેલા વાઘ સરખો દેખાયો, તે જરા ઢીલો પડી ગયો. પણ તુરત જ તેને પોતાના હોદ્દાનું ભાન થયું. ચહેરા પર બને તેટલી કડકાઈ આણી કહ્યું.

"મવાલી! Shut up. એને નીચે ઉતારે છે કે નહિ? હું કહું છું કે એને નહિં લઈ જઈ શકાય."

"હું કહું છું કે, એમને લીધા વિના નહિં જઈ શકાય" રામસંગે નિડરતાથી પ્રતિઘોષ કર્યો.

દીપચંદભાઈ ફાટી આંખે જોઇ રહ્યો, તેમનું મુખ પહોળું બની ગયું. તેમણે જોયું કે એક બાજુ સાહેબની અહંતા હતી, બીજી બાજુ રામસંગનું સ્વમાન હતું. વાગ્યુદ્ધનું સ્થાન કદાચ બીજું જ યુદ્ધ લે અને નિરર્થક લોહી રેડાય એવી સંભાવના તેમણે જોઈ, બોલાચાલી એટલી ઉગ્રકક્ષાએ પહોંચી હતી કે આવું સ્હેજે શકય હતું.

"ભાઈ, નાહક ઝપાઝપી શા માટે કરો છો? મારે કાંઈ ઉતાવળ નથી. હું તો ટ્રેઇનમાં જઈશ" દીપચંદભાઈએ શાંતિથી કહ્યું.

પણ રામસંગ સ્વમાનભંગ સહન કરવાની સ્થિતિમાં ન હતો. તેણે મક્કમતાથી કહ્યું:-

"નહિં, દીપચંદભાઈ એ કેમ બને? એ જેમ સરકારનાં નોકર છે, તેમ હું પણ સરકારનો નોકર છું. એમનાં બૈરી છોકરાને લઇ જાય અને મારા અતિથિને લઈ જવાની ના?"

"પણ ભાઇ, એમાં શું થઇ ગયું? નકામું તમારે સહન કરવું પડશે" દીપચંદભાઈએ ભય તરફ આંગળી ચીંધી.

રામસંગને ગમે તેવો ભય પણ અત્યારે ડરાવી શકે તેમ ન હતું. તે ગમે તેવી મુશ્કેલીઓ સહી લેવા

તૈયાર હતો. તેના માનસમાં ખળભળાટ થઇ રહ્યો હતો. તે આવેગપૂર્વક બોલી ઉઠયો :

" અરે, નોકરી જાય તેની પરવા નહિં. મારૂં લીધેલું 'પણ' જાય એ બને જ કેમ ? એવા મામૂલી ડરથી તમને છોડી દઉં તો મારી ઇન્સાનીયત લાજે ! "

તેટલામાં બીજા આસીસ્ટન્ટ આવી પહોંચ્યા. તે પ્રૌઢ અને ઠરેલ હતા. તેમણે પરિસ્થીતિનો તાગ કાઢી લીધો. રામસંગ એકનો બે થાય તેમ ન્હોતો. તેમના અનુભવી મગજે ગમ ખાઈ જવાનું યોગ્ય ધાર્યું. તેમણે બીજા આસીસ્ટન્ટને ઠંડા પાડ્યા. દીપચંદભાઇને બેસાડી રાખ્યા, આસીસ્ટન્ટના બૈરી-છોકરાં પાછળ ટ્રેઈનમાં આવે તેમ ઠર્યું. જીપગાડી ઘરરર્ કરતી હરણફાળ ભરતી ઉપડી. દીપચંદભાઇ વિચારમાં ડૂબી ગયા. ડ્રાઈવરની હિંમતની તે મનમાં ને મનમાં પ્રશંસા કરવા લાગ્યા. અસંસ્કારી-અભદ્ર ગણાતી કોમના હૃદયના એક ખૂણામાં પણ ઇન્સાની-યતનું જવાહીર ઝળકે છે, તેનું આજે તેમને પ્રત્યક્ષ દર્શન થયું. વિચારમાં ને વિચારમાં કયારે ગાંધીગ્રામ આવી ગયું તેની પણ તેમને ખબર ન પડી.

( ૩ )

" ભાઇ રામસંગ, તારી હિંમતની પ્રશંસા કર્યા વગર નથી રહેવાતું " દીપચંદભાઇએ જીપગાડીમાંથી ઉતરતા કહ્યું. બે સાહેબો તો કયારનાય ઓફીસમાં ચાલ્યા ગયા હતા.

" અરે શેઠ, એ શું બોલ્યાં ? તમારા જેવા ધર્મીને સહાય કરવી એ તો પ્રભુની સેવા બરાબર છે " રામસંગે જવાબ આપ્યો. 'આ અભણ ગણાતા માણસનું તત્ત્વજ્ઞાન પણ કેવું નિર્મળ છે' તેમણે મનમાં કહ્યું.

" રામસંગ, તારી ઈન્સાનીયતનો બદલો વાળ-વાનું કહેવું એ તેનું અપમાન કર્યા જેવું છે. છતાં આ તુચ્છ રકમ તને ધરવાની ઇચ્છા રોકી શકતો નથી " દીપચંદભાઈએ પાંચ રૂપિયાની નોટ તેના પગ પાસે મૂકતાં કહ્યું રામસંગ ચમકી ઉઠયો.

" અરે, શેઠ મેં કાંઈ બદલાની ઈચ્છાથી કાંઈ થોડું કર્યું છે ? ભગવાને સૂઝાડયું તે મેં કર્યું. આપની એક પાઇ પણ મને ન ખપે " તેણે માનપૂર્વક નોટ પાછી આપતાં કહ્યું.

દીપચંદભાઇને લાગ્યું કે વધારે આગ્રહ કરવો એ વ્યર્થ હતું.

તેમનું હૃદય બોલી ઉઠયું. " ધન્ય ઇન્સાનીયત ! "

## સુખ અને દુ:ખનો આધાર કોણ ?

### અનુ૦ શ્રી શશિકાન્ત જેઠાલાલ વકીલ

ગઈ કાલનીજ વાત હતી. હું આખો દિવસ બેચેન રહ્યો. પરમ દિવસે રાત્રે બહુ મહેનતથી એક લેખ લખી ઓપ દઇ તૈયાર કર્યો હતો. કાગળની મોંઘવારીના લીધે એક બાજુ વપરાયેલા જુના કાગળ ઉપર જ લેખ લખેલ હતો લેખ સુંદર લખાયેલ હોવાથી મને સંતોષ થયેલ હતો અને એક માસિક કે જેના સહૃદય તંત્રીની વારેવારે ઉઘરાણીઓ આવી રહી હતી તેમને મોકલવાનું મેં નક્કી કરીને નિદ્રાદેવીનું શરણ લીધું હતું.

ગઇ કાલે સવારે ચા-પાણી પતાવીને તથા નાહી ધોઇને જ્યારે મેં લેખ મોકલવા માટે લેખની તપાસ કરી ત્યારે તો લેખનો પત્તો જ ન હતો. કદાચ કોઇ ચોપડી કે ફાઇલ નીચે મુકાઈ ગયો હશે તેવી આશંકાથી ટેબલ ઉપરની ચોપડીઓ તથા ફાઇલોને ઉથલ-પાથલ કરી નાખી, ટેબલનાં ખાનાં તપાસ્યાં, પણ લેખનો કાંઈ પત્તો જ ન હતો. ઘરનાં બધાંને પુછવા છતાં કોઇએ લેખ બાબતમાં પોતાની જાણકારી બતાવી નહી. હું

બહુ જ વ્યાકુળ થઇ ગયો. અને ઘણો ક્રોધ આવ્યો. પણ કોની ઉપર ગુસ્સો કરૂં !

બપોરે જ્યારે જમવા માટે હું રસોડામાં ગયો ત્યારે મને અચાનક જ તે લેખનાં દર્શન થયાં. અર્ધદગ્ધાવસ્થામાં. ક્રોધથી હું મારા મન ઉપરનો કાબુ ગુમાવી બેઠો અને નોકરને ધમકાવવા મંડી ગયો. નોકર તો બીચારો ગભરાઇ ગયો અને ગદ્દગદ્દ થઇને બોલ્યો-"સાહેબ, સવારે ચુલો સળગાવવા માટે આ કાગળને નકામા સમજીને હું લેતો આવ્યો હતો. આપ દરરોજ જુના નકામા કાગળ "વેસ્ટ પેપર બાસ્કેટમાં" નાંખી દો છો તેથી મેં માન્યું કે કદાચ આપ ભુલથી આ કાગળ "વેસ્ટ પેપર બાસ્કેટમાં" નાંખતાં ભુલી ગયા હશો. આ વખતે મારી ભુલ માફ કરો સાહેબ ! હવેથી હું કોઇ દિવસ આપના ટેબલ ઉપરથી કોઈ જાતનો કાગળ આપને પૂછ્યા વિના લઇશ નહી" પણ ક્રોધથી ધમધમતું મન તેને શેનું માફી આપે? મેં તેની ભુલ ક્ષમા તો કરી નહિ, પણ વધારે ધમકાવ્યો અને જો બીજી વખત આવી ભુલ થશે તો પગાર કાપી લઇશ તેવી પણ ધમકી આપી. ક્રોધના લીધે પેટ ભરીને હું જમી પણ શકયો નહિં. મારો ગુસ્સો અને બેચેની આખો દિવસ રહ્યાં.

રાત્રે સુતી વખતે શાંત મને મેં ઉપરની ઘટના પર વિચાર કરવા માંડયો. મને ઘણો પસ્તાવો થયો, મન હવે કહેતું હતું કે-"નોકરે કાંઇ જાણી-જોઇને ભુલ કરી ન હતી. વળી તે કાંઇ ભયંકર ભુલ પણ ન હતી, ઉપરાંત નોકરે માફી માગી લીધી હતી. તું મફતનો જ બકવાટ કર્યા કરતો હતો. પોતાનો ક્રોધ અન્ય મનુષ્યો ઉપર કાઢીને તેં તારા ક્રોધી સ્વભાવનું પ્રદર્શન કર્યું. તારે તારી જાતને અને મનને કાબુમાં રાખવાં જોઈતાં હતાં. એટલા બધા ગુસ્સાનું કાંઈ પ્રયોજન જ ન હતું.

પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર આઇજક ન્યૂટનના જીવનનો એક પ્રસંગ યાદ આવી ગયો. પોતાના અનેક પ્રયોગોની પરંપરાથી ન્યૂટને મશીનના આંકડાઓ બાબતમાં એક "ગ્રાફ" બનાવ્યો હતો. ઘણાં વર્ષોનો હોવાથી કાગળ મેલો થઇ ગયો હતો. અને નાનાં-મોટાં અનેક ધાબાં "ગ્રાફ" ઉપર પડેલાં હતાં, એક દિવસ જુનો નોકર રજા ઉપર જવાને કારણે ન્યૂટનને તેની જગ્યાએ એક નવા નોકરને રાખવો પડયો. પ્રયોગશાળામાંથી કચરો વાળતાં અને મશીનોને ઝાપટતાં તે નોકરની નજર પેલા ધાબાંવાળા જુના "ગ્રાફ"ના કાગળ ઉપર પડી. તેણે ધાર્યું કે શેઠને નવા કાગળ કાઢીને વાપરવાની ફુર્સદ પણ નહિ મળતી હોય. તેથી તેણે એક નવો કાગળ લઇ આવીને "ગ્રાફ" કાગળને ફાડી નાખીને "વેસ્ટ પેપર બાસ્કેટ"માં નાખી દીધો. જ્યારે ન્યૂટન પ્રયોગશાળામાં ગયા ત્યારે પેલા મશીનની પાસે "ગ્રાફ" ના જુના કાગળને બદલે બીજો નવો કાગળ જોઇને તે આશ્ચર્યવિમૂઢ થઇ ગયા. પણ તરત જ મનને સ્થિર કરીને તેમણે નોકરને બોલાવ્યો અને પુછ્યું.

"અહીંનો કાગળ કયાં ગયો ?"

"સાહેબ જુનો થઇ જવાના કારણે તેને ફાડીને મેં નકામા કાગળ ભેગો નાખી દઇને અહીં નવો કાગળ મૂકી દીધો છે" ડરતાં-ડરતાં નોકરે જવાબ આપ્યો. ન્યૂટનને અંધારાં આવી ગયાં નિરાશ અને હતાશ થઈ તે બેસી ગયા. પણ બે-એક સેકંડમાં પોતાના મન ઉપર કાબુ લાવીને માથાનો પરસેવો લુછતાં તેમણે નોકરને ફક્ત આટલું જ કહ્યું કે-

"તેં અજાણતાં જ મને ઘણું નુકશાન કર્યું છે, મારી અનેક વર્ષોની મહેનત પાણીમાં

મેળવી દીધી છે." અને તે જ દિવસે ફરીથી થાક બનાવવો શરૂ કરી દીધો.

મશહુર લેખક કારલાઈટના જીવનની આવાજ પ્રકારની એક ઘટના યાદ આવી. ફ્રાન્સની ક્રાંતિ બાબતનો પોતાનો પ્રસિદ્ધ ગ્રંથ પ્રકાશિત કરતાં પહેલાં તેમણે ગ્રંથની–"પાંડુલિપિ" તપાસી જોવા માટે પોતાના એક સાહિત્યકાર મિત્ર ઉપર ગ્રંથ મોકલાવ્યો. કેટલાક દિવસ પછી જ્યારે કારલાઈટ તે મિત્રના ઘેર ગયા અને આ બાબતમાં પુછ્યું ત્યારે મિત્રે દુઃખ પ્રગટ કરતાં કહ્યુ–'હું આપના પુસ્તકની વાત જ ભૂલી ગયો હતો. ખેર, આજથી જ તમારૂં કામ શરૂ કરૂં છું." એમ કહીને તે ભાઇએ પોતાના નોકર પાસેથી પાંડુલિપિનું પુસ્તક મંગાવ્યું પણ થોડીવારમાં પાછા આવીને નોકરે જવાબ આપ્યો કે પાંડુલિપિનું કોઇ પુસ્તક તેમના ટેબલ ઉપર ન હતું, મિત્ર મહાશય પોતે ઉઠીને ઘરમાં જઇને શોધવા લાગ્યા. પણ તે પુસ્તકનો પત્તો લાગ્યો નહિ, તપાસ કરતાં છેવટે ખબર પડી કે, એક દાસીએ તે પુસ્તકને ટેબલ નીચે પડેલું જોયું હતું. ત્રણ–ચાર દિવસ ત્યાંજ પડી રહેલું જોઇને તેને રદ્દી સમજીને તે પુસ્તકને બાળી નાખ્યું હતું. કારલાઇટના દુઃખનું તો પુછવું જ શું ? કેટલાય વર્ષોનો કઠીન પરિશ્રમ અગ્નિમ હોમાઇ ચૂકયો હતો. પણ તેમણે કોઇને કાંઇ કહ્યું પણ નહિં. મિત્રને ઘેરથી આવીને પોતાની યાદશકિતના આધારથી તે ગ્રંથ ફરીથી લખી નાંખ્યો.

અને હું ? એક નાનાશા લેખના બળી જવાથી મારી જાત ઉપરનો સંયમ ગુમાવી બેઠો અને આટલો બધો ગુસ્સે થઇ ગયો તેનું કારણ શું ? મને લાગ્યું કે ખરૂં જોવા જતાં તો ગુસ્સે થવું કે ન થવું તે આપણા મન ઉપર અવલંબે છે. આપણા મનનો આનંદ બહારની ઘટનાઓ અને પરિસ્થિતિ ઉપર એટલો આધાર રાખતો નથી. જેટલો તે આપણા મન ઉપર રાખે છે. મનુષ્યનું મન એક સામ્રાજ્ય સમાન છે. જ્યાં તે ધારે તો હંમેશા આનંદમાં રકત રહી શકે અગર બેચેનીમાં રહ્યા કરે. આપણી ઉપર કોઇ દુઃખ આવી પડે ત્યારે રડવાથી, પસ્તાવાથી કે ખોટી ચિંતાઓ કર્યાથી તે દુર થવાને બદલે વધે છે, મુશીબતો આપણને મજબુત બનાવશે તેમ વિચારીને આપણે મુશીબતોનું સ્વાગત પણ કરી શકીએ છીએ. અને સ્વાગત કરી આનંદ મેળવી શકીએ છીએ. નહી તો તિરસ્કાર કરી દુઃખમાં સડી શકીએ છીએ.

એકવાર મારા એક મિત્રને ઘેર ચોરી થઇ હતી. મને સવારે ખબર પડી કે તરત જ હું દોડતો તેને ઘેર ગયો. ધારતો હતો કે, બિચારા બહુ જ શોક કરી રહ્યા હશે. પણ જ્યારે તેમના ઘેર પહોંચ્યો ત્યારે તેમણે હમેશનાં સ્મિતથી મારૂં સ્વાગત કરતા કહ્યું–"આવો, તબીયત પાણી કેમ છે ?" મેં સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું–"મારાં તબીયત પાણીનું શું પુછો ? તમારા ઘરની નવાજુની સાંભળીને તો મારૂં મન બહુ જ બળે છે."

"અરે જે થવાનું હતું તે થઇ ગયું. શું દુનિયામાં બીજી કોઇ જગ્યાએ ચોરી નથી થતી ?" તે ધીરજથી બોલ્યો.

જેવી રીતે ગુલાબનાં સુંદર ફુલને જોઇને એક ભાઈ બોલ્યા હતા, "હે પ્રભુ ! આવા સુંદર ગુલાબમાં પણ આવા કાંટા !"

પણ તેજ ફુલો તરફ જોઇને ખુશી થઇને તેના મિત્ર બોલ્યા કે, રે કુદરત ! તારી કળા અનોખી છે ? આવા કાંટામાંય પણ તું

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ—પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ—ખંભાત.

[ પ્રશ્નકારઃ—મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ. ભરૂચ. ]

**શં૦** કૃષ્ણ મહારાજાની વેદના ઓછી કરવા માટે બળદેવ દેવ નરકમાં ગયા, ત્યાં તેમની વેદના ઓછી કરવા જતા કૃષ્ણના જીવને વધુ દુઃખ થવા લાગ્યું. આથી ત્યાં પાછા મૂક્યાં તે વખતે કૃષ્ણના જીવે બળદેવ દેવને કહ્યું કે તમે મારો મહિમા વધે અને પૂજા થાય તે મુજબ કરો. આથી બળદેવ દેવ વિમાનમાં રહી કૃષ્ણ મહારાજા તથા બળદેવનું રૂપ લોકોને બતાવવા લાગ્યા અને પૂજા, ભક્તિ વિગેરે કરવા જણાવ્યું. કૃષ્ણ મહારાજાની પૂજા, ભક્તિ કરે છે તેમના મનોરથો બળદેવ દેવ પૂરે છે. હાલ પણ કૃષ્ણની પૂજા વિગેરે લોકો કરી રહ્યા છે, તો પ્રશ્ન એ થાય છે કે, કૃષ્ણ મહારાજાએ ક્ષાયિક સમ્યકત્વી હોવા છતાં મિથ્યાત્વની પ્રવૃત્તિ કેમ કરાવી?

**સ૦** કૃષ્ણ મહારાજાએ મિથ્યાત્વ પ્રવર્તાવવાનું કહ્યું જ નથી તેમજ આપણે દેવ તરીકે પૂજાઇએ એવો ઢોંગ કરવાનું પણ કહ્યું નથી. એમણે તો ફક્ત શત્રુઓ અપયશ ન ગાય એ માટે બલદેવ દેવને કહ્યું કે આપણો મહિમા વધે તેવું કરો. મહિમાની ઇચ્છા તો સમકિત વાલાને પણ રહે છે. સમકિતદૃષ્ટિ આત્મા પોતાની મહત્તા ન ઇચ્છે એવું છે જ નહિ. મહત્તાની ઇચ્છાનો અભાવ તો ચારિત્રમાં છે. સમકિત એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મ ઉપરની શ્રદ્ધા. પોતાની મહત્તા માટે પ્રવૃત્તિ કરાવતા પણ તેમનું હૃદય તો તેમ કરવાથી પશ્ચાતાપ યુકત જ હતું. જેમ કોઇ દયાળુ નોકર રાજાની નોકરી કરતો હોય અને રાજાના હુકમથી કોઇને મારે તો પણ તેના હૃદયમાં પશ્ચાતાપ હોય અને તેનું હૃદય વિચારતું હોય કે 'બળી આ નોકરી' પેટ ભરવા ખાતર આ કરવું પડે છે એટલે તે કાર્ય તેણે હૃદયથી કર્યું છે એમ નથી પણ કર્મની પરાધીનતાથી. તેવી જ રીતે શ્રી કૃષ્ણ મહારાજાનું તે કાર્ય અવિરતિની પરાધીનતાથી બની ગયું છે. અહિં કોઇ કહે કે પશ્ચાતાપનું વિધાન કયાં છે! તો

---

ગુલાબ જેવાં સુંદર ફુલ સર્જે છે તે ખુશ થવા જેવી વાત છે." મારી દશા ઉપરના બે મિત્રોમાંથી પહેલા જેવી થઈ ગઇ હતી.

બસ! પોત–પોતાની માન્યતા જ મનુષ્યને સુખી કે દુઃખી બનાવે છે. આપણો સ્વભાવ અને દ્રષ્ટિ આપણી જીંદગીને સ્વર્ગ કે નર્ક બનાવે છે. જો આપણા સ્વભાવમાં જ આનંદ હોય તો તે આનંદને આ દુનિયાનું કોઇપણ એવું દુઃખ નથી કે જે દૂર કરી શકે. અને જો આપણે સ્વભાવે જ નિરાશાવાદી હોઇએ તો આ દુનિયામાં કોઈ એવું સુખ નથી કે જે આપણા રોતલ ચહેરા ઉપર કોઇ સમયે આનંદ લાવી શકે.

વિચારોમાં ને વિચારોમાં મને કયારે ઉંઘ આવી ગઇ તેની ખબર પડી નહીં.

( 'નવનીત' પરથી સૂચિત )

કહેવું કે તેનું વિધાન તો સમકિતનો સદ્ભાવ જ કરે છે. વંદિત્તાસૂત્રમાં કહ્યું છે કેઃ–

सम्मद्दिट्ठी जीवो,
जइ वि हु पावं समायरइ किंचि ।
अप्पो सि होइ बंधो,
जेणं न निद्धंधसं कुणइ ॥ १ ॥

**શં૦** શ્રાવકે સામાયિક લીધું હોય ત્યારે ૪૮ મિનિટ થાય તેટલો ઉપયોગ રાખવો જોઇએ એમ કહેલું છે. ઉપયોગ ન રાખે તો દોષ લાગે, તો પ્રતિક્રમણમાં ૪૮ મિનિટ થયાનો ઉપયોગ ન રહી શકે તો દોષ લાગે ખરો !

**સ૦** પ્રતિક્રમણમાં મારે પ્રતિક્રમણની સમસ્ત ક્રિયાઓ વિધિપૂર્વક અને શાન્તિથી કરવાની છે અને તેમાં ૪૮ મિનિટથી વધારે ટાઇમ લાગવાનો છે એવો પ્રથમથી જ નિર્ણય હોય છે અને તે ખૂબ ભાવપૂર્વક પ્રતિક્રમણની ક્રિયામાં લાગેલો હોય તેથી ૪૮ મિનિટનું ધ્યાન ન રાખે તો પણ ત્યાં વાંધો નથી પરંતુ ઉતાવળીઓ થઈ 'લે દેવ ચોખા અને મેલ મારો છેડો' એમ કરી પ્રતિક્રમણ કરી દેનારે તો અવશ્ય ૪૮ મિનિટનો ખ્યાલ રાખવો જ જોઇએ અને ખ્યાલ ન રાખે તો દોષ લાગે જ.

**શં૦** સાધુઓને સ્થળાંતર થાય ત્યારે સાંજનાં **ॐ नमः पार्श्वनाथाय चैत्यवंदन, कल्लाणकंदं**ની સ્તુતિ, **भुवणदेवयाए** અને **यस्याः क्षेत्रं**ની થોય, **संतिकरं** સ્તવન, **धम्मो मंगल**ની સજ્ઝાય કહેવામાં આવે છે તેનું શું કારણ ? રોજની માફક કેમ ન થઈ શકે ? તથા શ્રાવકેને પણ સ્થળાંતર વખતે આ મુજબ કરવું પડે કે કેમ ? તેઓને તેમ નહિ કરવાનું શું કારણ ?

**સ૦** સ્થલાન્તર કરેલ સાધુઓને ઉપરોક્ત મુજબ દૈવસિક પ્રતિક્રમણ કરવામાં માંગલિક હેતુ રહેલો છે અને તે પણ પરંપરાગમ છે. શ્રાવકોનો વિહાર ન કહેવાય પણ તેઓનું ભ્રમણ કહેવાય એટલે વિહારનું સૂત્ર ભ્રમણની સાથે લાગુ પાડી શકાય નહિ. તેથી તેમને તે વિધિ કરવાની હોય નહિ. શ્રાવકની ૧૧ મી પડિમા પાલન કરતાં સાધુની જેમ ગ્રામાનુગામ વિચરવાની ક્રિયા કરતા હોય તેઓ આવી રીતે માંગલિક પ્રતિક્રમણ કરી શકે છે.

**શં૦** અમેરિકામાં દિવસ હોય ત્યારે અહિંઆ રાત્રિ હોય છે. તેમ મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય ત્યારે અહિંઆ રાત્રિ હોય છે. સૂર્યના ચારક્ષેત્ર મુજબ મહાવિદેહ ક્ષેત્ર તથા અમેરિકામાં સરખાઈ આવે છે તો તેનું કેવી રીતે સમાધાન કરવું !

**સ૦** ભરતક્ષેત્રમાં રહેલું અમેરિકા ઉંચી નીચી પૃથ્વીના કોઇ એવા વિભાગ ઉપર રહેલું હોય કે મહાવિદેહના સૂર્યના પ્રકાશનો તે લોકો ભોગવટો લઇ શકતા હોય તે પણ સર્વ પ્રકારે નહિ પણ અમુક કલાકોનું અંતર રહે છે. વળી ભરતભૂમિમાં દિવસ અને મહાવિદેહમાં રાત, એ ભરત ભૂમિ અને મહાવિદેહના બહોળા વિભાગ માટે સમજવું પણ સંપૂર્ણ ભરતભૂમિ અને મહાવિદેહને મળે નહિ. અહિંની પણ નીચાણમાં રહેલી ઘણી વસ્તી હોય છે કે જેમને સૂર્યનો પ્રકાશ મોડો મળે છે અને અસ્ત પણ મોડો થાય છે. એટલે આ વિષયથી વ્યામોહિત થવું ઠીક નથી. પ્રભુવચન ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો જેથી શ્રદ્ધા અબાધિત રહે અને શિવસુખ સાધિત થાય.

**શં૦** દૈવસિક પ્રતિક્રમણમાં પાંચમને દિવસે **श्रीनेमिः पंचरूपः** આઠમને દિવસે **संसारदावा** અને અગીઆરસને દિવસે **श्रीमाग् नेमिर्बभाषे** સ્તુતિ બોલાય છે તેનું શું કારણ ! બીજી સ્તુતિ બોલાય કે નહિ !

સ૦ પાંચમ અને આઠમને દિવસે ઉપરોક્ત સ્તુતિ-થોય બોલવાનું સેનપ્રશ્નમાં કથન છે. અને તેનું કારણ પુરાતનપણું તથા મહત્તરકૃતપણું હોય એમ લાગે છે. તે સ્તુતિ-થોય ન આવડતી હોય તો અન્ય બોલી શકાય છે. અગીઆરસને દિને અમુક જ સ્તુતિ-થોય બોલવી એવું કથન જોવામાં આવ્યું નથી.

શં૦ સાંજે તિવિહાર દુવિહારનું પચ્ચક્ખાણ કર્યું હોય તો રાત્રે પાણી, મુખવાસ ખપી શકે છે, તેનો કેટલા વાગ્યા સુધી મોઢામાં મોડો ઉપયોગ કરી શકે?

શં૦ રાતના બાર વાગ્યા પહેલા-પહેલા વાપરવાનો રિવાજ છે.

શં૦ રાત્રે બાર વાગ્યા પછી પાણી પીધું હોય કે વૉમિટ થયું હોય તો સવારે નવકારશી, પોરિસી, એકાસણું, ઉપવાસ આદિ પચ્ચક્ખાણ કરી શકે કે કેમ? ચાલુ પચ્ચક્ખાણમાં રાત્રે વૉમિટ થયું હોય તો માત્ર આલોચના આવે છે તો આલોચના લઈને છૂટાવાલા પચ્ચક્ખાણ કરી શકે કે કેમ?

સ૦ રાત્રે બાર વાગ્યા પછી પાણી પીધું હોય કે વૉમિટ થયું હોય તો બીજે દિવસે સવારે નવકારશી આદિના પચ્ચક્ખાણ ખુશીથી લઇ શકાય છે. ચાલુ પચ્ચક્ખાણમાં વૉમિટ થયું હોય તો આલોચના લઈ લે અને આગલના પચ્ચક્ખાણમાં વાંધો આવતો નથી.

શં૦ શ્રાવક એક સાથે ત્રણ સામાયિક કરી શકે અને પછી ચોથું સામાયિક લેવું હોય તો પાર્યા પછી લઇ શકાય એવી પ્રવૃત્તિ છે, તો ત્રણ સામાયિક પછી પારવાનું શું પ્રયોજન છે! ન પારે તો ચાલે કે કેમ! માત્રુ આદિની બાધા ન હોય તો પણ પારવું જ જોઇએ કે કેમ! આ વસ્તુ વિસ્તારથી સમજાવશોજી. આ સંબંધી ઉલ્લેખ કયા ગ્રંથમાં છે તે પણ જણાવશોજી.

સ૦ સેનપ્રશ્નમાં આ મુજબ ખુલાસો આવે છે. 'આટલા સામાયિક લાગ-લાગટ થાય એવા અક્ષરો શાસ્ત્રમાં જોયાનું સાંભરતું નથી. જો મન ઠેકાણે હોય તો ઇચ્છા મુજબ સામાયિકો કરે પણ બીજા આદિ સામાયિકમાં સજ્ઝાયના આદેશનું માંગવું સંભવતું નથી. એમ વૃદ્ધોનું કથન છે, પરંતુ એક સામાયિક પછી બીજું કરતાં શરીરચિંતા વિગેરેનો ઉપયોગ કરીને જ ઉચ્ચરવું.' અત્યારે ત્રણ લાગ-લાગટ કરવાની પ્રથા છે.

# પેટ કરાવે વેઠ

• શ્રી હિંમતલાલ પી. શાહ [ શિક્ષક ]

શાળામાં શીખેલી પેલી પેટ વિષેની કવિતા-'પેટ કરાવે વેઠ, પેટ વાજા વગડાવે' ગાતો ગાતો માર્ગ પર હાલ્યો જતો હતો, એવામાં જ સાડાત્રણ મણની કાયા, અને એનાથી રીસાઇને બહાર આવેલું ઠીક ઠીક મોટું પેટ (ડુમ) ધરાવતા લલ્લુકાકાનો મને અચાનક ભેટો થઇ ગયો, આડી-અવળી વાતો કરી ખરી, પણ મનમાં એક જ પ્રશ્ન ઉઠયો; આ બીચારા લલ્લુકાકા, ચોવીસે કલાક આવડો ભાર કેમ કરી સહન કરતા હશે? પાછો પ્રશ્ન ઉઠયો; શરીરમાં જો એક પેટ જ ન હોત તો! તો તો ગંગા નાહ્યા ગંગા, પણ એ બને જ

કેમ? બિચારા લલ્લુકાકા!

મનને જરાક સ્થિર કરીને જરા ઉંડી વિચારણા કરવામાં આવે તો સ્હેજે દીવા જેવું સ્પષ્ટ સમજાશે કે જગતના અધમા–અધમ કૃત્યો એક એ પાપી પેટને ખાતર જ થાય છે. પેટ ભરવાની પીડા જ ન હોય તો? લેકીન વો દીન કહાં.

છે તો નાનકડું, આકાર છે એનો ટેનીસ બોલના જેવો ગોળમટોળ, પણ જુલમ તો અતિશય, દશ મણનો કોઠો ભરાય પણ દશ–નવટાંકનું એ કદી ન ભરાય દિવસમાં ત્રણવાર કેમ–ચારવાર એની ઉઘરાણી. આખાય માસમાં રજાનું નામ–નિશાન નહિ. ગુમાસ્તાધારામાંથી સંપૂર્ણ મુક્ત. અરે રે ભગવાન! એ લેણદાર પણ જમરો. પઠાણનો સગો ભાઈ શેઠ સાહેબને વાયદો થાય પણ એ ભાઇસાહેબને તો કયાંથી થાય.?

એકવાર મેં આયંબીલ કર્યું. રોજ ૭–૩૦ (s. t.) વાગે મળ્યા જ કરતું, એટલે અંદરથી ભાઇસાહેબના ધમપછાડા ચાલુ થઇ ગયા. પરંતુ હું પણ મક્કમ થયો. जसेच्च तसेना સિદ્ધાંતનો કડક અમલ કર્યો. મેં એને ચોખ્ખી અને રોકડી પરખાવી દીધી શરમ રાખે એ બીજા, 'જો ભાઈ સાંભળ, તારી ઉઘરાણી રોજ નિયમિત ચૂકવાઇ જાય છે. પરંતુ આજે ચતુર્દશીનો દિવસ હોઈ' તારી માંગણીનો સ્વીકાર ફક્ત બપોરના બાર વાગે જ અને તે પણ લુખ્ખા ખોરાકથી કરવામાં આવશે. "સો દિવસ સાસુના તો એક દિવસ વહુનો" એ સિદ્ધાંતનો આજે મેં અમલ કર્યો છે. અડધા કલાકમાં તો એ બિચારૂં શાંત થઇ ગયું.

જ્યારે હું માસખમણ અને સોળ ભથ્થા કરનાર તપસ્વીઓની વાતો સાંભળું છું, ત્યારે મસ્તકતો ઝુકીજ જાય છે, પણ બુદ્ધિ બહેર મારી જાય છે. મનમાં જરા પ્રશ્ન પણ ઉઠે છે કે, શી રીતે એ કડક તપશ્ચર્યાઓ થતી હશે? ઓલ્યા "પઠાણનું શું?" પાછી અક્કલ કામ કરતી થઇ જાય છે અને સમાધાન થાય છે કે, જેણે મન પર કડક કાબુ મેળવ્યો છે. એને કશું જ અશક્ય કેમ હોય? એ તપસીઓને-પેટ પઠાણની જોડે મારા જેવા ખાઉધરાની માફક ઝાઝી મિત્રાચારી જ નહિ ને! હજારો નમસ્કાર હો એ તપસ્વીઓને!

આ નઠોર વિશ્વમાં કેટલીયે જાતના જુઠાણા, ઘોર હિંસાઓ અને ચોરીઓ દિવસે દિવસે વૃદ્ધિ પામતી જાય છે. એ પણ એને ભરવાને માટે જ ને? આ હડહડતા કળીયુગમાં (જ્યાં સજ્જનોને જીવવાની જગ્યા જ નથી) કયા પાપો નથી આચરાતા? એ પાપી પેટ નથી જોવા દેતું પિતા–પુત્રનો સ્નેહ, નથી સમજવા દેતું માતા અને પુત્રનો નિર્મળ પ્રેમ કે નથી રહેવા દેતું પતિ–પત્નીઓના મીઠા સંબંધ, જ્યારે પેટનો જણ્યો દીકરો માતાના ટુકડે ટુકડા કરી નાંખે ત્યારે કયાં રડવું? અરેરે! કાળ તો બહુ જ ભૂડો આવ્યો છે.

એક દિવસ એક પસ્તીવાળો મારે ત્યાં આવ્યો. સારો કહી શકાય એવો ભાવ નક્કી કરવામાં આવ્યો. ભાઇસાહેબે પસ્તીને જાણે કે હાઈકોર્ટના મેજીસ્ટ્રેટ મી બ્રાઉન ન્યાય તોલે, એ ઢબે જ ત્રાજવામાં તોલી. ખાસું ત્રણ રતલ (દેશી) વજન બતાવ્યું, પણ હું એને પહેલેથી જ પીછાનતો હતો. 'મેં' મારા ત્રાજવામાં એને (પસ્તીને) ફરીથી તોલી, પણ આ શું? શું કહું તમને? ખાસું મઝાનું છ રતલ વજન થયું. સો ટકા માર્જીન! હું તો એના ઉપર ઘુરકયો. જો મારામાં દયાનો અંશ ન હોત તો કોણ જાણે શું કરી નાખત?

બિચારો પગે પડયો. કરગરીને આટલું જ કીધું. 'સાબ કાય કરું? હીં પોટા સાઠી સઘલાચ કરાયલા લાગતે ! મલા માફ કરા '

હું મનમાં બડબડ્યો, પેલું "પેટ" જ કે? ઓલ્યો "પઠાણુ" જ. ભાઇસાહેબના નામો ય ઘણા. શેઠને હોય તે ડુમ કહેવાય. હોજુ અને દધોલુ પણ તેના જ નામો છે ને! કમાલ કરી નાખી છે. પણ ગુણનું તો નામ-નિશાન નહિ. હું દયાધર્મને સમજનાર હોવાથી મારાથી પેલાને માફી અપાઇ ગઇ.

તેજ રાત્રે નિદ્રાદેવી મારાથી રીસાઇ ગયા. વિચાર કરતો હું સૂઈ જ રહ્યો. મન વિમાનની ઝડપે ચાલવા માંડયું. પ્રશ્ન ઉઠયો કે શું પાપ આચર્યા વિના પેટનો ખાડો નહિ જ પુરી શકાતો હોય? ઉત્તર મળ્યો; કેમ ન ભરાય! જો માત્ર પેટ જ ભરવું હોય તો ખુશીથી ભરાય. નેક અને ટેકથી વેપારધંધા કરવામાં આવે તો જરૂર ભરાય, પુણીયાને પણ પેટ જ હતું ને? પણ અફસોસ અને ખેદની વાત છે કે આજે પેટને બદલે પટારાઓ ભરવાની દાનતો વધી ગઇ, તૃષ્ણાઓને છુટો દોર આપવામાં આવ્યો અને સંતોષને તિલાંજલી આપી દીધી. પરિણામ એ આવ્યું કે, માનવતા મરી પરવારી પાપની ભીતિએ દેશવટો દીધો. અને મૃત્યુ જેવી વસ્તુ જ ભૂલાઇ ગઇ. જાણે કે અમરપટો ઓઢીને જ ન આવ્યાં હોય! ઘોરકર્મો કરતાં પણ માનવી આજે કયાં અચકાય છે? આખીય કર્મની ફીલોસોફી જ ભૂલાઈ ગઇ નહી તો આ અસ્થીર અને 'ટેમ્પરરી' પચીસ-પચાસ વર્ષના જન્મારામાં મનુષ્ય આવાં ઘોર પાપો કરે જ શી રીતે? "કળીયુગ" "હડહડતો કળીયુગ."

ખૂબીની વાત તો એ છે કે, અબજપતિથી માંડીને ભિક્ષુક સુધીનાની એક સરખી જ દોડધામ. જેમ શ્રીમંતાઇ વધુ તેમ ઉપાધીઓ. અરે ભૂલ્યો, તૃષ્ણા વધુ. કેમ જાણે શ્રીમંતોને પાંચ સાત પેટ ન હોય!

વધુ ખુબીની વાત તો પછી રહી જ ગઇ આ જગતમાં દરેકને પેટ હોય છે. (અપવાદ જ નહિ) જો એમ હોત કે ગરીબને અડધુ, મધ્યમને પોણું અને શ્રીમંતોને એકથી માંડીને દસ (મુડી-પ્રમાણે) તો તો જાણે બહુ ચિંતા કરવા જેવું ન હોતું. પણ એમ બને જ કયાંથી? નામકર્મના તો હાલજ થઇ જાયને. સારૂં છે કે બિચારા ગરીબોને બે પેટ નથી

એકવાર બહુજ મોટું પેટ ધરાવતા (ઘણું જ મોટું અધધધ) શેઠ ઇલેકટ્રીક ગાડી પકડવા માટે દોડતા હતા. "બિચારા" માર્ગમાં અચાનક મારો તેમની જોડે ભેટો થઈ ગયો.

કેમ શેઠ? શેની દોટ? "મેં પૂછયું"

'અરે હેમા, શું કહું યાર? "શેઠ ઉવાચ" ૯-૫૪ ની લોકલ પકડવી છે. હું તો સાંભળીને હસ્યો, બીચારા શેઠને પકડવીતી તો લોકલ પણ જાતે ઘણા જ ફાસ્ટ હતા! શેઠ તો ગયા. પણ મને વિચાર કરતાં મુકી ગયા. શેઠ શું કરવા બેઠા છો? આખીય મુંબઇ તો નહિ લેવી હોય? આમચી મુંબઈ ની જગ્યાએ માઝી મુંબઇ બિચારા શેઠને કરવી હશે? નહિ તો પેટને માટે આમ હોય? મેં પાછળ વળીને જોયું તો બિચારા શેઠની સાતતાલી તો હજુ ચાલુ જ હતી. પેલી ૯-૫૨ આવી અને ગઇ (જડનો પણ ચેતન ઉપર ઓછો રૂવાબ છે?) શેઠ બિચારા પ્લેટફોર્મ ઉપર જ "ઈંડીકેટર" જોતા રહી ગયા! એ ગાર્ડને પણ શું કહેવું? જનતાના અને તેમાંય એ મોટા પેટવાળા શ્રીમંતોના પૈસાથી તો પોતાનું નાનું પેટ ભરાય છે. એ વાતને છેક

# જ્ઞાન ગોચરી

## જૈન સંસ્કૃતિનો વિજયધ્વજ ક્યારે ફરકે ?

શ્રી જિનમંદિર અને ઉપાશ્રય એ બે આપણી ધાર્મિક સંસ્થાઓ જૈન સંસ્કૃતિ ટકાવવાના મુખ્ય સાધનો છે અને તે બન્નેયના વાતાવરણમાં રસ ઉમેરવા કે જાગૃતિ લાવવા માટે આપણી જૈન પાઠશાળાઓ એક આધારભૂત છે.

આ પાઠશાળાઓ દરેક શહેર કે ગામડામાં કેવી રીતે ચાલી રહી છે તે ત્યાં-ત્યાંના પ્રત્યેક સંઘને સુવિદિત હોય છે, અને જ્યાં જ્યાં ફક્ત નામનીજ પાઠશાળા ચાલતી હોય તે ત્યાંના કાર્યવાહકો માટે ભારે જવાબદારીનો વિષય થઈ પડે છે. અને એ જવાબદારી અદા કરવામાં જેટલી શિથિલતા તેટલી આપણી ન્યૂનતા છે. તે વિચારવું જોઇએ.

બાળકોની ધાર્મિક કેળવણી માટે વાલીઓ પણ કેટલી ઉપેક્ષાવૃત્તિ સેવે છે, તે સૌ કોઇ સમજે છે; અને આ પ્રમાણે સમજીને બેસી રહેવામાં સમય જતાં ધાર્મિક સંસ્કાર બીલકુલ ભૂંસાઈ જશે, અને ફક્ત આપણે જન્મેજ જૈન કહેવાઇશું. જે કેળવણી આ-લોક અને પરલોક માટે કલ્યાણકારી છે, તે તરફ આપણે લગભગ બેદરકાર છીએ તે ઓછી શોચનીય બીના નથી. સ્કૂલ કે કોલેજની કેળવણી માટે ગમે તે ખર્ચે કે ભોગે આપણે તૈયાર હોઇએ અને ધાર્મિક કેળવણીને આપણે ગૌણ ગણીએ તો આપણા સંતાનોનું આપણે જાણ્યે અજાણ્યે અહિત કરી રહ્યા છીએ, તે આપણે ભૂલવું ન જોઇએ.

'બાળકોને ધાર્મિક અભ્યાસમાં રસ નથી' એવી એક સામાન્ય દલીલ છે. તો તે આધુનિક વાતાવરણ અંગે સહજ છે કે, સામાન્ય રીતે તેમની વૃત્તિ મોજ-શોખ તરફ જ ઢળે, પણ ત્યાંથી વાળી આપણે ધાર્મિક સંસ્કાર તરફ જ વાળવી હોય અને સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મને માટે આપણને ખરેખર આદર હોય, સદ્ભાવ હોય તો આપણા બાળકોને જરૂર સત્સંસ્કારના સંગમાં જોડવા પડશે.

જો આપણે ધાર્મિક સંસ્થાઓ ટકાવી રાખવી હશે તો ધાર્મિક સંસ્કાર વિના તે આપણે નહિ ટકાવી શકીએ. આપણા બાળકો આપણી ધાર્મિક સંસ્થાઓના ભવિષ્યના ટ્રસ્ટીઓ છે, એટલે તેમની ધાર્મિક લાગણી કેળવવા માટે આપણાથી બનતું બધું કરવું જોઈએ.

આપણા બાળકોમાં, આપણા ઘરમાં ધાર્મિક સંસ્કાર હશે તો આપણા કૌટુંબિક ઝઘડા પણ નહિં બનવા પામે અને એક બીજાની સાથે સૌ વિવેક-બુદ્ધિથી વર્તશે.

આપણી જેમ આપણા બાળકોને મ્હોટી ઉમ્મરે પસ્તાવું ન પડે તે માટે તેમને ધાર્મિક સંસ્કારથી

---

વીસરી ગયો.

**ઓ ધર્મરાજા ! મને તું મુક્તિદ્વારે પહોંચાડી દે તો તારો ઘણોજ** Very much **આભાર, હે કર્મરાજા, સંસારમાં મને પરિભ્રમણ કરાવવું હોય તો એક કામ કરજે, એ પાપી પેટને મારી સાથે મોકલીશ મા** Thank you **અને ઓ પાપી પેટ**

**આ કપરા કાળમાં તારી દરેકને વળગાડની માફક વળગવાની તથા દિવસમાં ત્રણથી વારંવાર સતત ઉઘરાણી કરવાની બૂરી ટેવને છોડી દેજે અને પિતાપુત્રમાં, મિત્રમિત્રમાં અને પતિપત્નીમાં સ્નેહભાવ વધે એવું કાંઇ કરી છુટવાની મનોવૃતિ કેળવજે. મને ખાત્રી છે કે તું બહુ શાણું હોવાથી હવે લાઇન પર આવી જઈશ. યાદ રાખજે કે આંખ આડા કાન કર્યા છે તો તારૂં ભવિષ્ય બહુ જ ભૂંડું છે. વધારે શું કહું ?**

વંચિત ન રાખતાં આપણા સંતાનોને આપણા ધર્મના સૂત્રો મુખપાઠ કરવા, તેના અર્થો, વિધિઓ અને રહસ્યો શીખવા માટે પૂરતી કાળજીથી જૈન પાઠશાળામાં નિયમિત મોકલતા રહેશો તો તેમની ધર્મશ્રદ્ધા વધુ દ્રઢ થશે અને તેમના ધાર્મિક સંસ્કાર સારી રીતે ખીલશે. જીવનના મુખ્ય આધારરૂપ ધાર્મિક જીવનનો વિકાસ થવાથી ભવિષ્યમાં તેઓનું જીવન સંપૂર્ણ દીપી નીકળશે અને જૈન સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવવા અવશ્ય ભાગ્યવંત બનશે.

લી૦

**દલીચંદ ભુદરભાઇ ગાંધી.**

## પુણ્ય-પાપની ચતુર્ભંગી

(૧) પુણ્યાનુબંધી પુણ્ય-

सत्यशौचधरा धीराः सद्देवगुरुमानिनः ।
पुण्यकामा गुणैः पूज्याः पुण्यैः पुण्यानुबंधिभिः ॥१॥

અર્થ-સત્યરૂપી સ્વચ્છતામાં રક્ત, ધીરજવાન, સુદેવ, સુગુરુને માનનાર, કામનાથી પૂર્ણ થએલ ગુણથી પૂજાએલ એવી વ્યકિતનું પુણ્ય પુણ્યાનુબંધી હોય છે. મતલબ કે તેવા જીવો અહિં પણ પુણ્યનો ભોગવટો કરે છે અને સત્કાર્યો દ્વારા પુણ્યનો બંધ પાડી આગામી ભવે પણ પુણ્ય-સુખના ભાગી બને છે.

(૨) પુણ્યાનુબંધી પાપ-

कूपस्य खनको यद्वद्, धूलीभिर्मलिनीकृतम् ।
क्षालयेत् तज्जलेनांगे, तथैव पुरुषो सदा ॥ २ ॥
धर्मस्थानविधानाद्या-ऽऽरंभजं मलमात्मनः ।
छिन्द्यात् तदुत्थ पुण्येन, पापं पुण्यानुबंधि तत् ॥३॥

અર્થ-કુવાનો ખોદનાર જેમ શરૂઆતમાં ધૂળથી ખરડાય છે-મલિન બને છે, પરંતુ આખરે એજ કુવાના જળથી તે પોતાના અંગને પ્રક્ષાલન કરી પ્રથમથી પણ વધુ સ્વચ્છ બને છે તેમ કોઇ પુરુષ જ્યારે ઉપાશ્રય, જિનમંદિર આદિ ધર્મસ્થાનક બનાવવાનો આરંભ કરે છે ત્યારે તે પ્રથમ કર્મથી મલિન બને છે, પૂર્વોકત દૃષ્ટાંતે તેમાંથી ઉત્પન્ન થતાં પૂણ્ય દ્વારા પોતાના પૂર્વકૃત પાપોને તે છેદી શકે છે આ પ્રમાણે વર્તનારના કાર્યને પુણ્યાનુબંધી પાપ કહેવામાં આવે છે. અર્થાત્ વર્તમાનમાં કદાચ દેખીતી રીતે ધર્મસ્થાનાદિકના વિધાનમાં હિંસાજન્ય પાપ જણાય છે, પણ પરિણામે તેમાંથી પુણ્યની ઉત્પત્તિ પુષ્કળ થતી હોવાથી આખરે તે મનુષ્ય સુખભાગી બની શકે છે.

(૩) પાપાનુબંધી પુણ્ય-

विद्यारुपबलैश्वर्याऽभिमानाः सुखिनः पुनः ।
अन्यायनिरताः स्वैराः, स्युः पुण्यैः पातकोत्तरैः ॥४॥

અર્થ-વિદ્યા, રૂપ, બલ, ઐશ્વર્ય અને અભિમાનવાળો કોઈ પુરૂષ હોય અને તે અન્યાયમાં રકત રહેતો હોય વળી સ્વેચ્છાચારી પણ હોય તો તેનું પુણ્ય પાપનો બંધ પાડનારૂં થાય છે. અર્થાત્ એ વ્યક્તિ આ ભવે પુણ્યનો ભોગવટો કરે છે, પણ તેમાંથી પાપનો બંધ પડે છે, એટલે આગામી ભવમાં તેને માટે દુઃખની જાળ તૈયાર થાય છે.

(૪) પાપાનુબંધી પાપ-

जन्तुघातकराः क्रूराः, दोषैकनिधयोऽधमाः ।
जायन्ते दुःखिता नित्य, पापे पापोत्तरैर्नराः ॥५॥

અર્થ-જે મનુષ્ય જીવોનો ઘાત કરનાર હોય, ક્રૂર હોય, એક માત્ર દોષોનાજ ભંડાર સમાન હોય, એવા અધમ પુરુષો અહીં પણ નિત્ય દુઃખી થાય છે અને પાપનો બંધ નવો પડતો હોવાથી ભવાંતરમાં પણ તેઓ મહાન દુઃખના ભાગી બને છે.

पुण्य-पापचतुर्भंगी-मिति ज्ञात्वा विपश्चितः ।
आद्यभेदद्वये सक्ता, विरतिं कुर्वते परे ॥ ६ ॥

અર્થ-પુણ્ય પાપની આ ચઉભંગીને જાણીને પંડિત પુરુષો પ્રથમના બે ભેદને આચરે છે અને પાછળના બે ભેદથી વિરમે છે.

"શ્રીમાન્ ભાવદેવસૂરી વિરચિત શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અવલોકતાં તેના અષ્ટમ સર્ગમાંથી ઉપર દર્શાવેલ પાપપુણ્યની ચઉભંગી ખાસ સમજવા લાયક જણાયાથી તત્સંબંધ દર્શાવનાર આ શ્લોકોને ઉદ્ધૃત કરી અત્રે રજુ કરેલ છે સુજ્ઞજનોને આમાંથી ઘણો સાર મળી શકવા સંભવ છે.

**શ્રી રાજપાળ મગનલાલ વહોરા.**

## શ્રી મહાવીર સ્વામીના સત્યાવીશ ભવ બંધી જાણવા યોગ્ય.

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના સત્યાવીસ ભવનું વર્ણન કલ્પસૂત્ર આદિ ગ્રંથોમાં તથા સત્યાવીસ ભવના સ્તવનમાં નીચે મુજબ આવે છે.

૧ નયસાર ૨ દેવલોક ૩ મરીચી ૪ દેવલોક ૫ ત્રિદંડી ૬ ત્રિદંડી ૭ દેવલોક ૮ ત્રિદંડી ૯ દેવલોક ૧૦ ત્રિદંડી ૧૧ દેવલોક ૧૨ ત્રિદંડી ૧૩ દેવલોક ૧૪ ત્રિદંડી ૧૫ દેવલોક ૧૬ વિશ્વભૂતિકુમાર ૧૭ દેવલોક ૧૮ ત્રિપૃષ્ઠવાસુદેવ ૧૯ નરક ૨૦ સિંહ ૨૧ નરક ૨૨ મનુષ્ય ૨૩ મનુષ્ય ચક્રવર્તી ૨૪ દેવલોક ૨૫ મનુષ્ય ૨૬ દેવલોક ૨૭ મહાવીરસ્વામી તીર્થંકર.

ઉપર પ્રમાણે સત્યાવીસ ભવમાં બે ભવ ખાસ વિચાર કરવા જેવા છે, કારણ જે તેમાં શંકાના સ્થાન છે તે નીચે મુજબ છે.

(૧) પાંચમો ભવ ત્રિદંડીનો અને છઠ્ઠો ભવ ત્રિદંડીનો એમ બને ભવ એક સાથે આવે છે. ત્યારે બીજા બધા ત્રિદંડી ભવમાં એક ભવ ત્રિદંડીનો અને બીજો ભવ દેવલોકનો એમ આવે છે તો તે પ્રમાણે પાંચમો ભવ ત્રિદંડીનો અને છઠ્ઠો ભવ દેવલોકનો હોવો જોઇએ.

(૨) બાવીસમો ભવ મનષ્યનો અને તેવીસમો ભવ પણ મનુષ્યનો ચક્રવર્તિની પદવી પામેલ છે એમ આવે છે તો મનુષ્ય મરીને સીધો મનુષ્ય ચક્રવર્તિ થાય નહીં એમ શાસ્ત્રમાં પાઠ છે, ચક્રવર્તી નરક અથવા દેવલોકમાંથીજ આવીને ચક્રવર્તી થાય છે તો આ મુજબ બાવીસમો અને તેવીસમો બન્ને ભવ મનુષ્યના છે ને ચક્રવર્તીપણું પામેલ છે તે શાસ્ત્રના નિયમ પ્રમાણે ન હોવાથી શંકાનું સ્થાન છે.

આ પ્રમાણે બે ભવ માટે વિચાર કરવાનું રહે છે એ શંકાનું સમાધાન આચાર્ય મહારાજ શ્રી અમરચંદ્રસૂરિએ બનાવેલ આદિનાથ ચરિત્રમાંથી મલે છે જે આદિનાથ ચરિત્રનું ગુજરાતી ભાષાંતર શ્રી આત્માનંદ જૈન સભા ભાવનગર તરફથી છપાઈને બહાર પડેલ છે. તેમાં સત્યાવીસ ભવ નીચે મુજબ જણાવેલ છે.

૧ નયસાર, ૨ દેવલોક, ૩ મરીચી, ૪ દેવલોક, ૫ ત્રિદંડી, ૬ દેવલોક, ૭ ત્રિદંડી, ૮ દેવલોક, ૯ ત્રિદંડી, ૧૦ દેવલોક, ૧૧ ત્રિદંડી, ૧૨ દેવલોક, ૧૩ ત્રિદંડી, ૧૪ દેવલોક, ૧૫ ત્રિદંડી, ૧૬ દેવલોક, ૧૭ વિશ્વભૂતિકુમાર, ૧૮ દેવલોક, ૧૯ ત્રિપૃષ્ઠવાસુદેવ, ૨૦ નરક, ૨૧ સિંહ, ૨૨ નરક, ૨૩ મનુષ્ય ચક્રવર્તીનો ૨૪ દેવલોક, ૨૫ મનુષ્ય, ૨૬ દેવલોક, ૨૭ મહાવીરસ્વામી તીર્થંકર.

આ પ્રમાણે સત્તાવીસ ભવો જણાવેલ છે તે પ્રમાણે જોતાં પ્રથમ બતાવેલ જે બે ભવમાં શંકાના સ્થાન છે તે આ બીજા સત્તાવીસ ભવ પ્રમાણે શંકાના સ્થાનનું સમાધાન થઇ જાય છે તો આ ઉપરથી બીજા સત્યાવીસ ભવ વધારે યોગ્ય અને સુસંગત જણાય છે. છતાં તત્વ તો કેવલીગમ્ય.

ખુશાલચંદ ઝવેરચંદ દોશી.
જામનગર.

* * *

## ચાર વર્ષના બાળકનું સમાધિમરણ-

પૂર્વના સુસંસ્કાર અને અહીંની વડિલોની ધર્મ કાળજી જીવને કેવો સુંદર ઘડે છે, એના દૃષ્ટાંત તરીકે હમણા દાદર મુકામે દંપતી હરિભાઇ–ડાહીબેનના સુપુત્ર અને કાંતિલાલ ઘેલાભાઇના ભાણેજ પ્રવીણકુમારનો અનુમોદનીય પ્રસંગ બની ગયો છે. વર્તમાનકાળે પણ કેવા અદ્ભૂત પ્રસંગ બને છે, તેમજ આત્માની કેવી સચોટ સિદ્ધિ કરી આપે એવા આ પ્રસંગ હોય છે, એ આમાંથી સારી રીતે જાણવા મળે છે. ભવ્ય જીવોએ આમાંથી ધડો લઇ પોતાના સંતાનમાં ધર્મસંસ્કાર રેડવાની અને સ્વજીવનમાં આરાધના વિકસાવવાની ખાસ જરૂર છે. નીચેનો પ્રસંગ અમને બાળ આરાધકના મામા પાસેથી જાણવા મળ્યો છે.

વાત એમ બની કે પ્રવીણકુમારનો વિ. સં. ૨૦૦૬ના મહા વદ પાંચમે જન્મ થતાંજ એની દાદીએ કાનમાં નમસ્કાર મહામંત્ર સમજાવ્યો. કેવો ભાગ્યવાન જીવ! મરતાં નવકાર

મળ્યાનું સાંભળીએ છીએ. આને જન્મતાં નવકાર! તે પછી રોજ સવાર પહેલાં એના કાનમાં નવકારમંત્રનું શ્રવણ કરાવ્યા બાદ જ સ્તનપાન કરાવાતું. તે પછી રોજ મંદિરે 'જે જે' કરવા અને હાથ જોડીને નમન કરવાનો કાર્યક્રમ ખરો જ. ૧ વર્ષની વયે પહેલું બોલવાનું શરૂ થયું, તેમાં પણ 'જે જે' અને 'નમો અરિહંતાણુ' વગેરે પદોથી શરૂઆત! માત્ર ૧।। વર્ષની વયે તો આખું નવકાર સૂત્ર સ્વયં મુખપાઠ કરી જવાનું ચાલુ થઇ ગયું! એનો વિશેષ પુણ્યોદય એ હતો કે, એને ધર્મ સંસ્કારોનું સુવિશેષ પોષણ મળે એવા એના મોસાળમાં એને રાખવામાં આવતો; ત્યારે એ પણ આનંદથી માત્ર બે વર્ષ જેવી નાની વયમાં મામા સાથે શ્રી દામજીભાઇ જેઠાભાઇના ઘરદેરાસરમાં રોજ નાહીને અષ્ટપ્રકારી પૂજા કરવા જતો. ત્યાં તેને હારમોનિયમ, તબલાં, ખંજરી અને ઘંટ વગાડવો તથા ચામર લઇ નાચવું સારૂં ગમતું.

૨ થી ૨।। વર્ષની વયથી રાત્રિભોજન બંધ, તેમાં માત્ર પાણી પણ કયારેક લે તેય નવકાર ગણીને, તેમ સવારે ઉઠીને નવકાર ગણવા, પ્રભુદર્શન, વડીલોને નમસ્કાર; પછી પૂછે કે નવકારશી આવી ગઇ? આવ્યા પછી જ મોંમાં પાણી નાખવાનું. નવકારશી પછી દાદી સાથે વ્યાખ્યાન સાંભળવા જવાનું. આ બધું ઠેઠ અઢી વરસ જેવી અતિ નાની ઉંમરથી! ત્યારે પણ કુટુંબીઓ ઉપર તેવો મોહ કે ખાવા-પીવા પર તેવો રાગ નહિ! આયંબીલની ઓળી કે ઉપધાન વખતે પીરસવા નીકળે. પછી સ્વયં થાળી લઈ આયંબીલની રસોઈ ટેસથી જમવા બેસી જાય. તે પાછું પુરૂં પેટ ભરીને જમે; પણ એમ નહિ કે ઘેર સારૂં ખાવાનું રહી જશે, માટે ઓછું! ઉલટું ઘરેથી કોક વારે દાદી આયંબીલ કરવા જાય, તો સાથે **આયંબિલ કરવા જવા માટે** ધમાલ કરી મૂકે. સાથે જાય અને આયંબિલનું પુરૂં જમે. એને પૂજા-ભાવનાઓમાં તથા ધાર્મિક મેળાવડાઓમાં જવાનો બહુ શોખ. પાણી રોજ ઉકાળેલું પીએ. એમાં વળી એમના એક મામા નાનુભાઈ દીક્ષાની ભાવનાવાળા બન્યા, તો આ લઘુ બાળ પોતે પણ સાથે ભાવના ભાવે, અને ચરવળો વગેરે લઇ "હું ઓઘો આમ બગલમાં રાખીશ, કામળી આમ ખભે રાખીશ, ડાંડો આમ ઝાલીશ" એવા એવા ઉદ્ગાર કાઢે

ચાલુ વર્ષની પોષ સુદ ૨ ના દિવસે સાંજ સુધી તો ધર્મી પ્રવીણકુમાર રમતો ખીલતો હતો; પણ કર્મયોગે રાતના ઝબકયો. પછી તો ચમક વધતી ચાલી. છતાં સવારે ઉઠીને નિત્યક્રમ મુજબ નવકારસ્મરણથી માંડી નવકારશી પર્યંતની વિધિ પતાવી સાવધાની સારી હતી. બપોરે ડોકટરને બતાવ્યું. એક માસ પૂર્વે કુતરૂં કરડેલ તેની અસરનો વહેમ લાગ્યો. પણ કુતરૂં જીવતું જાણ્યું, તેથી ડોકટરના મનને બરાબર બેઠું નહિં. ઈંજેકશન, દવા આપી અને રાત કેમ નીકળે છે તે પછી વધુ વિચાર કરવાનું રાખ્યું.

પણ અહીં તો રાતે સુએ તો ચમક આવે. તેથી પ્રવિણકુમારે બેઠા બેઠા કુટુંબીઓ સાથે જુની અને નવી અક્કલ ભરી વાતો ચલાવી. સવાર પછી કાંઈ ખાધું-પીધું નહોતું, તેથી અત્યારે એને કોઇ ખાવા-પીવાની વાત કરે એટલે ઝટ કહે "રાતે ન ખવાય" રાતે ખાઇએ તો પાપ લાગે. પાણી પીવાનું કહેતાં, એ કહે કે 'કાચુ પાણી ન પીવાય, અને અત્યારે ઉકાળેલું પાણી હોય નહિ. માટે સવારે ખાઇશ અને પીશ.'

રાતના ૩-૩॥ વાગે એણે પૈસા માગ્યા. એની મામીએ છુટા પૈસાની એક ઢગલી કરી આપી, પછી 'કેમ પ્રવીણ! વરસીદાન દેવું છે?' એમ પૂછતાં એ કહે 'હા,' અને પછી તો ત્યાં જાગતાં બેસી રહેલા બધાને મુઠીઓ ભરી જાણે વરસીદાન દીધું. બીજી બાજુ બિમારી ગંભીર લાગતાં શેઠ દામજીભાઇને જગાડયા. એમણે ડોકટરને બોલાવ્યા એણે જોઇને આશા મૂકી દીધી. એટલે તો હવે શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં જે સતી મદનરેખાએ પોતાના પતિને અંતકાળની આરાધના કરાવેલી, એ વિગેરે દૃષ્ટાંતો સાંભળેલા, તેથી અમને પણ એમજ થયું કે, હવે તો આ બાળકને **અંતિમ આરાધના** કરાવવી લઇએ.

પ્રભાતે પ્રવીણને ત્યાંજ ભાઇ દામજીભાઈ જેઠાભાઇના ગૃહમંદિરમાં લઇ જઇ દર્શન-ધૂપ-પૂજાદિ કરાવ્યું. પછી નવકારશી આવી? એ નકકી કરીને નવકાર ગણી દાતણ-પાણી કર્યાં. પછી એ કહે 'કેળાં લાવો.' 'કેટલા?' એમ પૂછતાં કહે 'બે'. 'કેમ?' તો કહે 'એક દહેરે મૂકીશ, એક હું ખાઈશ.' એવું જ ચહા બે કપ કરવા કહ્યું. 'કેમ?' તો કહે કે એક ગુરુમહારાજને વહોરાવીશ, એક હું પીશ.' વળી એને પૂછયું 'કેમ પ્રવીણ? નાનુમામા સાથે દીક્ષા લેશોને? એના જવાબમાં ડોકું હલાવી હસતે ચહેરે હા પાડી. ત્યાં ચરવાળાની ડાંડી પર લુગડું વીંટાળી સામે બતાવી પૂછયું 'કેમ? આ ઓઘો લેશો?' તે વખતે આ સદ્ગતિનો મેમાન લઘુ બાળ એટલું બધું હસ્યો, અને આનંદપૂર્વક 'હા' પાડતાં એને પકડી રાખ્યો, કે એ જોતાં એમ લાગે કે આ જીવ કેવો ઉચ્ચ ગતિમાંથી આવેલો અને ઉચ્ચ ગતિગામી? એ હર્ષનું દૃશ્ય તો ભૂલ્યું ભૂલાય એમ નથી. ઉંમરે તો હજી ચાર વર્ષ પણ પુરા નથી થયા અને આ ધગશ! પાછા ત્યાં શ્રી સિદ્ધગિરિજી અને શ્રી શંખેશ્વરજી જવાના કોડ કર્યા.

ત્યાં આરાધના કરાવવા મુનિમહારાજને બોલાવવા ગયેલા, તેથી ગુરુદેવ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પરિવારમાંથી મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજ પધાર્યા. એમણે એને નવકારમંત્રનું રટણ કરાવ્યું. બાદ 'ધમ્મો મંગલ'નું માંગલિક ને સંથારાપોરિસી સૂત્ર સંભળાવી પથારીમાં રહે ત્યાં સુધી બીજી બધી વસ્તુનો ત્યાગ કરવા સાગારી અનશન કરાવ્યું. પછી પુન્ય-પ્રકાશનું સ્તવન સંભળાવ્યું. ત્યાં બધાએ એ ઝીલ્યું. જાણે મરણનો ઉત્સવ ઉજવાતો હોય એમ પ્રવીણકુમારના દાદી, માતા-પિતા તથા બીજાઓ પણ રડવાને બદલે આરાધના કરાવવામાં તલ્લીન બન્યા. પૂ. મહારાજશ્રીએ સ્થિતિ વધુ ગંભીર જાણી નવકારમંત્રની ધુન લેવરાવી. બાળકે પણ ઠેઠ સુધી ગુરુમહારાજ સિવાય બીજા કોઇ પર નજર ન રાખી. એ ઉત્તમ જીવ માત્ર મુનિરાજ પર તાકીને સુતો રહ્યો; નવકાર સાંભળતો ગયો; ત્યાં આયુનો તાર તૂટયો, અને ઉઘાડી આંખે સમાધિમરણ પામ્યો. સૌને ખબર પડતાં આ ધર્મલગની અને સમાધિની ભૂરિ ભૂરિ અનુમોદના કરી. ધન્ય હો જિનશાસનને, એના આવા આરાધકોને અને આરાધના કરાવનારને!

મોકલનાર—**શ્રી કાંતિલાલ ઘેલાભાઇ.**


## નોકરીની જરૂર છે.

એક ભાઇને નોકરીની જરૂર છે, ક્રીયા-રૂચીવાન અને હોંશીયાર છે, ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી ત્રણ ધોરણનો અભ્યાસ કરેલ છે. નામાના જાણકાર છે, જરૂર હોય તેઓએ નીચેના સરનામે લખવું.

બોક્ષ નં. ૪૦ 'કલ્યાણ' **પાલીતાણા.**

# ગ્રંથ અવલોકન

**ધર્મસંગ્રહ** [ ગુજરાતી ભાષાંતર ] ૧લો ભાગ ભાષાંતરકાર પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રકાશક: શેઠ નરોત્તમદાસ મયાભાઇ ઠે. હાજા પટેલની પોળ અમદાવાદ. ક્રાઉન આઠ પેજી ૭૨૦+૩૭=૭૫૭ પેજ મૂલ્ય: પઠન-પાઠન. સ્વ. શ્રેષ્ઠિવર્ય મયાભાઇ સાંકળચંદના સ્મરણાર્થે તેમના સુપુત્રોએ આ ગ્રંથનું પ્રકાશન કર્યું છે.

મૂળ તો ધર્મસંગ્રહને સં. ૧૭૩૧માં મહામહોપાધ્યાય શ્રીમદ્ માનવિજયજી મહારાજે રચ્યો છે અને તેનું સંશોધન તેમના સમકાલીન ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય પૂ૦ શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે કર્યું છે. જ્યારે તે ગ્રંથનો ગૂર્જર અનુવાદ પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીએ કર્યો છે. શ્રાવકોપયોગી આ ગ્રંથમાં ઘણી-ઘણી હકીકતોને સુંદર, સરળ અને ભાવવાહિ શૈલિમાં રજુ કરી છે કે જે વાંચતાં હૃદયને શ્રાવકપણાનું માર્ગદર્શન આપોઆપ મળી રહે એમ છે.

શ્રાવકજીવનના નાનામાં નાના કાર્યથી માંડીને મોટામાં મોટા કાર્યનું વિવરણ હૃદયંગમ રીતે કર્યું છે. આચાર, વિચાર અને ઉચ્ચારની શુદ્ધિ એ જીવનની મહામૂલી મૂડી છે. એ આત્માર્થી જીવોને આ ગ્રંથના વાંચન, મનન અને પરિશીલનથી પુરેપુરો ખ્યાલ આવી શકે એમ છે. ગ્રંથનો વિષય જ આચારપ્રધાન છે, એટલે આચારની શુદ્ધિ જીવનના ભોગે જાળવવી જોઇએ એવું દૃઢ મંતવ્ય ધરાવનારાઓને આ ગ્રંથ મહાન ઉપકારી છે.

બુદ્ધિ અને તર્કવાદના જમાનામાં આજે આચારનું ઠેકાણું નથી ત્યારે વિચાર અને ઉચ્ચારનું તો હોય જ ક્યાંથી ? આચાર જીવનમાં કેટલો મહત્ત્વનો પાઠ ભજવે છે એનો આ ગ્રંથ આપણને બોધપાઠ આપે છે.

આજે ઘણાઓના હૃદયમાં શંકા-કુશંકાઓ ઘર કરી ગઈ છે અને શ્રદ્ધાનું તત્ત્વ જીવનમાંથી ઓછું થયું છે, આવા અવસરે આ ગ્રંથ બહોળો પ્રચાર માગી લે છે અને એથી ઘણાઓનાં શંકાશીલ મન ચકડોળે ચડ્યાં હશે કે ચડતાં હશે તો ધીમે ધીમે ઠેકાણે આવી જશે.

પૂ. મહારાજશ્રીએ વધુમાં ફુટનોટ લખી વિષયની આજની પદ્ધતિએ છણાવટ કરી છે એથી ગ્રંથની ઉપયોગિતા વધે છે.

ગ્રંથની પાછળ જે સમય, દ્રવ્ય અને પરિશ્રમ ઉઠાવવામાં આવ્યો છે, એ પુસ્તક જોતાં અને વાંચતાં સાર્થક થયો છે.

ગ્રંથનું ઉદ્બોધન પૂ. આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ સાહેબે લખી આપ્યું છે એ પણ સુંદર છે, એટલું જ નહિ પણ વાંચવા-વિચારવા જેવું છે.

• આવા શ્રાવકોપયોગી ગ્રંથને ઘેર ઘેર વસાવી ઘરનાં બધા માણસોને ભેગાં કરી વાંચવો-વંચાવવો જોઇએ જેથી આચાર, વિચાર અને ઉચ્ચારનું જે પતન થઈ રહ્યું છે તે અટકે.

દળદાર ગ્રંથ પ્રકાશન કરવા પાછળ જે દ્રવ્યનો સદ્વ્યય કર્યો છે એ સાર્થક છે, જ્ઞાનની ભક્તિ છે.

ગ્રંથની ઉપયોગિતા, ઉત્તમત્તા અને ઉપકારિતા માટે વિશેષ શું લખવાનું હોય ?

ગ્રંથની મર્યાદિત નકલોજ છપાવી હતી એટલે હાલ આ ગ્રંથ મળતો નથી. નવી આવૃત્તિ છપાવવાની છે તો જેઓને ગ્રાહક થવાની ઇચ્છા હોય તેઓએ શ્રી શાંતિલાલ મણીલાલ ઠે. રીલીફરોડ અમદાવાદ એ સીરનામે પોતાની નકલો નોંધાવી લેવી. કારણ કે ગ્રાહક પુરતી જ નકલો છપાવવાની છે.

ગ્રંથનું મુદ્રણ, કાગળ, ગેટઅપ અને બાઇન્ડીંગ વગેરે સર્વાંગસુંદર છે.

**દીપમાળ** : લેખક પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર. પ્રકાશક : શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા ઠે, દિવાન ચોક જુનાગઢ. ક્રાઉન સોળ પેજી ૧૨૪ પેજ. મૂલ્ય: ૧-૪-૦. વિવિધરંગી શાહીમાં આખું પુસ્તક છપાએલું છે, ગેટઅપ પણ સુંદર છે. આજે ઇતર સાહિત્ય તો ખૂબ જ બહાર પડે છે અને

વાંચનાર વાંચે છે પણ ઘણું, પણ એમાંથી મોટે ભાગે મેળવવાનું ઘણું જુજ હોય છે ત્યારે ગુમાવવાનું ઘણું હોય છે, ત્યારે આવા સાહિત્યના વાંચનથી ગુમાવવાનું કંઇ નહિ અને મેળવવાનું ઘણું હોય છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ એકેએક વિષય ઉપર ટૂંકમાં પણ સચોટ, સરળ અને સુવાચ્ય શૈલીમાં મૌલિક વિચારોનો સરસ રીતે નિચોડ આણ્યો છે. મનન-માધુરી એ વિભાગમાં જે સુવાકયો મૂકયાં છે તે ખરેખર મનન કરવા જેવાં અને જીવનનું શ્રેય: કરનારાં છે. આવા પુસ્તકોનો બહોળો પ્રચાર એ અવળા રાહે આથડી રહેલાઓ માટે દીવાદાંડી રૂપ છે. આવું સાહિત્ય શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને જીવનનાં સત્ત્વોને પોષનારૂં છે એમાં શંકા નથી. શ્રી મોહનલાલ ધામીનું મંગલવચન પણ મંગળરૂપ જ છે. પુસ્તક દરેકને ઉપયોગી હોવાથી ખપી જતાં પહેલાં મંગાવી લેવું જરૂરી છે.

**માનવતા:** લેખક પૂ. પંન્યાસજી શ્રીમદ્ પ્રવીણવિજયજી ગણિવર સંપાદક: પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ. હિન્દીમાં અનુવાદક શ્રી રંજન પરમાર. પ્રકાશક: શાહ કાંતિલાલ રાયચંદ સાણંદ (ગૂજરાત). ફુલસ્કેપ ૧૨૬ પેજ. મૂલ્ય: પઠન-પાઠન, ગુજરાતી ભાષા કરતાં હિન્દી ભાષામાં બહુ જુજ સાહિત્ય જોવા મળે છે. એમાંય જૈન સાહિત્ય તો ઘણું ઓછું છપાયું છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રીનાં લખાણો એટલાં સરળ અને ભાવગ્રાહિ છે કે વાંચનાર સહેલાઇથી સમજી શકે અને જીવનમાં ઉતારી શકે. પૂ. મહારાજશ્રીનાં લખાણોનાં પુસ્તકો ગુજરાતી ભાષામાં તો નાનાં-મોટાં અનેક છપાયાં છે પણ આ હિન્દી આવૃત્તિથી ગુજરાતી ભાષાથી અનભિજ્ઞ બંધુઓને ઘણો લાભ થશે. માનવજન્મ સફલ કરવા માટે આવાં પુસ્તકોનું વાંચન અને પ્રચાર વધારવો જરૂરી છે. પૂ. મહારાજશ્રીના 'અંતરનાં અજવાળાં' એ પુસ્તકમાંથી ચૂંટી કાઢેલા લખાણોનું હિન્દીમાં અવતરણ છે. જૈનો સિવાયના ઇતરજનોને પણ આ પુસ્તક એટલું જ ઉપયોગી છે.

**આરાધના સંગ્રહ:** પ્રકાશક: સોમચંદ ડી. શાહ ઠે, જીવનનિવાસ સામે પાલીતાણા [ સૌરાષ્ટ્ર ] ક્રાઉન સોળ પેજી ૬૮ પેજ. મૂલ્ય: ૦-૫-૦. નવકાર, પંચિંદિય, ચાર ગતિ જીવનાં ખામણાં, આલોયણા, ૨૧ તથા ૧૦૮ સિદ્ધાચળજીના ખમાસમણાં, આત્મભાવના અને શત્રુંજય લઘુકલ્પ અર્થ સહિત આપેલ છે, આરાધક આત્માઓને માટે ઉપયોગી છે.

**આત્મ-સમર્પણ:** લેખક: શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા. પ્રકાશક: જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન મંદિર થરાદ (બનાસકાંઠા). ક્રાઉન સોળ પેજી ૨૦ પેજ. મૂલ્ય: ૦-૩-૦ હળવી ભાષામાં મહાપુરુષોની કથાઓનું આલેખન છે. આવી બીજી નવ પુસ્તિકાઓ ~~સંસ્થા તરફથી~~ બહાર પડવાની છે.

**સ્ત્રી સદ્ગુણમાળા:** યોજક: પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલ રવજીભાઈ ઝીંઝુવાડા. ક્રાઉન સોળ પેજી ૧૪ પેજ સ્ત્રીઓને શીખામણ રૂપ ૧૦૮ કડીઓ છે, સ્ત્રીઓને માટે વિશેષ ઉપયોગી છે.

**પ્રભુ મહિમા સ્તવ:** પ્રેરક: પૂ. પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ. ક્રાઉન સોળ પેજી ૪૦ પેજ. ચૈત્યવંદન વિધિ, સ્તવનો વગેરેનો સંગ્રહ છે,

**કાનજીસ્વામી ઉત્સૂત્ર પ્રરૂપણા:** લેખક: શ્રી ખુશાલચંદ ઝવેરચંદ દોશી જામનગર (સૌરાષ્ટ્ર) ફુલસ્કેપ ૩૦ પેજ મૂલ્ય ૦-૪-૦ બહારગામ પોષ્ટેજ સહિત ૦-૫-૦ કાનજીસ્વામી નિમિત્ત-ઉપાદાન અને વ્યવહાર નિશ્ચય અંગે જે ગોટા વાળે છે તે સામે આ પુસ્તિકા લાલબત્તી રૂપે છે, શ્રી કાનજીસ્વામીના અનુયાયીઓએ ખાસ વાંચવા જેવી છે.

**માનતુંગ પુષ્પમાળા:** સંચયકાર: પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી સુમતિ સેવા સમાજ સાલડી. ક્રાઉન બત્રીસ પેજી ૩૬ પેજ. મૂલ્ય: પઠન-પાઠન: પુન્ય પ્રકાશનું સ્તવન, ૨૧ ખમાસમણાંના દુહા, ચાર શરણાં. પદ્માવતી આરાધના વગેરે સંગ્રહ છે.

**ભક્તિરસ ઝરણાં:** પ્રકાશક: શ્રી ચંદુલાલ જેઠાલાલ ખંભાતવાળા ઠે, ખેતવાડી ૩જી ગલી ડાહ્યાભાઈ ઘેલાનોમાળો મુંબઇ ૪. ક્રાઉન સોળ પેજી ૪૦ પેજ મૂલ્ય ૦-૮-૦. સ્નાત્રપૂજા, શાંતિકળશ, પૂજામાં બોલવાના દુહારૂપે ગાયનો, સ્તવનો વગેરેનો સંગ્રહ છે. પ્રભુભક્તિ કરનારાઓને ઉપયોગી છે.

**દીવાદાંડી યાને મહાવિભૂતિઓ:** લેખક: પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ૬ એસ

લેન દાદર મુંબઇ ૨૮. ક્રાઉન સોળ પેજી કુલ ૧૧૬ જ. મૂલ્ય દશ આના. પ્રાચીન મહાપુરુષોની કથાઓનો સંગ્રહ છે. પૂ. મહારાજશ્રીએ રોચક શૈલિમાં દરેક કથાને આલેખી છે. 'કલ્યાણ'ના આપ્તમંડળના સભ્યોને પૂ. મહારાજશ્રીની શુભપ્રેરણાથી મદ્રાસ જૈન સંઘ તરફથી ભેટ અપાશે. ૫૫૫ ફોરીનના ૨૮ રતલી કાગળ અને સુંદર ગેટ અપ છે, પુસ્તક હાથમાં લેતાં દરેકને ગમી જાય એવું છે.

**નમસ્કાર મહામંત્ર માહાત્મ્ય:** સંપાદક: શ્રી ચંદનમલ નાગોરી પ્રકાશક: શ્રી ચંદનમલ નાગોરી જૈન પુસ્તકાલય છોટી સાદડી (મેવાડ). ફુલસ્કેપ ૧૧૬ પેજ બોર્ડપટ્ટી સોનેરી કાગળનું બાઈન્ડીંગ મૂલ્ય રૂા. ૨-૦-૦. શ્રી નમસ્કાર મહામંત્ર ઉપર ગુજરાતીમાં ઘણાં પ્રકાશનો બહાર પડયાં છે પણ હિન્દીમાં આ પહેલ-વહેલું પ્રકાશન લાગે છે. શ્રી નવકાર માહાત્મ્ય અંગેની ઘણી ઘણી હકીકતોને આવરી લીધી છે. જિજ્ઞાસુઓ માટે ઘણું ઉપયોગી પુસ્તક છે.

**સિંહપુરુષ:** લેખક: શ્રી જયભિક્ખુ. પ્રકાશક: શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ઠે, ગાંધીરોડ અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૨૧૬ પેજ. મૂલ્ય: ૨-૮-૦ બોર્ડપટ્ટી બાઈન્ડીંગ, સુંદર ગેટઅપ. વીરધર્મની વાતોનો આ ચોથો ભાગ છે, જયભિક્ખુના હાથે આજ સુધીમાં અનેક કથાઓ આલેખાઈ ગઈ છે એટલે એમની કલમ કે કૃતિ માટે વિશેષ શું લખવાનું હોય ! પણ તેમનો વધુ પડતો ઝોક સમય સાથે છે. આ પુસ્તકમાં કુલ ૧૪ વાર્તાનો સંગ્રહ છે. એમના એકેએક વાર્તાના પુસ્તકને સારો એવો આવકાર મળ્યો છે. પુસ્તકના બજારમાં સારો એવો ઉઠાવ પણ છે.

**અંતરનાં અજવાળાં:** લેખક: પૂ. પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગણિવર. સંપાદક: પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી કાંતિલાલ રાયચંદભાઈ જી અમદાવાડ સાણંદ ક્રાઉન સોળ પેજી ૩૭૨+૮૮=૪૬૦ પેજ મૂલ્ય: પઠન-પાઠન પ્રકાશકના નામ ઉપર એક રૂા. નું મનીઓર્ડર કરવાથી ભેટ મળશે સુંદર ગેટઅપ અને પાકું બાઇન્ડીંગ બુદ્ધિવાદના જમાનામાં છીછરૂં સાહિત્ય ખુબ પ્રગટ થઈ રહ્યું છે આવા અવસરે પૂ. પંન્યાસશ્રીએ સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધા પોષક ઉપકારક સાહિત્ય સરળ અને સૌમ્ય ભાષામાં દળદાર ગ્રંથમાં રજુ કર્યું છે. એકેએક પ્રકરણ સૌ કોઇને એક સરખું ઉપયોગી છે. ગ્રંથમાં ગ્રંથીત થયેલા વિષયોની સંકલના જિજ્ઞાસુ આત્માઓને સારૂં એવું માર્ગદર્શન આપી રહે એમ છે. ખરેખર આ પુસ્તક જીવનમાં પથરાએલા અંધકારને દૂર કરી અંતરનાં અજવાળાને પાથરે છે, આ ગ્રંથની ભૂમિકા પૂ. પંન્યાસજી કનકવિજયજી ગણિવરે લખીઆપી છે એ પણ એટલીજ મધુર ભાષામાં અને આખા ગ્રંથના સાર-રહસ્ય રૂપ છે કે જે વાંચતાં ગ્રંથનું મૂલ્યાંકન વધી જાય છે. આરાધનાના ખપી આત્માઓ આવા અણમોલ સાહિત્યનું સાદ્યંત વાંચન-મનન કરી પોતાના જીવનને ધન્ય બનાવે એજ અવલોકન કરવા સાથે મનીષા ધરાવું છું.

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી ગણિવર

(ગતાંકથી ચાલુ) (ઢાળ ૪ થી ગા. ૧-૨-૩)

જૈનદર્શનનો ભેદાભેદવાદ છે. એ વાદ સાદી સમજવાળા સમજી શકે છે, અને સૂક્ષ્મ તર્કશક્તિવાળા પણ ગૂચવાઈ જાય એવો છે. કોઇ તત્ત્વ કે કોઈ વાદ સમજવો હોય તો તે વાદ યા તત્ત્વ મિથ્યા છે, એમ માનીને સમજી શકાતું નથી. તે સમજવા માટે તેના પ્રત્યે પ્રીતિ જાગૃત થવી જોઈએ. શ્રદ્ધા અને બુદ્ધિ એ બેમાં બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા દૃઢ અને સંગત હોય છે એમ બુદ્ધિવાદીઓ કહે છે. અપેક્ષાએ એ સત્ય છે એવો સ્વીકાર કરવામાં કોઈ સુજ્ઞને વિરોધ ન હોય, પણ બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા વિશ્વમાં ક્વચિત્ જ જોવામાં આવે છે. શ્રદ્ધા સદંતર ન હોય અને બુદ્ધિમાં ઉતરતું જાય તેમ શ્રદ્ધા જામતી જાય-એ કથનમાત્ર રમ્ય છે. પણ અનુભવગમ્ય થવામાં વિષમ છે. ઘણી વખત બેને બે ચાર જેવી વાતો પણ કેવળ બુદ્ધિવાદીઓને

સમજવી અને સમજાવવી મુશ્કેલ થઈ પડે છે. તર્કમાં સાચાને ખોટું કરવાની અને ખોટાને ખરું કરવાની વિલક્ષણ તાકાત–શક્તિ છે.

બીજી બાજુ શ્રદ્ધાવાળો આત્મા પોતાના ક્ષયોપશમ અનુસાર બુદ્ધિની શક્તિને અનુરૂપ સમજવા માટે પ્રયાસ કરે તો તેને જરૂર તે તે ગહન લાગતા ભાવો પણ સરલ લાગવા માંડે છે, પોતે સમજે છે અને બીજાને સમજાવી શકે છે.

ભેદાભેદવાદ પણ સમજવા માટે પ્રથમ જરૂર છે શ્રદ્ધાની અને બીજી જરૂર છે બુદ્ધિની. શ્રુતજ્ઞાન આગમજ્ઞાનમાં દૃઢ મનવાળા આત્માને ભેદાભેદવાદ બુદ્ધિગમ્ય થાય છે. એ બળે આગળ વધતો આત્મા મોક્ષ મેળવે છે. જેઓ કેવળ બુદ્ધિવાદી છે તેનું મન દૃઢ નથી રહેતું. તેઓ વારંવાર શંકા–કુશંકા કર્યા કરે છે છેવટે તેઓ કોઈપણ પ્રકારની આરાધના કરી શકતા નથી ને, નાશ પામે છે. **संशयात्मा विनश्यति** શંકાશીલ સમર્થ હોય તો પણ નાશ પામે છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે–

**वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं,**
**णो लभति समाहिं ।५।५।**

વિચિકિત્સા–સંદેહ–શંકાને પરવશ પડેલા આત્માને સમાધિ મળતી નથી. સમાધિ–કોઈપણ તાત્વિક નિર્ણય મેળવવા માટે વિચિકિત્સા દૂર કરવી આવશ્યક છે.

ભેદાભેદવાદને કેવળ બુદ્ધિથી સમજવા માટે જેઓ ઈચ્છે છે તેમને પહેલેથી એવી શંકા થાય છે કે–આ ભેદ ને અભેદ એક સાથે એકમાં એકકાળે કેમ રહે. પરસ્પર વિરોધી ભાવો એકત્ર એક વખત રહી શકે જ નહિ. આ બુદ્ધિની પકડ એટલી મજબૂત છે કે, તેને અનુસાર બુદ્ધિમાં સ્ફુરણાઓ ઉપરના નિયમને પોષણ આપનારી થાય છે, અને પકડ ઢીલી પડતી નથી.

અંધારું હોય ત્યાં અજવાળું ન હોય અને અજવાળું હોય ત્યાં અંધારું ન હોય. એક સાથે એક સ્થળે અંધકાર અને પ્રકાશ ન રહે. શીત અને ઉષ્ણ, શ્વેત અને શ્યામ વગેરેની જેમ ભાવ ને અભાવ, ભેદ ને અભેદ વિરોધી છે. એક સ્થળે તે બન્ને એક સાથે ન રહે. બુદ્ધિવાદની આ શંકા ઉપર–ઉપરથી કેટલી વ્યાજબી લાગે છે. આ તર્કજાળમાં ફસાએલ હોય તેને ભેદાભેદવાદ સમજાવવો કેટલો મુશ્કેલ પડે એ સ્પષ્ટ સમજી શકાય એવું છે. કહી શકાય કે આવા બુદ્ધિવાદને પરવશ પડેલાને ગળે ન ઉતરી શકે એવો ભેદાભેદવાદ છે. ઉપરની શંકા દૂર કરવા માટે પ્રથમ જે અમુક વિચારોનો આગ્રહ બંધાઈ ગયો છે, તે દૂર કરવો જોઈએ. આગ્રહ જાય એટલે ગુરુવચનનો પરમાર્થ સમજાય. ભેદાભેદ એક સ્થળે એક વખતે ન જ રહી શકે એવા પ્રકારનો આગ્રહ જ્યાં સુધી હોય ત્યાં સુધી સામેની બાજુ સમજવાને અવકાશ રહેતો નથી. એ આગ્રહ ઢીલો પડે એટલે સામેની બાજુ વિચાર-કરવાનો અવકાશ મળે છે. ભેદાભેદ સાથે રહે છે. ભેદ અને અભેદમાં એવો વિરોધ નથી કે જે સાથે ન રહે. ભેદ અને અભેદ એકમાં રહે છે તે સ્પષ્ટ જણાય છે. ભેદ અને અભેદ બન્ને એક સરખા છે. તેમાં કોઈ એક મુખ્ય અને બીજો ગૌણ એવું નથી. ભેદ જૂઠો છે, ભેદ મિથ્યા છે. ભેદમાં બીજાની જરૂર પડે છે, અને અભેદ સ્વાભાવિક છે, અભેદ સાચો છે. અભેદમાં બીજાની અપેક્ષા નથી. એ પ્રમાણે માનવું–મનાવવું ખોટું છે. બન્નેમાં અપેક્ષા રહે છે. પરની અપેક્ષા સિવાય ભેદ કે અભેદ સમજી શકાય નહિ. કોનો ભેદ કે કોનો અભેદ ? એ પ્રશ્ન ભેદ અથવા અભેદ વિચારવા માટે ઉભો થાય છે. અને એ પ્રશ્નના સમાધાન માટે કહેવું પડે છે કે, ગુણનો ભેદ ગુણનો અભેદ એમ ભેદ અને અભેદ બન્નેમાં ગુણની અપેક્ષા રહે છે. એટલે ભેદ ને અભેદમાં કોઈ નાનું–મોટું નથી. બન્ને સરખા છે.

ભેદ અને અભેદ વિરોધી નથી. એક હોય ત્યાં બીજો ન રહે એ વિરોધનું સ્વરૂપ છે. ભેદ–અભેદમાં એ સ્વરૂપ લાગુ પડતું નથી. રૂપ અને રસ એ બન્ને એક કાળે એક સ્થળે સાથે રહે છે. એટલે તે બન્ને વિરોધી નથી એજ પ્રમાણે ભેદ–અભેદ એક સ્થળે સાથે રહે છે માટે વિરોધી નથી.

ભેદ અને અભેદ એ બન્ને પરસ્પર વિરોધી છે. એક સાથે નથી રહેતા માટે—

ભેદ અને અભેદ એ બન્ને, એક સાથે રહેતા નથી, પરસ્પર વિરોધી છે માટે—

એ પ્રમાણે બે વિચારણાઓ સામસામી અથડાય છે. સામસામી અપેક્ષા રાખતી બે વિચારણાઓ ભેગી

થઈ જાય ત્યારે તે એમાં કોઈપણ એકને બળ આપનાર ત્રીજી વિચારણા ન મળે ત્યાં સુધી એકે વિચારણા પોતાનું કાર્ય સાધી શકતી નથી.

ઉપરની બન્ને વિચારણાઓ સામસામી અથડાઇ ગઈ છે, એટલે ભેદ-અભેદ પરસ્પર વિરોધી છે એ વાત અને તે બન્ને એક સાથે રહેતા નથી, એ વાત ચોક્કસ થઇ શકતી નથી.

ભેદાભેદવાદીઓને પણ સામો પક્ષ પૂછી શકે છે કે-તમારે મતે પણ નિર્ણય થઇ શકશે નહિં, કારણ કે તમારી વિચારણાઓ સામસામી અથડાઈને કાર્યસિદ્ધિ માટે નિર્બળ થઇ જાય છે, તે આ પ્રમાણે-

ભેદ અને અભેદ સાથે રહે છે. પરસ્પર વિરોધી નથી માટે-

ભેદ અને અભેદ પરસ્પર વિરોધી નથી, સાથે રહે છે માટે-

એટલે તમારી વિચારણા સ્થિર કરવા માટે-સિદ્ધ કરવા માટે તમે જે ઉપાય લેશો તે ઉપાય અમારી વિચારણા સિધ્ધ કરવા માટે પણ કામ આવશે.

**ययोरेव समो दोषः परिहारस्तयोः समः**

અર્થઃ- જેઓનો દોષ સરખો છે, તેઓનો દોષ દૂર કરવાનો ઉપાય પણ સરખો છે.

આ પ્રમાણે જ્યારે ભેદાભેદવાદને કેવળ બુદ્ધિથી વિચારવામાં આવે છે. તર્કની કસોટીથી જ કસવામાં આવે છે ત્યારે કોઇ નિર્ણય કરી શકાતો નથી. આ સ્થિતિ ભેદાભેદવાદને માટે છે એમ નહિં, પણ કોઇ પણ વિચારણાને માટે એજ સ્થિતિ છે. દરેક વિચારણાઓ કેવળ બુધ્ધિને ઝપાટે ચડી જાય છે. ત્યારે અસ્થિર બની જાય છે. તે તે વિચારણાઓને સ્થિર કરવા માટે અનુભવ ખૂબ ઉપયોગી છે. અનુભવને આગળ કરીને વિચારણા કરવામાં આવે છે ત્યારે બુદ્ધિનું કાંઈપણ ચાલતું નથી. અને એક નિર્ણય ઉપર આવી શકાય છે.

ભેદાભેદવાદને સમજવા માટે અનુભવ આગળ કરવો જરૂરી છે. તે આ પ્રમાણે કરી શકાય છે. રૂપ અને રસ, પરસ્પર એક સાથે રહી શકે નહિં. બન્ને વિરોધી છે માટે; રૂપ અને રસ, બન્ને વિરોધી છે, એક સાથે રહેતા નથી માટે.

આ વિચારણાનો અંત ત્યારે આવે કે તેને બતાવવામાં આવે કે આ સાકરનો ટૂકડો કેવો સુન્દર સફેત છે અને તેનો સ્વાદ કેવો મીઠો છે. આમ રૂપ અને રસ એકમાં એક સાથે પ્રત્યક્ષ અનુભવાય છે માટે માનવા જોઈએ. તેમાં બુધ્ધિના વ્યર્થ તર્ક ચલાવવા નકામા છે. એ પ્રમાણે દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં પરસ્પર ભેદ અને અભેદ એક સાથે રહે છે, તે પ્રત્યક્ષ અનુભવથી જણાય છે. અનુભવ એટલે કાર્ય. જો ભેદાભેદ ન સ્વીકારવામાં આવે તો અનુભવનો વિરોધ થાય. તે તે કાર્યો ભેદાભેદ છે તો સિધ્ધ થાય છે, નહિં તો નથી થતાં. જેઓ પ્રત્યક્ષ સિધ્ધ ભેદાભેદ નથી માનતાં તેઓને તે તે વિચારણામાં એક તો માન્યા વગર ચાલતું જ નથી. કાં તો ભેદ માને અથવા અભેદ માને. એકાંતે ભેદ કે એકાંતે અભેદ ઘટી શકતો નથી. તેમાં અનેક દોષો આવે છે એ હકીકત પહેલાં વ્યવસ્થિત રીતે કહેવાઈ ગઈ છે. એટલે કેવળ ભેદ કે કેવળ અભેદ તો માની ન શકાય. હવે બાકી રહ્યો ભેદાભેદ. એ માનવો જ જોઇએ. કોઈ પક્ષના આગ્રહમુક્ત મતિ આ ભેદાભેદને તુરત સ્વીકારી લે તેમ છે.

પ્રત્યક્ષ જણાતા આ ભેદાભેદનો વિરોધ કરવો એ કેવળ બુદ્ધિની વિડંબના છે. પાણી વલોવ્યા કરવાથી કાંઈ સાર નથી નીકળતો તેમ કેવળ ભેદાભેદ વિરોધી છે માટે નથી ઘટતો એમ કહ્યા કરવાથી કાંઇ સાર નથી નીકળતો.

**'न हि प्रत्यक्षदृष्टेऽथ विरोधो नाम'** એ ઉક્તિ પ્રસિધ્ધ છે.

પ્રત્યક્ષ જણાતા પદાર્થો માટે કોઇ પૂછે છે કે આવું બીજે ક્યાં છે તો તે વ્યાજબી નથી. મૂઢતા-મૂર્ખતા છે. હા, એટલું જરૂર પૂછી શકાય કે આવા પ્રકારનું બીજા કોઇ પદાર્થમાં છે કે નહિં તો તેનો વ્યાજબી ઉચિત ઉત્તર આપી શકાય. પણ દૃષ્ટાન્ત તરીકે કોઈ પુછે કે આવો પદાર્થ બીજે કોઈ બતાવો તો અમે આ સત્ય માનીએ, તો તે જડતા છે. દૃષ્ટાંત અનુમાનમાં હોય, પ્રત્યક્ષમાં ન હોય એવા દૃષ્ટાંતની ઈચ્છા કરનારનો ઉપહાસ કરતાં કહ્યું છે; ખરેખર તમે ઘણા ચાલાક છો ખૂબજ બુદ્ધિમાન્ છો કે આવું બીજે ક્યાં જોયું છે? એમ કહીને પ્રત્યક્ષમાં પણ અનુમાનની જેમ દૃષ્ટાંતની માગણી કરો છો;

**क्वेदमन्यत्र दृष्टत्व-महो ? निपुणता तव ।**
**दृष्टान्तं याचसे यत्त्वं, प्रत्यक्षेऽप्यनुमानवत् ॥१॥**

(ચાલુ)

ળાના મુનીમજીએ વ્યવસ્થા સુંદર કરી આપી હતી. પૂ. ભદ્રમુનિ મહારાજનાં ત્રણ દિવસનાં વ્યાખ્યાનનો પ્રોગ્રામ રખાયો હતો. વ્યાખ્યાન સમયે મદ્રાસવાળા જૈન મિશનના મંત્રી મહોદય શ્રી રીખવદાસજીએ તથા શ્રી વાડીલાલ મગનલાલ શેઠે 'તીર્થની સેવા, અને આત્માનુભૂતિ' વિષે સુંદર સમજુતી આપી હતી.

નાલંદા, ગુણીયાજી, વગેરે તીર્થોનાં દર્શન કરી સંઘ પાવાપુરીની પવિત્ર ભૂમિમાં પધારેલ. ત્યાં પૂ. મુનિરાજ શ્રી જીતેન્દ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં સંઘપતિજી તેમજ તેમના સુપુત્ર વગેરેને તીર્થમાળ પહેરાવવાનો વિધિ થયો હતો. વરઘોડામાં તેમજ ભાતાખાતામાં પાંચ હજાર રકમની ઉપજ થઇ હતી. બપોરે રથયાત્રા સહ શ્રીસંઘ જલમંદિરે દર્શનાર્થે ગયો હતો અને ત્યાં સંઘપતિ તરફથી ગરીબોને ચોખા વહેંચાયા હતા.

અનેક તીર્થભૂમિઓને સ્પર્શી સંઘ કાર્તિક વદિ ૧૪ ના રોજ સમેતશીખરજી આવી પહોંચ્યો. અત્રે છ દિવસની સ્થિરતા કરી હતી. તે દરમીયાન પૂજા, પ્રભાવના, આંગી, તીર્થયાત્રા, સાધર્મિવાત્સલ્ય, વરઘોડો, માનપત્ર વગેરે શુભકાર્યો ઉત્સાહપૂર્વક થયાં હતાં, ત્યાંની પેઢી તરફથી પણ માનપત્રનો મેળાવડો યોજાયો હતો. માળારોપણની વિધિ સમયે સારી એવી ઉપજ થઇ હતી.

શ્રીમાન રીખવદાસ જૈને તથા પરીક્ષક વાડીલાલભાઇએ મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની ૫૩ વર્ષની કાર્યવાહી તેમજ સંસ્થાની ઉપયોગિતા વિષે સચોટ શૈલિમાં બ્યાન રજુ કરતાં ૩૯૦૦, રૂા. નો ફાળો થયો હતો.

માગસર શુદિ ૩ ના રોજ સંઘ રવાના થઇ ખુરદા સ્ટેશન આવતાં બેન્ડના સરોદો વચ્ચે સ્વાગત થયું હતું. શેઠશ્રી ગણેશમલજી તરફથી સંઘજમણ આપવામાં આવ્યું હતું. બપોરના બે વાગે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર એક સભા યોજાઇ હતી તે સમયે શેઠશ્રી ગણેશમલજીનું બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી રીખવદાસ જૈને તથા શ્રીયુત વાડીલાલભાઈએ જિનમંદિરની મહત્તા તથા કલીંગમાં થયેલ જૈન રાજા ખારવેલનો ઇતિહાસ જણાવતાં નૂતન જિનાલય માટે સંઘપતિ તરફથી રૂા. એક હજાર જાહેર કરાયા હતા.

ત્યાંથી સંઘ રવાના થઈ તુણી, શામલકોટા, વિજયનગર, રાજમન્દ્રી થઇ બેઝવાડા શુદિ ૮ ની રાત્રે આવી પહોંચ્યો હતો. દરેક જગ્યાએ ભાતાથી તેમજ ફ્રૂટ વગેરેથી ભક્તિ કરવામાં આવી હતી. વરઘોડો કાઢી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજમન્દ્રીના સંઘે સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું. બેઝવાડામાં સંઘપતિ તરફથી નવકારશી થઈ હતી.

બેઝવાડાથી સંઘ ગુડીવાડા પાછો ફરતાં સંઘપતિ તરફથી સરકારી ઓફીસરોને તથા પોષ્ટ, રેલ્વેખાતાના સ્ટાફને જમણ અપાયું હતું. તેમજ ૩૦૦૦ ઉપરાંત ગરીબોને દાળ-ભાત અને લાડુનું જમણ અપાએલ.

નિર્વિઘ્નપણે સમેતશીખરજી વગેરેની યાત્રા કરી અનુમોદન કરતા સૌ યાત્રિક ભાઇ-બ્હેનો ગુડીવાડા પાછા ફર્યાં હતા. શેઠ ગુલાબચંદજી, શ્રી મીશ્રીમલજી, શ્રી જાવંતમલજી, શ્રી નથમલજી, શ્રી રીખવદાસભાઇ તથા શ્રીયુત વાડીલાલભાઇ વગેરેએ સારી એવી મહેનત લઇ સંઘમાં સુંદર વ્યવસ્થા જાળવી હતી. સંઘવી શ્રી લુંબાજી શેઠે સંઘ કાઢી સાતે ક્ષેત્રમાં સારી એવી રકમનો સદ્વ્યય કર્યો હતો.

# ધર્મ અને તર્ક કે તર્કાભાસ

પૂ૦ મુનિરાજ શ્રી રવિવિજયજી મહારાજ

આજે જગતનો મ્હોટો વર્ગ પોતાને સ્વતંત્ર બુદ્ધિશાળી માને છે. હું જે વિચારૂં છું, તેજ સાચું છે અને મારા વિચારોને બીજાએ અપનાવવા જ જોઈએ. ખુબી એ છે કે, પોતે જે ચીજનો અભ્યાસ પૂર્ણ રીતે કે સારી રીતે કર્યો ન હોય તે ચીજમાં પણ પોતાનો વિચાર વ્યાજબી જ છે, એવી એક જડ માન્યતા પણ જોરદાર ધરાવે છે, અને તેને સ્વતંત્ર વિચારક દૃષ્ટિ કહે છે.

જયારથી આવો વર્ગ વધવા માંડયો ત્યારથી સમાજમાં, રાજકીય વ્યવસ્થામાં, ધર્મમાં કે ગૃહવ્યવહારમાં એક મોટો વિપ્લવ શરૂ થયો. આવો વર્ગ સુધારક અને સાચા તર્કવાદી તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો. આટલી વાત શરૂમાં રજુ કરવાનું કારણ એ છે કે, સાચી વિચારકદૃષ્ટિ, સાચો સુધારો, સાચો તર્ક શું છે, તેનું જગત જ્ઞાન કરતું થાય અને તર્ક સુધારો કે વિચારકદૃષ્ટિના નામે ખોટી રીતે ભોળવાઇ ન જાય. ગાડરીયા પ્રવાહ રીતે દોરવાઈ ન જાય. અને મળેલ માનવભવની સફળતા યોગ્ય સાધનોની સેવા કરી આત્મિક-વિકાસ વધારી પોતાના આત્મા ઉપર લાગેલ કર્મરૂપ કચરાને કાઢવા સતત પ્રયત્નશીલ બને.

ધર્મ એ એવી ચીજ છે કે, તેના નામે આજે કોઇ ગમે તેમ બોલે, ગમે તેમ લખે કે ગમે તેમ પ્રચારે તો તેના સામો પ્રતિકાર તે કરી શકે તેમ નથી. પંડિતો કે ધર્માચાર્યો કાંઇ બોલવા કે લખવા માંડે તો તેમને બોલતા કે લખતા બંધ કરવા માટે એક જબરજસ્ત હથીયાર છે તે એ કે, 'તેમને અકર્મણ્ય રીતે વર્તવું છે. પોતાની સત્તા જમાવવી છે, અને ખાઈ-પી ને ચાર દીવાલ વચ્ચે પડ્યા રહેવું છે.' આ ભયથી પંડિતો કે ધર્માચાર્યો પણ તેની સામે પ્રતિકારરૂપે કાંઇપણ બોલતા કે લખતા નથી.

આજની વિચારક દૃષ્ટિ મોટે ભાગે ધર્મનો ઉપયોગ પોતે જે સારી રીતે ગમે તે ખાય છે, ગમે તે પીએ છે, ગમે તેવી રીતે ભોગો ભોગવે છે, પરિગ્રહ માટે આસ્માન-પાતાલ એક કરે છે, તે વ્યાજબી છે. એને સિદ્ધ કરવા પછવાડે પડે છે. અર્થાત્ ધર્મ તે સાચો કે જે એમને સંસારમાં સારી રીતે લ્હેર કરવામાં અંતરાય ન કરે તથા આગળ વધીને તે કાર્યોમાં સહાયતા કરે.

લોકો આજે ક્ષમા, નમ્રતા, અહિંસા, સત્ય આદિને ધર્મ માનવા તૈયાર છે, પણ તે ક્ષમા, નમ્રતા, અહિંસા, કે સત્ય પોતાના લોભને પોષતા હોય કે જગતના ક્ષણિક પદાર્થોના રાગને દૃઢ કરતા હોય તો. બાકી ક્ષમા નમ્રતા કે અહિંસાદિ જગતના જડ પદાર્થોના લોભ કે રાગને નાશ કરવા માટે ઉપયોગ કરવાના છે, એવું જો કોઇ ધર્માચાર્ય કહે તો તેના સામે આજે અગણ્ય વ્યક્તિઓ પ્રતિકાર કરવા ચારે બાજુથી તૈયાર છે. તેજ વ્યક્તિઓ પ્રતિ-

---

મહેસાણા પાઠશાળાના પરીક્ષક ગંટુર તથા બેજવાડા દર્શનાર્થે જતાં શ્રી સંઘ તરફથી રૂા. ૧૭૦૦ સંસ્થાને ભેટ મળ્યા હતા.

કુલ રકમ સંસ્થાને પાંચેક હજારની ભેટ મળી છે.

કાર કરે છે કે જે પોતાને સ્વતંત્ર વિચારક કહેવડાવે છે.

અનંત જ્ઞાનીઓએ જે ધર્મક્રિયાઓ ફરમાવી છે, તેનો ઉદ્દેશ પણ તે ધર્મક્રિયાઓ દ્વારા જગતના જડ પદાર્થોના લોભ કે રાગને નાશ કરવાનો છે. અનંત જ્ઞાનીઓએ ફરમાવેલ એક પણ ધર્મક્રિયાઓમાં હિંસકભાવ કે અસત્યાદિનું પોષણ આવતું જ નથી, પણ તે ધર્મક્રિયાઓથી અહિંસકભાવ અને સત્યાદિની પુષ્ટિ જ થાય છે. સાધુઓનો એક પણ આચાર એવો નથી કે જેમાં અહિંસકભાવ કે ક્ષમાદિનું પોષણ ન હોય. શ્રાવકોની પણ ધર્મક્રિયાઓમાં અહિંસકભાવ તથા ક્ષમાદિને ખીચોખીચ ભરેલા છે. સાધુની ધર્મક્રિયાઓને આચરનાર ખુદ ગણધર ભગવંતો છે. તથા શ્રાવકની ધર્મક્રિયાઓને આચરનાર આણંદ કામદેવાદિ મહાશ્રાવકો છે. આવી કલ્પવેલડી જેવી ધર્મક્રિયાઓને બીનજરૂરી કે કિંમત વગરની ગણવી તે ગણધરદેવાદિની ભયંકરમાં ભયંકર આશાતના કરવા જેવું છે. અરે ખુદ તીર્થંકરદેવ સામે બળવો ઉઠાવવા જેવું કે તેમનું અપમાન કરવા જેવું છે. કારણ કે ગણધર ભગવંતોએ જે સાધુપણાની ધર્મક્રિયાઓ આચરી તથા શ્રાવકોએ શ્રાવકયોગ્ય ધર્મક્રિયાઓ આચરી તે તીર્થંકરદેવના ફરમાનથી આચરી છે. તેની કિંમત ઉડાવવી તે તીર્થંકરદેવના ફરમાનની કિંમત ઉડાવવા જેવી છે. તીર્થંકરદેવના ફરમાનની કિંમત ઉડાવવી તે તીર્થંકરદેવની કિંમત ઉડાવવા બરાબર છે.

આજનો વિચારક વર્ગ એમ કહે છે કે, આ ધર્મક્રિયાઓમાં ફેરફાર કેમ ન થાય ? શું તે અપરિવર્તનીય છે ? તેના જવાબમાં એકજ કહેવાનું કે ધર્મક્રિયાઓથી આત્મા કયા પાપકર્મથી વાસિત બને છે કે, જેથી તેનું પરાવર્તન કરવાની જરૂર પડે ! ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉ. શ્રી યશોવિજયજીએ ફરમાવ્યું છે કે, ધર્મક્રિયાઓમાં કોઇ ઠેકાણે (કોઈ ગચ્છમાં) સૂત્રો વધતાં-ઓછા બોલતા હોય તો તેમાં વ્યામોહ કરવો નહિ. તેમજ તે બાબતમાં તેની સાથે ઝગડામાં પણ ઉતરવું નહિં. અને ધર્મક્રિયાઓમાં અશ્રદ્ધા પણ કરવી નહિ. ધર્મક્રિયાઓમાં પરાવર્તન કરવાનું કહેનાર શું ગણધરરચિત સૂત્રોનું પરાવર્તન કરવા માગે છે ? ઓછા-વધતાં કરવાનું કહે છે ? અને એ રીતે પરાવર્તન માનનાર પરાવર્તન કરવા માટે કયું પ્રબલ કારણ આપે છે ? અથવા પરાવર્તનના નામે તેમના અંતરમાં અનંતસુખના કારણ તરીકે કહેલ ધર્મક્રિયાઓ ઉપર દ્વેષ જાગ્યો છે ?

કોઈપણ વખત ધર્મ અને તર્ક તથા વિચારકદૃષ્ટિને વિરોધ રહ્યો નથી, રહેતો પણ નથી અને રહેશે પણ નહિ. ફક્ત તર્ક કે વિચારક દૃષ્ટિ ધર્મશાસ્ત્રનો ગુરુગમદ્વારા અભ્યાસ કરીને પેદા થયેલ જોઇએ અને તે પણ પુન્ય-પાપ સ્વર્ગ-નરક કે મોક્ષાદિના કારણ તરીકે ગણાવેલ હિંસા પુન્યાદિને આંખ સામે રાખીને જોઇએ. પરલોકને કે પરલોકના કારણને ભૂલીને સ્વતંત્ર રીતે આલોકને જ આંખ સામે રાખીને કરાયેલ તર્ક કે વિચાર એ તર્ક કે વિચાર નથી પણ તર્કાભાસ કે વિચારાભાસ છે. તર્ક અને વિચારના નામે તર્કાભાસ કે વિચારાભાસની પછવાડે ન ખેંચાઇ જવાય, તેનો પાપભીરૂ અને દુર્ગતિના અનિચ્છકે ખાસ ખ્યાલ રાખવાની જરૂર છે.

આજનું વિજ્ઞાન તર્ક અને વિચાર કરતાં શિખવે છે, પણ તે તર્ક કે વિચાર પરલોક, તેના કારણો, આત્મા, સંસાર અને મુક્તિથી નિરપેક્ષ રાખીને હોય છે. તેથી આવા તર્કો

કે વિચારો જીવનને ઉન્નત બનાવવાના બદલે અવનત બનાવે છે. હજુ વિજ્ઞાન ઘણું અધુરૂં છે. સમુદ્ર જેવડા વિશાળ સંસાર આગળ એક સમુદ્રના કાંઠે રહેલ કાંકરા જેટલું પણ નથી. ત્યારે ભગવાન જિનેશ્વરદેવનું વિજ્ઞાન, સંપૂર્ણ સંસારને જાણનારૂં છે. આ વાસ્તવિક સત્ય જ્યારે વિચારકોના અંતરમાં આવશે ત્યારે જ વિચારકો તર્કાભાસ કરવાનું છોડી દઇ સાચા તર્કો કરતાં શીખશે અને તેવા તર્કો કરવા દ્વારા ધર્મના પરમ તત્ત્વને સમજી શકશે. અને પછી સ્વ અને પરનાપરમ સુખના નિમિત્તો બની શકશે.

અનંતજ્ઞાનીઓએ કહેલ ધર્માધર્મમાં તર્ક છે. એટલું જ નહિ પણ તેમણે ફરમાવેલ ધર્મક્રિયાઓમાં પણ તર્ક ઘણો કહ્યો છે, તેમાં મુશ્કેલી એક છે કે, ધર્મક્રિયા કરનાર વર્ગ તર્કને જાણવા ઇંતેજાર નથી. અને નહિ કરનાર વર્ગમાં તેના પ્રત્યે અરૂચિ છે. માટે જ બન્નેમાં સંઘર્ષણ થાય છે. જો ધર્મક્રિયા કરનાર તર્કને સમજતો થાય, અને ધર્મક્રિયાને નહિ કરનાર વર્ગ ધર્મક્રિયાઓ પ્રત્યે રૂચિવાલો બની જાય તો બધું સંઘર્ષણ ઉડી જાય અને પરસ્પર અપૂર્વ પ્રેમ જામી જાય.

ધર્મક્રિયાઓ એ મૈત્રી આદિ તથા ક્ષમાદિ ધર્મભાવને પેદા કરનાર છે, માટે તે પણ ધર્મ છે. ધર્મક્રિયાઓ વગર મૈત્રી આદિ તથા ક્ષમાદિ ધર્મભાવની વાતો કરનારને આનંદઘનજી કઠોર શબ્દોમાં શીખામણ આપતાં કહે છે કે.

કારણ જોગે રે કારજ નિપજે,
એહમાં કો નહિ વાદ;
પણ કારણ વિણુ કારજ સાધીએ,
એ નિજમત ઉન્માદ.

અર્થાત્ ધર્મક્રિયાઓ રૂપ કારણ વગર મૈત્રી આદિ તથા ક્ષમાદિ ધર્મભાવની વાત કરનાર ઉન્માદી છે.

આ વાતને તર્કવાદીઓ સમજે અને અનંતજ્ઞાનીઓએ ફરમાવેલ ધર્માચારની મહત્તાને ખ્યાલમાં લઇ પોતાની અશકિતથી ધર્માચારનું પાલન નહિ થવા છતાં પણ તેના ઉપર અખંડ પ્રેમ કેળવી જગતના જીવોને તેની વિશેષતા સમજાવી સ્વ તથા પરના સુખના ભાગીદાર થાય આજ આશયથી આ લેખ લખવામાં આવ્યો છે; પાપભીરૂ ને આત્મપ્રેમી વર્ગ ધર્મક્રિયાઓના આશયને તથા તર્કોને સમજી ધર્મક્રિયા આચરનાર બને તો પણ તેઓ પોતાનું ઘણું કલ્યાણ સાધી લેશે, અને તર્કાભાસ તથા વિચારાભાસ કરનાર વર્ગને પાપથી બચાવી શકશે. સાચો તર્કવાદી કદાગ્રહી નહિ હોય તો તર્કાભાસને છોડી તર્કનો પ્રેમી બની તર્કો કરવા દ્વારા ધર્મક્રિયાના મહત્ત્વને સમજી રૂચિ જગવીને પોતાનું કલ્યાણ સાધશે.

---

## જા ગી જા રે

જાગી જા રે, જાગી જા !
હો, સુભાગી !
વીણા ધર્મની વાગી,
હો ધીર ! નિંદ ત્યાગી જા !
ભાગી જા રે, ભાગી જા !
હો, સુભાગી !
માયાનો મહેલ ત્યાગી,
મુકિતનાં તીર લાગી જા !

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

# રત્નકણિકાઓ.

સંગ્રા૦ પૂ૦ મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

ધર્મની આરાધના કરવા માટે વિરાગ જોઇએ. "સંસાર અસાર છે આ બધું શું આપણું લીલું કરવાના છે" એવો માત્ર કોરો વાગાડંબર નહિ ચાલે, એને માટે જીવનમાં માર્ગાનુસારીના ગુણો ખીલવવા જોઈએ. એ ગુણો પ્રત્યે અનુરાગી બનવું જોઇએ.

જેણે સારોય સંસાર અસાર માન્યો એને અનીતિની લક્ષ્મી તો અસાર લાગે એમાં નવાઈ શું ? એ પણ ન હોય તો વિરાગની વાસના કયાંથી ?

સાચા મા-બાપ બનતાં શીખો. વિષય અને કષાયના ઉમળકાને બાળકનાં દેખતાં બહાર ન જણાવો. મા-બાપ બનવું એટલે જીવનમાં ઘણોજ અંકુશ કેળવવો. જીવનમાં અંકુશ કેળવ્યા પછી સેવા માગો. માંગવી નહિં પડે યોગ્ય મા-બાપ થયા હશો તો સેવા આપમેળે મળશે.

અનેકમાં હું પોતાપણું માની બેઠો છું ત્યાં સુધીજ આ ઉપાધિ છે. હું એકલો છું. હવે એકલો થાઉં (નમિ રાજર્ષિ)

આ વિનશ્વર કાયામાંથી અવિનાશી પદ મેળવવું, આ પર એવી કાયામાંથી સ્વહિત સાધી લઉં એ આદર્શ રાખવાનો એ પછી તપ કરીને કાયા જ્યારે ફીક્કી દેખાશે ત્યારે પણ આનંદ થશે.

કસોટીના પ્રસંગને ધર્મી આત્મા ઉત્સવરૂપ માને છે. કસોટીની ઘડીએ આત્માનું તેજ ઓર પ્રગટે છે.

સત્પુરૂષોનાં વચનને, એમના સમાગમને, જે આત્મા પચાવી જાણે તેનાથી કર્મ કંપે છે. મોહ ત્રાસે છે, સંસાર ટૂંકો થાય છે, એ જીવન ધન્ય બનાવે છે.

મોહના વચનો રોજ સાંભળ્યા છે. ઘણા કાળથી સાંભળ્યા છે એટલે એ મોહનો સંસ્કાર આત્મામાં દ્રઢ થઇ ગયો છે, હવે એ અવસ્થાને ટાળવા ધર્મનું શ્રવણ અતિજરૂરી છે. રોજના શ્રવણથી ધર્મ-સંસ્કારની દ્રઢ ભૂમિકા ઘડાય છે.

મહાન વસ્તુની સાધના માટે પુરુષાર્થ મહાન જોઇએ. જિનેશ્વરદેવોએ પ્રરૂપેલ મહાન ધર્મની આરાધના માટે પુરુષાર્થ પ્રબલ જોઇએ.

સત્સંગના ખપી બનવું એટલે આપણે બીજા પાસેથી સત્સંગ મેળવવો અને પોતે બીજાને સત્સંગ આપવો.

અંતરાત્માના ઉંડાણ સુધી ધર્મનો રંગ જાય તો જ આત્માનાં ઉંડાણ સુધી પહોંચેલા કષાયના રંગને કાઢી શકે, આત્માના પ્રદેશે પ્રદેશે કષાયોનો રંગ વ્યાપી ગયેલો છે, એને કાઢવા માટે ધર્મનો રંગ પણ જો આત્માને પ્રદેશે-પ્રદેશે પહોંચી જાય તોજ કારગત નીવડે. હાડકાં સુધી પહોંચી ગયેલો રોગ માત્ર ચામડી ઉપર તેલ માલીશ કરવાથી ન જાય.




## પ્રિય બાલમિત્રો !

'કલ્યાણ'ના દશમા વર્ષનો આ છેલ્લો અંક તમારાં હાથમાં આવે છે. આગામી અંકે 'કલ્યાણ' અગીયારમા વર્ષમાં પદાર્પણ કરે છે. સાથે-સાથે 'બાલજગત' ત્રણ વર્ષ પૂરાં કરી ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. આગામી અંકથી 'બાલજગત'માં નવું પરિવર્તન આવશે. દિન-પ્રતિદિન 'બાલ જગત' તમારાં સહુના સહકારથી આગળ વધતું રહેશે.

* * *

## દોસ્તો !

'બાલજગત' ને તમારૂં માની, એના ઉત્કર્ષ માટે તમે જે રસ ધરાવો છો, તે માટે અમે તમારા સહુના અતિશય ઋણી છીએ. તમારા લેખો, ટુચકાઓ, તેમજ તમે અમારા પર જે રસસામગ્રી મોકલી રહ્યા છો, તેને અમે સહર્ષ અહિં રજુ કરતા રહીશું.

* * *

## વ્હાલા મિત્રો !

'બાલજગત' દ્વારા યોજાયેલી નિબંધ હરિફાઇમાં 'હું હિંદનો વડાપ્રધાન હોઉં તો' નિબંધના મળેલા લેખો પરીક્ષક સમિતિ હસ્તક તપાસાઇને આવી ગયા છે, તેનું પરિણામ આગામી અંકે રજુ થશે, તો તેમાં ભાગ લેનારાઓ તે હકીકતની નોંધ લે !

આગામી અંક માટે લખાણો અમારા પર વેળાસર મોકલાવી આપો ! આગામી અંકે બાલજગત સમૃદ્ધ, તથા સુંદર રીતે સજ્જ થઇ તમારી સમક્ષ આવશે.

તા. ૧-૨-૫૪. સંપાદકના સ્નેહવંદન.

* * *

## સફળ જીવનની ચાવી

"મને હવે જીવવાનો મોહ નથી રહ્યો, મારૂં જીવન દુઃખ, વેદના અને નિરાશાથી ખારૂં ઝેર જેવું બની ગયું છે. મને જગત, તેનો સમગ્ર વ્યવહાર અને તેના બંધનો નિરર્થક ભાસે છે, મારા માટે હવે તો આત્મહત્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી..."

જ્યારે તમને કોઇ કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત થાય છે, ત્યારે અનેક વખત તમારા મુખમાંથી આવા નિરાશાજનક અને વેદનાભરપૂર ઉદ્‌ગારો નીકળી પડે છે, પરંતુ એ તમારા હૈયાની, તમારા આત્મ-વિશ્વાસની કે આત્મ-શક્તિની નિર્બળતા સિવાય બીજુ કાંઇ નથી. આ રીતે તમે તમારી નિર્બળતા વ્યક્ત કરીને વધુ નિર્બળ બનો છો !

તમે દુઃખી છો એમ માનવું એ કેવળ તમારી દૃષ્ટિનો જ ભ્રમ છે. તમે કોઈ દિવસ વિચાર કર્યો છે કે, 'જગતમાં જો આંસુ ન હોત તો હાસ્યની સુંદરતાને કોણ પારખી શકત ? દુઃખ ન હોત તો સુખના સત્વનો કોણ સ્વાદ લઈ શકત ? જગત એટલે સુખ અને દુઃખ, હાસ્ય અને રૂદન, ગુલાબ અને કંટક, વિજય અને પરાજય એ સર્વે તત્ત્વનું અનેકરંગી મિશ્રણ !'

તમારામાં જો આત્મવિશ્વાસ હશે, આત્મશ્રદ્ધા હશે તો તમે કોઈ અન્યની ઉપર વિશ્વાસ મૂકી શકશો. તમારી આત્મશ્રદ્ધા તમારી પ્રેરણા બનશે અને તમને જીવનના ઉચ્ચતમ શિખરે પહોંચાડશે. આત્મશ્રદ્ધા-આત્મવિશ્વાસ વિનાના માણસની કિંમત નથી. જગતમાં જો સુખી રહેવુ હોય તો સૌથી પ્રથમ આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધાને કેળવતા શીખો. સફળ જીવનની આ

મહામોંઘી ચાવી છે; જેની સામી બાજુના પલ્લામાં આખા જગતની સંપત્તિ મૂકો. તોય એનું પલ્લુ સદાય નીચુ જ રહેવાનું ! કરોળિયાની પેઠે એક વખત પ્રયત્ન આદરો તો તેને મેળવીને જ રહો. તમારી આત્મશ્રદ્ધા તમારી આસપાસ નંદનવન સર્જી દેશે. ત્યારપછી વાતાવરણની કરૂણતા કે અશાન્તિ તમને સ્પર્શ પણ નહિ કરી શકે. ભૂલશો નહિ, તમારા આત્મવિશ્વાસની એ જલતી જ્યોત તમારા જીવનમંદિરમાં સુખ, હાસ્ય, આશા અને મહત્ત્વાકાંક્ષાઓનાં દીપક પ્રગટાવી, તમારા જીવનની તિમિરમય રજનીને શ્રદ્ધા અને શકિતના ચેતનવંતા પ્રકાશથી ભરી દેશે !

શ્રી દીલીપકુમાર ( રાણપુર )

* * *

## માય હેડ એટલે મારૂં માથું !

એક હતો છોકરો તેનું નામ બુદ્ધિરામ. પરંતુ ભાઇ છે સીધા અને સાદા અલબત એવકૂફ. એટલા માટે તેના મિત્રો તેને બુધ્ધુ બુધ્ધુ કહીને બોલાવે, અને જ્યારે મોકો મળે ત્યારે તેને ખૂબ બનાવે, પરંતુ અક્કલનો ખાં કંઈ તેનો મર્મ સમજે નહિ, કે લોકો શા માટે મને બુધ્ધુ કહે છે.

એક દિવસ માસ્તરે પાઠમાં લખાવ્યું; 'My head ( માય હેડ ) નો અર્થ છે મારૂં માથું' બધા વિદ્યાર્થીઓએ કહ્યું, મારૂં માથું, સ્કુલમાં રજા પડી ત્યારે બુધ્ધુભાઈ વારંવાર બોલીને ગોખે 'My head એટલે માસ્તર સાહેબનું માથું, માસ્તર સાહેબનું માથું' ત્યારે એક છોકરાએ કહ્યું કે 'અરે ! ભાઈ! આ તું શું બોલે છે? માય હેડ એટલે મારૂં માથું' ત્યારે બુધ્ધુભાઈનો મિજાજ ગયો, 'અરે જા, જા, તું તો મને ઉંધું-ચીતું સમજાવવા આવ્યો છે ને!' માસ્તર સાહેબે ચોકખું કહ્યું હતું કે, 'મારૂં માથું. હું એવો મૂર્ખ નથી કે તારૂં માથું કહેવા માંડું !'

છોકરો ચાલ્યો ગયો, બુધ્ધુએ તો બોલવાનું શરૂ કર્યું, 'માય હેડનો અર્થ માસ્તર સાહેબનું માથું માસ્તર સાહેબનું માથું !'

જ્યારે સાંજ પડી, બુધ્ધુભાઈ ઘેર ગયા ત્યારે તેના પિતાએ કહ્યું, 'લાવ તો તારી અગ્રેજી ચોપડી, જોઉં તો ખરો, તું ભણે છે કે રાત દિવસ રમ્યા જ કરે છે?' ત્યારે બુધ્ધુએ ચોપડી પિતાના હાથમાં મૂકી, ત્યારે પિતાએ કહ્યું; કેમ ભણતો નથી? બુધ્ધુ કહે છે; 'જે પાઠ ગુરુજી આપે છે તે તરત તૈયાર કરી લઉં છું ગમે તે પાઠ પૂછો, ઝપાટાબંધ જવાબ ન આપું તો મારૂં નામ બુદ્ધિરામ નહિ ! આજેજ આ પાઠ વાંચ્યો છે!' બન્યું એવું કે પિતાએ પણ તેજ પ્રશ્ન પુછ્યો; અને બુધ્ધુએ ઉત્તર આપ્યો; 'માય હેડ એટલે માસ્તર સાહેબનું માથું' પિતાએ ગુસ્સો લાવી એક લપાટ લગાવી દીધી અને કહ્યું કે 'માય હેડ એટલે મારૂં માથું. માસ્તર સાહેબનું માથું નહિં, જા ગધેડા બરાબર ગોખી લાવ,' બુધ્ધુભાઈ બહુ વિચારમાં પડ્યા. 'આ તે શી ભાંજગડ? ખેર! ઠીક ચાલો ગોખીએ 'માય હેડ' એટલે બાપાનું માથું, બીજે દિવસે હેડ માસ્તર આવી પહોંચ્યા. અંગ્રેજી પીરીયડ હતો, વિચાર કરે છે નવીન માસ્તર છે, છોકરાઓને કેવું અધ્યયન કરાવે છે તે જરા જોઉં? બીજી બાજુ બુધ્ધુભાઈના પિતાશ્રી પણ ફરીયાદ લઇને આવેલ કે, છોકરો બહુ નાલાયક છે, બરાબર ભણતો નથી, પરંતુ હેડ માસ્તરને જોઇ ચૂપચાપ ઉભા રહ્યા. હેડ માસ્તરે પરીક્ષા લેવી શરૂ કરી. ક્રમશ; બે-ચાર છોકરાઓને પ્રશ્ન પુછ્યા, ઉત્તર પણ ઠીક મલ્યા, હવે આવ્યો બુધ્ધુભાઇનો વારો. ભાગ્યજોગે એજ પ્રશ્ન આવ્યો કે 'માય હેડ' નો અર્થ શું? આપણા બુધ્ધુભાઇ! બહુ ઉંડા વિચારમાં પડયા કે 'એક બાજુ પિતાશ્રી, બીજી બાજુ ગુરુજી. હવે હેડ માસ્તરને જવાબ શું આપવો?' જરા મૌન રહ્યા ફેર હેડ માસ્તરે પ્રશ્ન પુછ્યો. બુધ્ધુભાઈ વિચાર કરે છે; મનમાં માનતાઓ માને છે, હે ભગવાન! મારી લાજ રાખજે આજે જો આમાંથી બચી જાઉં તો બહાર નીકળીને તરત જ બે પૈસા કોઇ ફકીરને દાન આપી દઉં! પરંતુ બીચારાની આ ભાવના સફળ થઈ નહિ! જીભ બંધ થઇ ગઈ, ક્ષણમાં ગુરુના સામું, તો ક્ષણમાં પિતાશ્રીજી સામું, તો ક્ષણમાં હેડ માસ્તર સામું, એમ વારંવાર જોયા કરે, અને વિચારે આ તો મુશ્કેલીમાં આવી પડયો, તેટલામાં તો ફેર પ્રશ્ન પૂછાયો, અને બુધ્ધુભાઇને ઉત્તર સૂઝી આવ્યો અને કહે છે; 'માય હેડ' નો અર્થ નિશાળમાં માસ્તર સાહેબનું માથું, અને ઘરે બાપુજીનું માથું !' માસ્તર

તથા નિશાળીયા ખડખડ હસી પડયા ! પરંતુ બુધ્ધુભાઇ બીચારા સમજી શકયા નહિ કે આ શા માટે હસે છે !
ખરેખર બુધ્ધુભાઈ તો બુધ્ધુભાઈજ રહ્યા !

**શાહ કેશવજી માણેકચંદ ઘીવાલા** ( દાંતા )

* * *

## રજકણ.

૧ ખોટી ખુશામત (ગુલામી) કરવી એ મીઠું ઝેર છે.
૨ અડગ નિશ્ચયથી જ આગળ વધો.
૩ જરૂર કરતાં વધારે બોલી શક્તિનો વ્યય ન કરો.
૪ આચરણ વિનાનો ઉપદેશ નકામો છે.
૫ પ્રતિજ્ઞા લો તો તેને માટે મરી ફીટો.
૬ સંતોષમય જીવન એજ ખરૂં ધન છે.
૭ હંમેશાં સત્ય બોલવા માટે પ્રયત્ન કરો.
૮ સત્ય અને સાચા માર્ગે જ લક્ષ્મી મેળવો.
૯ કોઇનું સારૂં દેખી ઈર્ષ્યા કરવાનું દીલ ન કરશો.
૧૦ કરકસર કરો પણ કંજુસ તો ન જ બનો.
૧૧ એકલા પૈસાથી જ જીવનની ફતેહ થતી નથી.
૧૨ માટે ધર્મમય જીવન માણવાની કોશીશ કરતાં શીખો.
૧૩ ઉડાઉ ન બનશો પણ ઉદ્ધાર તો જરૂર બનો.
૧૪ સ્વામીભાઇની ભક્તિ કરવાની ભાવના રાખશો.

**સં. શ્રી દીપચંદભાઇ ટી. શાહ** (ટુવડ,)

* * *

## વીરનો વારસ કોણ ?

જેના આચારમાં, વિચારમાં અને વાણીમાં સંસ્કારિતાનું પ્રતિબિંબ પડતું હોય, જેના મુખમાં સત્યનો રણકાર હોય, જેના હૈયા બાગમાં સંયમના પુષ્પો વિકસેલા હોય જેની રગેરગમાં માનવતાના બિન્દુ ટપકતા હોય, માનવતાની ભવ્ય મહેલાત ચણવાના સોનેરી સ્વપ્નો જેની નીંદરડીને વેરણ કરતા હોય, જેના હૈયાકુંજમાં ધર્મનો ઝળહળતો દીપક પ્રગટેલો હોય, જેની હૃદયવાડીમાં અહિંસાનું સામ્રાજ્ય ફેલાયેલું હોય, જેના આત્મ દ્વારે પવિત્રતાની ગંગા વહેતી હોય, જે જીવનના રંગ મંચ પર ઉભો ઉભો તપ માટે વિજયની વાંસલડી વગાડતો હોય, એનું નામ જ વીરનો વારસ.

વીરના વારસ હોવાનો દાવો કરતાં મહાનુભાવો આટલું સમજે તો કેવું સારું ?

**શ્રી બલવંતરાય પી. મહેતા** ( પાલીતાણા )

## ત્રણની ખુબી.

* દુનિયામાં ત્રણ મોટા ગણાય છે:-દેવ, ગુરુ, અને ધર્મ.
* ત્યજવાને લાયક ત્રણ છે-પરધન, પરસ્ત્રી અને પરનિંદા.
* ત્રણ જણ હમેશાં દુઃખી હોય છે;-નાદાન, ઈર્ષ્યાલુ અને નાહિંમત.
* મિત્રતા કરવાને નાલાયક ત્રણ છે:-કપટી, કુલક્ષણી અને દુર્જન.
* વેપારમાં ત્રણ ચીજની જરૂર પડે છે:-દામ, દામ અને દામ.
* પૈસા કરતા વધુ કિંમત ત્રણની છે:-અક્કલ, ઈજ્જત અને સચ્ચારિત્ર.
* મોટાઈનો નાશ કરનાર ત્રણ છે:-નાદાન મિત્ર, સ્ત્રીની ગુલામગીરી અને આળસ.

**શ્રી નવિનચંદ્ર મગનલાલ શાહ.**
( મુંદરા-કચ્છ. )

* * *

## A. B. C. D. ઉપર શબ્દ ગમ્મત.

૧ કોE કામ કરો તો Vચાર કરીને કરજો !
૨ નાના છોકરાOA BD અથવા Cગારેટ નહિ P V જોEA.
૩ મોહનભાE રોJ પૂજા કરે છે.
૪ છોકરાOને ધાર્મિક શિક્ષણ આપવું જોEA.
૫ Cનીમા જોવાથી પૈસાની બરબાD થાય છે.
૬ જૈન થEને રાત્રિભોજન નહિ કરવું જોEA.
૭ VPનભાE પાઠશાલામાં જાય છે.
૮ પોસહની અંદર ૧૨ણ પૂંGને ઉધાડવું.
૯ Gવનલાલ છોકરાOને ધાર્મિક શિક્ષણ સારૂ આપે છે.
૧૦ ચૌદશના Dવસે ઉપવાસ અને પૂજા જરૂર કરવી જોEA.
૧૧ Kણમુનિઓ આકાશમાર્ગે જાય છે.
૧૨ ૧૦૦લાપુરમાં ભવ્ય દહેરાસર છે.
૧૩ ૧૦૦મચંદ D. શાહ માCક કલ્યાણના તંત્રી છે.
૧૪ ૧૦૦મવારે પાઠશાળામાં રજા છે.
૧૫ જૈનભાEOA બાર વ્રતના નિયમ લેવા જોEA.

**બાલમુની શ્રી હિરણ્યપ્રભવિજયજી મ.**

## નવો આંક.

૧ એકડે એક,
પ્રભુ દર્શનની રાખો ટેક.

૨ બગડે બેય,
ગુરુવંદન ભુલુ ના બેય.

૩ ત્રગડે ત્રણ,
માત-પિતાને હો મુજ નમન.

૪ ચોગડે ચાર,
વડીલ મારાને હોજો નમસ્કાર.

૫ પાંચડે પાંચ,
સાચને કદિ ના આંચ.

૬ છગડે છય,
પ્રભુપૂજા કરીશ હું નિત્ય.

૭ સાતડે સાત,
સેવા કરીશ હું દિન-રાત.

૮ આઠડે આઠ
ધર્મનો ગજાવો સાદ.

૯ નવડે નૌ,
હળી મળીને રહો સૌ.

૧૦ એકડે મીંડે દસ,
જીવન સાદાઇથી જીવીશ સરસ.

**શ્રી રમણીકલાલ કે. શાહ** (વાપી.)

❀ ❀ ❀

## તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરને !

**ઓ** તારક ગિરિવર ! તારા શિખરના અમે દૂરદૂરથી દર્શન કરી આનંદિત થઇએ છીએ, તારા શિખરનું મનોહર રમણીય સ્વરૂપ અમારી આંખોને ઠારે છે. અમારાં હૈયાને પ્રમુદિત બનાવે છે. અમારા તાપને અને સંતાપને ટાળે છે. ઓ પવિત્ર ગિરિરાજ ! તારાં દુ:ખભંજક ચરણે અમારાં વારંવાર નમન હોજો ! અમે દૂરદૂરથી તારા સુવર્ણ શિખરના દર્શન કરતા હતા, હવે તારી સમીપ આવી રહ્યા છીએ. દૂરદૂરથી નાનું દેખાતું શિખર કેવું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે, કેવી વિરાટ એની કાયા પથરાઈ રહી છે. ઓ ગિરિરાજ ! ક્યા શિખર પરથી તારી ભવ્ય વિરાટતાનાં દર્શન કરૂં ! અહિં મારી ગતિ થંભે છે. મારી વાણી અટકે છે, મારી મતિ વિરમે છે. અરે ઓ વિશ્વકલ્યાણ વિભૂતિ શ્રી શત્રુંજય તારો જય હો ! જય હો... ! ! આ તારી નિર્મલ પવિત્રતમ કંચનવર્ણી સુરેખકાયાના દુર દુરથી દર્શન કરી અમે અમારા પાપ ધોઇએ છીએ. તારા દર્શન કેટકેટલા અનેરા ભાવો જગાડે છે. કેટકેટલી આશાઓ અને ગતિઓ પ્રગટાવે છે.

તારા અનુપમ પ્રભાવદીપકની અખંડ જ્યોત જૈનશાસનમાં જ્વલંત રહો, એજ એક સદાની મંગલ અભિલાષા.

**શ્રી લલિતા બ્હેન શાહ.** (જામનગર)

❀ ❀ ❀

## શોધી લ્યો.

આપના દેહના અવયવો આપની સાથે સંતાકુકડી રમતાં નીચેના વાક્યોમાં છુપાઈ ગયા છે તો શોધી લ્યો......

(૧) તે માણસો નૌકામાં બેઠા અને નૌકા નદીને કિનારે કિનારે ચાલી.

(૨) સ્કુલમાં રજા ન પાડવા નિમિત્તે વિદ્યાર્થીઓમાં હોહા થઈ.

(૩) માણસે રૂપગર્વિષ્ઠ ન બનવું જોઇએ.

(૪) જમુ ખત્રી છે છતાં હાલ તે જૈનધર્મ પાળે છે.

(૫) કાંજી ભરેલું કાપડ વાપરવું હિતાવહ નથી.

(૬) કાન્તીલાલે તેને બહાર જવાની મના કરી હોવા છતાં તે ખરે બપોરે બજારમાં ગયો.

(૭) માનવી ઉંચો હોદ્દો મેળવે છતાં તેણે વિનય ન ચૂકવો જોઇએ.

(૮) જ્ઞાન સંપાદન કરવા માટે મસ્ત કર્મવીર એકલવ્યે ગુરુ દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવી-

ઉપરના વાક્યોમાં છુપાયેલાં નામો:-

**[૧] કાન [૨] હાથ [૩] પગ [૪] મુખ [૫] જીભ [૬] નાક [૬] નયન [૮] મસ્તક**

**સલોત કનૈયાલાલ અમૃતલાલ** (ભાવનગર

# મા ૦ સિ ૦ ક ૦ ટૂં ૦ કા ૦ સ ૦ મા ૦ ચા ૦ રો

**ભદ્રેશ્વર** તીર્થ [ કચ્છ ] માં પૂ. આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબા દિની પવિત્ર છાયામાં પોષ શુદિ ૧૧ થી ઉપધાનતપની શરૂઆત થઇ છે.

**આધોઇ** (કચ્છ) થી પૂ. પંન્યાસજી દીપવિજયજી મહારાજશ્રી આદિની નિશ્રાયે છ'રી પાળતો સંઘ નીકળેલ તે પોષ વદિ ૧૪ ના રોજ ચુડા સ્ટેશન જીનીંગ-પ્રેસમાં પધારતાં જીનીંગ-પ્રેસ તરફથી સંઘ જમણ અપાયું હતું. મહા શુદિ ૧૦ ના રોજ શ્રી સિદ્ધાચળજીની પવિત્ર છાયામાં પધારશે.

**બાંકલી** ( મારવાડ ) ખાતે પૂ પંન્યાસજી મેરૂવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ૨૦૫ ભાઇ-બ્હેનોએ ઉપધાનતપની આરાધના કરી હતી. માળનો મહોત્સવ ખુબજ સારી રીતે ઉજવાયો હતો.

**વસંતપંચમીના** રોજ પાલીતાણા ખાતે શ્રી મહાવીર મિત્રમંડળ તથા શ્રી જૈન યુવક મંડળનું એકીકરણ થયું છે, અને નવું નામ શ્રી મહાવીર મિત્ર જૈન યુવક મંડળ રખાયું છે અને તે અંગે શ્રીયુત ધીરજલાલ શેઠનાં પ્રમુખપણા નીચે એક મેળાવડો યોજાયો હતો.

**પૂ૦** આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયપદ્મવિજયજી મહારાજે લાગલાગટ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી છે. તે મહા શુદિ ૫ ના રોજ નિર્વિઘ્નપણે પૂર્ણ થતી હોવાથી ઘાટકોપર ખાતે શેઠ પદમશી શીવજીભાઇ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

**પૂ૦** આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં મદ્રાસ ખાતે ઉપધાનતપની આરાધના થતાં માળારોપણ અંગે પંદર દિવસનો મહોત્સવ શરૂ થયો હતો, ત્રણ દિવસની નવકારશી, વિવિધ રચનાઓ, માળનો ભવ્ય વરઘોડો, આંગી, રોશની, ભાવના વગેરે સુંદર ધર્મકાર્યો થયાં હતાં.

**પુના** શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી ૯૫ કેન્દ્રોમાં ૧૪૧૯ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. પરિણામ પ્રારંભિકમાં ૬૬-૭, પ્રવેશમાં ૮૪-૨, પરિચયમાં ૮૧-૪ અને પંડિત પરીક્ષામાં ૫૦ ટકા આવ્યું હતું. પ્રારંભિક પરીક્ષામાં પ્રથમ નંબરે વિદ્યાર્થી લલીતકુમાર ચંપકલાલ વાંકાનેર, પ્રવેશ પરીક્ષામાં શ્રી પ્રમીલાબેન મણીલાલ લુણાવાડા, પરિચય પરીક્ષામાં અ. સૌ. કાંતાબેન ચીમનલાલ પુનાકેમ્પ, અને પંડિત પરીક્ષામાં શ્રી પ્રવીણચંદ ઠાકોરલાલ બોધાન પ્રથમ નંબરે આવ્યા છે. દરેકને કલકત્તા નિવાસી શેઠશ્રી જીવણલાલ સોમચંદ તરફથી સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવશે. તેમજ અનુક્રમે ૧૫-૨૭-૩૯-૪૮ રૂા. ની શિષ્યવૃત્તિ અપાશે.

**પાલેજ** કપાસીયા હોલમાં રહેતા શ્રી ઇંદુલાલ મગનલાલ શાહ જૈનભાઈઓને નજીવી ફીમાં કોઇપણ જાતની વીમા પોલીસી તેમજ રેલ્વેની નુકશાનીના દાવાના નિકાલ અંગેનું કામકાજ સંતોષજનક કરી આપે છે.

**પૂ૦** પંન્યાસજી ચરણવિજયજી ગણિવરના સદુપદેશથી તેનીવાડા [ સિદ્ધપુર ] ખાતે જૈન પાઠશાળા શરૂ થઇ છે તેને માટે ધાર્મિક શિક્ષકની જરૂર છે. તો સંઘ ખાવા-પીવા, રહેવા વગેરેની સગવડતા આપશે, અને લાયકાત મુજબ પગાર આપશે. આ એડ્રેસે લખો. શાહ મફતલાલ મોહનલાલ વાયા, સિદ્ધપુર તેનીવાડા ( બનાસકાંઠા. )

મુંબઇ ખાતે પુણ્યશાળી આત્માઓ શ્રી બાબુલાલ, શ્રી ગણેશમલજી, શ્રી નેમચંદભાઈ તથા શ્રી નાનાલાલભાઇએ આ અસાર સંસારના સુખોપભોગો ત્યજીને મહા શુદિ ૪ ના રોજ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.

અમદાવાદના શ્રી જસવંતકુમાર હિંમતલાલે પૂ. આચાર્ય શ્રી હેમસાગરસૂરિજી મહારાજના શિષ્ય તરીકે કપડવણજ ખાતે પૂ. મુનિરાજશ્રી લબ્ધિસાગરજી મહારાજના હસ્તે દીક્ષા અંગીકાર કરી છે.

વલસાડવાળા શેઠશ્રી નગીનચંદ જવેરચંદે સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજીના સદુપદેશથી શ્રી સિદ્ધાચળજીની બાર ગાઉની પ્રદક્ષિણાનો છ'રી પાળતો સંઘ કાઢયો હતો. ૨૨૫ જેટલા યાત્રાળુ ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો.

ભદ્રેશ્વર તીર્થ ખાતે પૂ આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં એક જાહેર સભા યોજવામાં આવી હતી. કચ્છના નામદાર મહારાવશ્રીએ પશુવધ બંધ કરાવવાનો પ્રશંસનીય નિર્ણય લીધો છે એ બદલ સભા પરમ સંતોષની લાગણી અનુભવે છે અને શ્રી સંઘ અભિનંદન પાઠવે છે.

'સવા સોમાની કથા' એ નામની પુસ્તિકા એક આનો મોકલનારને ભેટ મળે છે. મંગાવવાનું સ્થળ: શ્રી કાંતિલાલ મહાદેવ માંડવી (કચ્છ)

શ્રી ખીમચંદ વોરાએ 'અભિશાપ' નામની એક નાટિકા તૈયાર કરી છે અને મુંબઇમાં ભજવાઇ પણ છે, એ નાટિકામાં જૈન મુનિનું પાત્ર છે. એ અંગે વિરોધનો ઉહાપોહ ઉઠયો છે. વોરાએ મહાપુરુષોની હાંસી કે આશાતના થાય એવું પાત્ર રજુ કરવું જોઇએ નહિ. એ પુસ્તિકામાં સુધારો કરાવવા ઘટતાં પગલાં લેવાં જરૂરી છે.

ગત જાન્યુઆરીના 'કલ્યાણ' ના અંકમાં 'પ્રભુ પારંગત થયા' એ લેખમાં શ્રી મહાવીર સ્વામિના નિર્વાણનો સમય ૧૨-૧૦ મીનીટનો જણાવ્યો છે તેના બદલે રાત્રીની છેલ્લી બે ઘડી બાકી રહે :નિર્વાણ થયું છે એટલે એટલો સુધારો સમજવો.

પૂ૦ પંન્યાસજી પ્રવીણવિજયજી મહારાજશ્રી રાજુના (મહારાષ્ટ્ર) સંઘના આગ્રહથી પોષ વદિ ૧૨ પધાર્યા છે. ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ તેમજ શાંતિસ્નાત્ર વગેરે ધર્મકાર્યો સારા પ્રમાણમાં થયાં હતાં.

શ્રી કેશરીયાજી તીર્થમાં પંડયાઓની કનડગત વધી રહી છે, એવા સમાચારો બહાર આવતા જાય છે. તો એને માટે લાગતાવળગતાઓએ તેમજ સંઘના અગ્રગણ્યોએ જાગૃત થવું જરૂરી છે.

'જો હું હિંદનો વડોપ્રધાન હોઉં તો' આ નિબંધ હરિફાઇનાં લખાણો અમને મળી ગયાં છે, પણ તેનું પરિણામ સંજોગવશાત્ બહાર પાડવું રહી ગયું છે, તે આગામી અંકે પ્રગટ થશે.

સાવરકુંડલા ખાતે સાધ્વી શ્રી માર્ગોદયાશ્રીજીની તથા સાધ્વી શ્રી નિત્યોદયાશ્રીજીની વડીદીક્ષા મહા શુદિ ૬ ના રોજ પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવરના વરદહસ્તે થઇ હતી. જેઓએ માગશર શુદિ ૩ ના રોજ ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી.

# વાર્ષિક વિષયાનુક્રમણિકા ! અંક ૧ થી ૧૨


### અંક ૧ લો.

| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| સંપાદકનો પત્ર | સં૦ | ૧ |
| મધપૂડો | શ્રી મધુકર | ૨ |
| નવાં પ્રકાશનો | શ્રી ચંદ્ર | ૪ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૯ |
| આફ્રિકા અંગેનો પત્ર | શ્રી અજ્ઞેય | ૧૯ |

### અંક ૨ જો.

| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| સંપાદકીય નિવેદન | સંપાદક | ૨૫ |
| તીર્થનો મહિમા | પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. | ૨૭ |
| તારે તે તીર્થ | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૩૦ |
| માતર, ભોયણી અને પાનસર | શ્રી અભ્યાસી | ૩૪ |
| શ્રી શંખેશ્વરજી | શ્રી પ્રશમ | ૩૯ |
| તારંગાતીર્થ | શ્રી જયંતિ શાહ. | ૪૦ |
| શેરીસાતીર્થ | શ્રી પ્રશમ | ૪૬ |
| રાંતેજતીર્થ | શ્રી ચંદ્ર | ૫૦ |
| સ્થિરપુરનગર | શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા | ૫૨ |
| શ્રી ભોરોલતીર્થ | શ્રી પુનમચંદ નાગરદાસ | ૫૫ |
| શ્રી ભીલડીયાજી | શ્રી પ્રશમ | ૫૮ |
| સ્થંભનતીર્થ | શ્રી રમેશચંદ્ર ઠાકોરલાલ | ૫૯ |
| કાવીતીર્થ | શ્રી અભ્યાસી | ૬૧ |
| સાસુ-વહુનો સંવાદ | સં. કીશનચંદ ચુનીલાલ શાહ. | ૬૬ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૬૭ |
| શંકા-સમાધાન | સ. પૂ. આ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૭૧ |
| ધન્ય દૃઢતા | પૂ. મુ. જયંતવિજયજી મ. | ૭૫ |
| કર્મબંધના હેતુ | શ્રી ખુબચંદ કેશવલાલ | ૭૯ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૮૨ |
| ભ૦ મહાવીર | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૮૬ |
| તત્ત્વજ્ઞાન | પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. | ૯૧ |
| યાદગાર પ્રસંગ | શ્રી અમૃતલાલ છ. શાહ | ૯૬ |
| ખાડો ખોદે તે પડે | પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી મ. | ૧૦૩ |
| વેદનાઓમાંથી મુક્ત થવાની ચાવી | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૧૦૫ |
| તપશ્ચર્યા | પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. | ૧૦૯ |
| આપણી વાતચીત | સંપાદકીય | ૧૧૨ |
| HEARTY BLESSINGS : | PANYAS PRAVINVIJAYAJI | 115 |
| જુનું-નવું | શ્રી જયંતિલાલ ઝવેરી | ૧૧૬ |
| શ્રી શત્રુંજયાદિ તીર્થો | પૂ. પં. શ્રી કનકવિજયજી મ. | ૧૧૯ |
| શ્રી ગીરનારજી | ,, | ૧૩૦ |
| શ્રી ગિરિરાજની યાત્રાએ | શ્રી પન્નાલાલ જ. મશાલીઆ | ૧૩૭ |
| તીર્થરક્ષા | શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ. | ૧૪૧ |
| યાત્રાસ્થાનો | શ્રી અનામી | ૧૪૨ |
| શીયાણીતીર્થ | શ્રી ગવેષક | ૧૪૩ |
| મંગલ-ભેરી | શ્રી અજ્ઞેય | ૧૪૪ |
| મંગલ પ્રયાણ | કાર્યાલય | ૧૫૩ |

### અંક ૩ જો

| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| વર્ષીતપનો મહિમા | પૂ૦ આ૦ શ્રી વિજયજમ્બૂસૂરિજી મ૦ | ૧૬૭ |
| તીર્થયાત્રા | શ્રી હસમુખલાલ દીપચંદ | ૧૬૯ |
| તીર્થમહિમા | શ્રી મફતલાલ સંઘવી | ૧૭૧ |
| ભદ્રેશ્વરજી તીર્થ | પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ | ૧૭૪ |
| રાપરતીર્થ | શ્રી યાત્રિક | ૧૭૯ |
| દેલવાડાનાં જિનમંદિરો | શ્રી રમણિકલાલ ન. વાઘાણી | ૧૮૦ |
| આબુ-દેલવાડા | શ્રી એન. બી. શાહ | ૧૮૩ |
| કલા-શીલ્પ-સ્થાપત્ય | શ્રી કૃષ્ણકાંત લંગાલીઆ | ૧૮૬ |
| ગોડવાડની પંચતીર્થી. | શ્રી જયંતિલાલ શાહ | ૧૯૦ |
| રાણકપુરનો જીર્ણોદ્ધાર | શ્રી અંબાલાલ શાહ | ૧૯૩ |
| શ્રી નાકોડાજી | પુ૦ મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મ૦ | ૧૯૫ |
| શ્રી લોદ્રવાજી | વૈદરાજ કાંતિલાલ દેવચંદ | ૧૯૭ |
| પૂર્વદેશનાં તીર્થો | શ્રી સુકેતુ | ૧૯૯ |
| ભોપાવર | શ્રી પ્રવાસી | ૨૦૩ |
| જીરાપલ્લી | ,, | ૨૦૭ |

સમેતશિખર ,, ૨૦૮
અંતરીક્ષજી તીર્થ પૂ૦ મુનિરાજ શ્રી
વિધાનંદવિજયજી મ૦ ૨૧૧
અષ્ટાપદ મહાતીર્થ પૂ. મુનિરાજ શ્રી
અભયસાગરજી મ૦ ૨૧૪
શ્રી સિદ્ધાચલજી યાત્રા શ્રી પન્નાલાલ જ.
મશાલીઆ ૨૧૯

**અંક ૪ થો**

સામુદાયિક ઉત્સવોનું આયોજન શ્રી. ૨૨૫
ઉત્તર ગૂજરાતનું વડનગર શ્રી જશવંત ડી શાહ ૨૨૭
દ્રવ્યાનુયોગની મહત્તા પૂ. પં. શ્રી
ધુરંધરવિજયજી મ૦ ૨૩૧
જ્ઞાનગોચરી શ્રી ગવેષક ૨૩૪
લીંબાજી ઠાકોર પૂ. પં. શ્રી ચરણવિજયજી મ. ૨૪૨
શંકા—સમાધાન પૂ. આ. શ્રી
વિજયલબ્ધિસૂરિજી મ. ૨૪૬
ઇતિહાસની નવરચના શ્રી જ્યોતીન્દ્ર દવે ૨૪૯
જાણવા જેવું પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. ૨૫૨
અમીઝરણાં પૂ. આ શ્રી
વિજયરામચંદ્રસૂરિજી મ. ૨૫૫
બાલજગત જુદા જુદા લેખકો ૨૫૮
કંજુસનું ધન બાલમુનિરાજ શ્રી
હરિભદ્રવિજયજી મ. ૨૭૦
સમયનાં ક્ષીર-નીર શ્રી સંજય ૨૭૨
વિજયશેઠ—વિજયાશેઠાણી મુનિરાજ શ્રી
કીર્તિવિજયજી મ. ૨૭૭
સમાચાર સંચય ૨૭૯

**અંક ૫ મો**

માનવતાવાદ શ્રી ૨૮૧
સમયનાં ક્ષીર-નીર શ્રી સંજય ૨૮૩
ગિરિરાજની યાત્રાએ
શ્રી પન્નાલાલ જ૦ મશાલીઆ ૨૮૭
શ્રી સાગરચંદ્ર મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ૨૯૨
આજે આમ થઈ રહ્યું છે. શ્રી રેવચંદ તુળજારામ ૨૯૬
હટ ભૂંડા ! શ્રી અમૃતલાલ છ. શાહ ૨૯૭
કર્મબંધનો હેતુ શ્રી ખુબચંદ કેશવલાલ ૩૦૦
સેવાધર્મ શ્રી કાંતિલાલ બી. શાહ ૩૦૨
શ્રીમંતો ! શ્રી સતારબ્હેન-કલકત્તા ૩૦૭
જીંદગાનો વીમો જ્યોતીન્દ્ર દવે ૩૧૦
શંકા-સમાધાન
પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૩૧૫
વિજયશેઠ-વિજયાશેઠાણી
મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૩૧૯
દ્રવ્યાનુયોગની મહત્તા
પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૩૨૨
પ્રભુ મહાવીરદેવ સુંદરલાલ ચુનીલાલ M. A. ૩૨૫
પામર પ્રાણી શ્રી ઈંદ્રવદન ચી. શાહ ૩૨૮
રાષ્ટ્રવાણી જુદા-જુદા લેખકો ૩૩૧

**અંક ૬ ઠ્ઠો.**

રાજકારણ અને ધર્મ શ્રી ૩૩૯
સમયનાં ક્ષીર-નીર શ્રી સંજય ૩૪૧
ગ્રંથાવલોકન શ્રી ચંદ્ર ૩૪૫
એ જેમ કહે તેમ કરજો
પૂ. મુ. શ્રી ભાનુચંદ્રવિજયજી મ. ૩૪૮
આદર્શ ગુરુભક્તિ પૂ. મુ. શ્રી જયંતવિજયજી મ. ૩૫૨
અધિકારનો વિચાર શ્રી ઉજમશી જુઠાલાલ ૩૫૭
સારા મુહૂર્તનું પરિણામ સાંભળનાર ૩૬૦
અમીઝરણાં
પૂ આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૩૬૬
નવકારમંત્રનો પ્રભાવ
પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૩૭૦
શંકા-સમાધાન
પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૩૭૩
મધપૂડો શ્રી મધુકર ૩૭૭
સિધ્ધાચલજીની વાટે શ્રી પન્નાલાલ જ. મશાલીઆ ૩૮૧
બાલજગત જુદા જુદા લેખકો ૩૮૬
ચાતુર્માસિક સ્થળો કાર્યાલય તરફથી ૩૯૧
સમાચાર ,, ૩૯૮

**અંક ૭ મો.**

પર્વાધિરાજના પવિત્રતમ પ્રસંગે શ્રી ૩૯૯
હમારી રાષ્ટ્રભાષા સંપાદક ૪૦૧
શંકા-સમાધાન
સ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ૪૦૩
તૃષ્ણા અને ત્યાગ શ્રી અમૃતલાલ છ. શાહ ૪૦૫
સ્થાપનાચાર્ય કલ્પ શ્રી ચંદનમલ નાગોરી. ૪૦૭

માનસ સરોવરના હંસાને પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. ૪૧૦
ક્ષમાપના શ્રી જયકીર્તિ ૪૧૬
કલદારની કરામત શ્રી એન. બી. શાહ ૪૧૮
મનુષ્યના સો-વર્ષ મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ૪૨૨
નવકારમંત્રનો પ્રભાવ મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૪૩૩
અમીઝરણાં પૂ. આ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી ૪૨૭
પાઠશાળાએ શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ ૪૨૯
જેમ કહે તેમ કરજે મુ. શ્રી ભાનુચંદ્રવિજયજી મ. ૪૩૨
ઝગડીઆ તીર્થ શ્રી સાંભળનાર ૪૩૫
ડંખ ધીરજલાલ ગી. શાહ ૪૪૧
પવિત્ર ફરજ શ્રી હિંમતલાલ પી. શાહ ૪૪૩
મોટા પોશીનાજી શ્રી ચંપકલાલ લ. મહેતા ૪૪૫
કરૂણ મૃત્યુ મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. ૪૪૭
શ્રી સિદ્ધાચલજી શ્રી પન્નાલાલ જ. મશાલીઆ ૪૪૯
'કલ્યાણ' માસિક મુ. શ્રી બાલચંદ્રજી મ. ૪૫૧
પર્વાધિરાજ શ્રી રમણુલાલ કે. શાહ ૪૫૨
રે, પર્વાધિરાજ ! શ્રી સતાર ૪૫૩
પ્રતિક્રમણનો ઉદ્દેશ શ્રી વાડીલાલ કાકુભાઇ ૪૫૪
ક્ષમાપનાનું રહસ્ય શ્રી ધીરૂભાઈ બગડીઆ ૪૫૫
માનવતા મુ. શ્રી હંસસાગરજી મ. ૪૫૭
સંવત્સરની સંધ્યાએ શ્રી પુનમચંદ ના. દોશી ૪૬૦
પ્રાયશ્ચિતની પરાકાષ્ટાએ શ્રી કીર્તિકુમાર વોરા ૪૭૨


### અંક ૮ મો


સંપાદકીય સંપાદક ૪૭૯
સિદ્ધાચલની વાટે શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૪૮૦
બાલજગત જુદા-જુદા લેખકો ૪૮૩
દ્રવ્યાનુયોગ પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૪૮૪
પુસ્તકોનું વાંચન શ્રી દીલીપકુમાર શાહ ૪૮૬
જીવનનાં મોતી સંગ્રહિત ૪૮૮
ત્રણ મસ્તક શ્રી અમૃતલાલ છ. કોઠારી ૪૯૦
શંકા-સમાધાન પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૪૯૨
રાષ્ટ્રવાણી જુદા-જુદા લેખકો ૪૯૪
અગ્નિપરીક્ષા શ્રી શશીકાંત જે. વકીલ ૪૯૭
કર્મબંધનો હેતુ શ્રી ખુબચંદ કેશવલાલ ૫ ૧
મને મળ્યો- શ્રી નવીનચંદ્ર વાડીલાલ શાહ ૫૦૪
મહામંત્રની શોધમાં મુ. શ્રી જયપદ્મવિજયજી મ. ૫૦૬
પરોપકાર માટે- શ્રી ધીરજલાલ ગીરધરલાલ ૫૦૭
ઝગડીઆ તીર્થ શ્રી સાંભળનાર ૫૦૯


### અંક ૯ મો.


સત્તાદ્વારા સુશાસન તોજ- શ્રી. ૫૩૩
સમયનાં ક્ષીર-નીર શ્રી સંજય ૫૩૫
શ્રી વસ્તુપાલ શાંતિલાલ મ. શાહ ૫૩૮
શાંતિનો ખરો માર્ગ મુ. શ્રી ભુવનવિજયજી મહારાજ ૫૩૯
સટ્ટાના ચક્કરમાં શાંતિ ઝવેરી. ૫૪૧
શંકા-સમાધાન સ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસુરિજી મ. ૫૪૫
મધપૂડો શ્રી મધુકર ૫૪૮
જ્ઞાન ગોચરી શ્રી ગવેષક ૫૫૨
સાહિત્ય જગત શ્રી. ૫૫૫
સહયોગી સામયિકો શ્રી. ૫૫૭
જૈનધર્મની ઓળખાણ શ્રી કાન્તિલાલ મો. ત્રિવેદી ૫૫૮
ઝગડીઆ તીર્થ શ્રી સાંભળનાર ૫૬૦
રાષ્ટ્રવાણી ઉધ્ધૃત ૫૬૪
પ્રતિક્રમણાદિ ક્રિયા પૂ. પં. ભદ્રંકરવિજય મ. ૫૬૭
દ્રવ્યાનુયોગની મહત્તા પૂ. પં. ધુરંધરવિજયજી મ. ૫૭૧
સ્વપ્નાની બોલી પૂ. આચાર્યદેવાદિ ૫૭૩
સ્વતંત્રતાનું સરવૈયું શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ ૫૭૭


### અંક ૧૦ મે.


પ્રાણીઓનું કોણ ? શ્રી. ૫૯૧
દ્રવ્યાનુયોગની મહત્તા પૂ. પ. શ્રી ધુરંધરવિજયજી મ. ૫૯૩
વચન પુષ્પાંજલી પૂ. પં. શ્રી પ્રવીણુવિજયજી મ. ૫૯૬
સુખનું સાધન પૂ. મુ. શ્રી હેમચંદ્રવિજયજી મ. ૫૯૭
જૈનધર્મની ઓળખાણ કાંતિલાલ મો. ત્રિવેદી ૫૯૮
ધન્ય સમતા પ્રવિણચંદ્ર એમ. શાહ ૫૯૯
ઝગડીઆ તીર્થ સાંભળનાર ૬૦૧
શાંતીનો માર્ગ મુ. શ્રી ભુવનવિજયજી મ. ૬૦૪
શંકા-સમાધાન પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૬૦૭
કર્મબંધના હેતુઓ ખુબચંદ કેશવલાલ ૬૦૮
બાલજગત જુદા જુદા લેખકો ૬૧૧
શ્રી મહાવીરદેવ મુ. શ્રી નિરંજનવિજયજી મ. ૭૧૬

ગ્રંથાવલોકન — શ્રી સૌમ્ય. ૬૧૯

ટૂંકા સમાચાર — સંગૃહિત ૬૨૧

**અંક ૧૧ મો**

બોલો તો તોલીને બોલજો — પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. ૬૩૧

શંકા-સમાધાન — પૂ. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૬૩૩

ભાભીનું ઋણ — શ્રી કનૈયાલાલ સલોત ૬૩૫

ઝઘડીઆ તીર્થ — શ્રી સાંભળનાર ૬૩૮

બીડીનું વ્યસન — વનેચંદ પી. શાહ ૬૪૧

શબ્દના ઘા — શ્રી વિજય ૬૪૨

જૈનધર્મની ઓળખાણ — શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી. ૬૪૪

સામયિકો અને રીપોર્ટો — શ્રી ચંદ્ર ૬૪૬

આ બધી મૃગજળ નથી કે? — શ્રી હિંમત દોશી ૬૪૮

સેવાનો બદલો — શ્રી એન. બી. શાહ ૬૫૦

કર્મબંધના હેતુઓ — શ્રી ખુબચંદ કેશવલાલ શાહ ૬૫૩

અમીઝરણાં — પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૬૫૫

દ્રવ્યાનુયોગની મહત્તા — પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૬૫૭

ધન્ય ક્ષમા — બાલમુનિ રાજેંદ્રવિજયજી મ. ૬૫૯

પારંગત થયા — શ્રી બાબુલાલ શાહ ૬૬૧

સિદ્ધાચળજીની વાટે — શ્રી પન્નાલાલ જ. મશાલીઆ ૬૬૩

શ્રી કાનજીસ્વામી — પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મ. ૬૬૭

**અંક ૧૨ મો.**

વર્ષની વિદાય વેળાએ. — સોમચંદ શાહ ૬૮૧

ઝગડીઆતીર્થ — શ્રી સાંભળનાર ૬૮૩

ઈન્સાનીયત — શ્રી અવિનાશ ૬૮૬

સુખ અને દુઃખ — શશિકાંત જેઠાલાલ વકીલ ૬૮૮

શંકા-સમાધાન — પૂ. આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ૬૯૧

પેટ કરાવે વેઠ — હિંમતલાલ પી. શાહ ૬૯૩

જ્ઞાનગોચરી — જુદા જુદા લેખકો ૬૯૬

ગ્રંથાવલોકન — શ્રી ચંદ્ર ૭૦૭

દ્રવ્યાનુયોગની મહત્તા — પૂ૦ પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૭૦૩

શ્રી સમેતશીખરજીનો સંઘ. — અહેવાલ ૭૦૬

તર્ક કે તર્કાભાસ — પૂ. મુનિરાજ શ્રી રવિવિજયજી મ. ૭૦૮

રત્નકણિકાઓ — મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ. ૭૧૧

બાલજગત — જુદા જુદા લેખકો ૭૧૨

માસિક સમાચારો — ૭૧૬

વાર્ષિક વિષયાનુક્રમ — ૭૧૮



## નૂતન પ્રકાશન

**ભગવતિસૂત્રનાં વ્યાખ્યાનો** ભાગ ૨ જો

પૂ૦ આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીજી મહારાજ સાહેબે ભગવતિસૂત્રનાં જે વ્યાખ્યાનો આપેલાં તેનો સંગ્રહ છે. ૫૫૬ પેજ, પાકું બાઈન્ડીંગ મૂલ્ય ૩-૦-૦ ૧ લા ભાગની પણ ત્રણ રૂા. કિંમત છે.

સોમચંદ ડી. શાહ, **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)




**સ્વ. શ્રી પ્રવીણકુમાર હરિભાઈ**

ચાર વર્ષની નાની ઉંમરમાં ધર્મના કેવા સુંદર સંસ્કારો પડયા હતા અને અંતે કેવું સમાધિ મરણ થયું હતું. તેના માટે જુઓ પેજ નં. ૬૯૮.

## નવા સભ્યો અને સહકાર

રૂ. ૨૧) પૂ પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં ઉજવાયેલ કુમારિકા શ્રી **મધુબ્હેન** (માર્ગોદયાશ્રીજી) તથા બાલકુમારિકા શ્રી **નિર્મળાબ્હેન** (નિત્યોદયાશ્રીજી) દોશીની ભાંગવતિ દીક્ષા મહોત્સવની પુણ્ય સ્મૃતિ નિમિત્તે.

રૂ. ૨૫) શ્રી દલીચંદ રાયચંદ કાંટાના વેપારી સાવરકુંડલા. પૂ. પંન્યાસશ્રી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ મુનિરાજ **શ્રી મહિમાવિજયજી મહારાજ**શ્રીની શુભપ્રેરણાથી.

રૂ ૧૧) દોશી દલીચંદ પ્રેમચંદ સાવરકુંડલા ઉપર મુજબ પૂ મહારાજશ્રીની શુભપ્રેરણાથા.

રૂ. ૧૧) શાહ મોતીજી વીરચંદ પુનાસીટી પૂ પંન્યાસશ્રી **પ્રવીણવિજયજી મહારાજશ્રી**ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી મહિમાવિજયજી મહારાજશ્રી**ની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧) શાહ લખમાજી હરનાથજી પુનાસીટી ઉપર મુજબ પૂ મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧) શેઠશ્રી લલ્લુભાઇ કરમચંદ મુંબઇ. શ્રી જયંતિલાલ લલ્લુભાઇની સુપુત્રી ચિ. બ્હેન **જશુમતિબ્હેનનાં** શુભલગ્ન નિમિત્તે

રૂ. ૧૧) શાહ કેશરીમલ કપુરચંદ અમદાવાદ.

રૂ. ૧૧) શાહ પોપટલાલ મુળજીભાઇ કોચીન.

**શ્રી તારાચંદ ડી. શાહ** (ટોળીયા) નૈરોબીવાળાની શુભ પ્રેરણાથી થયેલા નૈરોબીના સભ્યોનાં નામ નીચે મુજબઃ–

રૂ. ૧૩) શાહ પ્રેમચંદ જીવરાજ નૈરોબી.

રૂ. ૧૩) મેસર્સ કરમશી એન્ડ કું. નૈરોબી.

રૂ. ૧૩) શાહ જગજીવનદાસ પુલચંદ નૈરોબી.

રૂ. ૧૩) શાહ હીરજી મેરગની કું. નૈરોબી.

રૂ. ૧૩) શ્રી ડોડીઆ ટ્રેડીંગ સ્ટોર. નૈરોબી.

રૂ. ૧૧) શાહ મફતલાલ ખુબચંદ ડભોઈ.

રૂ. ૧૧) શાહ લલ્લુભાઈ પીતામ્બર મુંબઇ.

રૂ. ૧૩) શાહ ધરમશી પાંચાભાઇ નૈરોબી

રૂ. ૧૧) શ્રી રતનલાલ માણેકચંદ સુરાણા સોલાપુર. પૂ. મુનિરાજશ્રી **ગૌતમસાગરજી મહારાજ**શ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧) શ્રી મહાવીર જૈન ગ્રંથાલય નિજયવડા.

રૂ. ૧૧) શ્રી મોહનલાલ તુકારામ રહિમતપુર.

રૂ ૧૧) શ્રી એસ. એમ. મણીઆર પુના–૨.

રૂ. ૧૧) શ્રી પન્નાલાલ વાડીલાલ શાહ શંખલપુર.

રૂ. ૧૧) શ્રી બાબુલાલ વિઠ્ઠલદાસ શંખલપુર.

રૂ. ૧૧) ગાંડાલાલ પોપટલાલ શંખલપુર.

ઉપરના શંખલપુરના ત્રણે સભ્યો શ્રી દીપચંદ ટી. શાહ ટુવડવાળાની શુભપ્રેરણાથી થયા છે.

રૂ. ૧૧) વલ્લભદાસ છબીલદાસ દાદર.

રૂ. ૧૧) તારાચંદ મુળજીભાઇ ભોઇકા.

રૂ. ૧૧) શ્રી તારાલક્ષ્મી C/o સવાઇચંદ ઝવેરભાઈ વડોદરા


તાજેતરમાં પ્રસિદ્ધ થઇ ચૂકયું છે.

### દી પ મા લ

લે. પૂ૦ પ. શ્રી કનકવિજયજી ગણિવર

મહાગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષરરત્ન **શ્રીયુત્ મોહનલાલ ધામીના** મંગળવચન સાથે.

પાકુંપુઠું, વિવિધ કલરોમાં આખોય ગ્રન્થ છપાયો છે. આકર્ષક ગેપઅપ, ત્રિરંગી જેકેટ છતાં

મુલ્ય ૧–૪–૦ (પોસ્ટેજ જુદું)

૧ શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા, ઠે. દીવાનચોક, જુનાગઢ.

Regd. No 4925.

# પ્રભાવના ઉપયોગી ધાર્મિક પ્રકાશનો.

| | |
|---|---|
| શત્રુંજય ઉદ્ધાર રાસ | ૦—૨ |
| " હિન્દી | ૦—૪ |
| આત્મભાવના સંગ્રહ | ૦—૨ |
| દર્શન ચોવીશી | ૦-૧૦ |
| આરાધના સંગ્રહ | ૦—૫ |
| અંતસમયની આરાધના | ૦—૨ |
| રત્નાકર પચ્ચીસી | ૦—૨ |
| નેમનાથનો શ્લોકો | ૦—૨ |
| ચૌદ નિયમની બુક | ૦—૨ |
| બાર વ્રતની ટીપ | ૦—૩ |
| સ્નાત્રપૂજા | ૦—૩ |
| દેવપાલ કથા | ૦—૨ |
| સવા-સોમા કથા | ૦—૪ |
| અક્ષયતૃતીયા કથા | ૦—૩ |
| નવાણુંયાત્રાની વિધિ | ૦—૨ |
| વિમલ જ્યોત | ૦—૫ |
| ગુણસાર કથા | ૦—૮ |
| હરિબલ મચ્છીની કથા | ૦—૮ |
| જ્ઞાનપંચમીની કથા | ૦—૮ |
| મૌન એકાદશીનો મહિમા | ૦—૯ |
| પોષ દશમીનો મહિમા | ૦—૮ |
| જય-વિજયની કથા | ૦—૮ |
| હંસરાજાની કથા | ૦—૬ |
| અખાત્રીજનો મહિમા | ૦-૧૨ |
| કરીયાવર | ૧—૦ |
| નવકાર પાઠાવલિ | ૦—૮ |
| પચ્ચક્ખાણના કોઠા | ૦—૧ |
| શારદાપૂજનની વિધિ | ૦—૩ |
| રાજા શ્રીપાળ | ૦—૮ |
| સ્થાપનાજી પાકા પુંઠાના | ૦—૧ |

| | |
|---|---|
| પ્રશ્નોત્તર રસધારા | ૦—૮ |
| નવસ્મરણ લોકેટ | ૧—૦ |
| અનાનુપૂર્વિ | ૦—૨ |
| મૌન એકાદશીનું ગણુણું | ૦—૨ |
| સામાયિક સૂત્ર | ૦—૩ |
| બે પ્રતિક્રમણ મૂળ | ૦—૬ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૦-૧૨ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ૧—૮ |
| સામાયિક સૂત્ર હિન્દી | ૦—૩ |
| સુધારસ સ્તવનાવલિ | ૦—૬ |
| નૂતન સ્તવનાવલિ | ૦—૪ |
| ઉત્તમ સ્તવનાવલિ | ૦—૪ |
| આઠ દૃષ્ટિની સજ્ઝાય અર્થ સહિત | ૦—૮ |
| સમકિત સડસઠ બોલની સજ્ઝાય અર્થ સહિત | ૦—૪ |
| ભક્તિસુધાતરંગિણી | ૦-૧૦ |
| **સાપડાઓ** | |
| ૫×૧૦ સાઇઝ | ૦-૧૦ |
| ૪×૮ " | ૦—૪ |
| ૩×૬ " | ૦—૨ |
| ૧॥×૩ " | ૦—૧ |
| માળા (ચાલુ) | ૦—૨ |
| જિનેન્દ્ર સ્તવનાવલિ | ૧—૦ |
| પ્રાચીન સ્તવનાવલિ | ૧—૦ |
| નવસ્મરણ | ૦-૧૦ |
| પૌષધ વિધિ | ૦—૪ |
| કર્મપ્રકૃતિ મૂળ | ૦—૮ |
| છ કર્મગ્રંથ મૂળ | ૦—૮ |
| બે પ્રતિક્રમણ મૂળ હિન્દી | ૦-૧૦ |
| નિત્યનોંધ | ૦—૨ |

**પ્રભાવના કરનારનું નામ છાપવું તો હશે પુસ્તક ઉપર છાપી આપીશું.**

## સોમચંદ ડી. શાહ ઠે. જીવનનિવાસ સામે પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મુદ્રક : કીરચંદ જગજીવન શેઠ. કલ્યાણ પ્રીં પ્રેસ-પાલીતાણા